પાના ૮ , કિંમત ૩.૨, તા. ૧૮-૧૧-૨૦૨૬-બુધવાર, સુરત

સાંધ્ય દૈનિક

પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૨૮૭ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

વાવાઝોડું અકવાન આંધ્ર પ્રદેશ તરફ આગળ વધ્યું

૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વાવાઝોડું તા. ૨૦મીએ નેલ્લોર અને વિશાખાપટ્ટનમ વચ્ચે ટકરાશે

નવી દિલ્હી, તા. ૧૮

બંગાળની ખાડીમાં ઉદ્ભવેલું ચક્રવાતી તોફાન અકવાન બુધવારે વધુ શક્તિશાળી બન્યું છે. તે ૧૦૦-૧૧૦ કિમી પ્રતિ કલાકની ઝડપે આંધ્ર પ્રદેશ તરફ આગળ વધી રહ્યું છે. તે ૨૦ નવેમ્બરની બપોરે નેલ્લોર અને વિશાખાપટ્ટનમ વચ્ચે યનમ કિનારે ટકરાઈ શકે છે.

તે સમયે પવનની ઝડપ ૧૩૦થી ૧૪૫ કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની આશંકા છે. જેને પગલે આંધ્ર પ્રદેશ, ઓડિશા અને તેલંગાણામાં આગામી ચાર દિવસ માટે વરસાદનું ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ સાથે તમિલનાડુમાં પણ ચક્રવાતી તોફાનની અસર જોવા મળશે.

આ દરમિયાન, પહાડો પર હિમવર્ષા અને વરસાદને કારણે ઉત્તરાખંડમાં ઠંડી વધી છે. ઘણા રાજ્યોમાં રાત્રિનું તાપમાન ૧૦C સુધી પહોંચી ગયું છે. ગંગોત્રીમાં હિમવર્ષા બાદ તાપમાન માઈનસ ૧૪°C સુધી ઘટી ગયું છે.

ઉત્તર ભારતમાંથી ફૂંકાઈ રહેલા બરફીલા પવનને કારણે રાજસ્થાનમાં ઠંડી વધી ગઈ છે. સતત બીજા દિવસે રાજ્યના અનેક શહેરોમાં તાપમાન ૫°C સુધી ઘટી ગયું. સીકર નજીક ફતેહપુરમાં લઘુત્તમ તાપમાન ૭.૪°C નોંધાયું, જ્યારે માઉન્ટ આબુમાં તાપમાન આશરે ૧૦.૭C રહ્યું.



બંગાળની ખાડીમાં બનેલા તોફાન અકવાનની અસર મધ્ય પ્રદેશમાં પણ જોવા મળશે. IMDએ ૨૦ અને ૨૧ નવેમ્બરે જબલપુર, રીવા, શહડોલ, નર્મદાપુરમ અને ઈન્દોર વિભાગમાં વાવાઝોડા સાથે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે.

પહાડો પર હિમવર્ષાને કારણે યુપીમાં ઠંડી વધી ગઈ છે. સવારે અને રાત્રિના સમયે ગાઢ ધુમ્મસ છવાઈ રહ્યું છે. દૃશ્યતા ૧૦ મીટર રહી ગઈ છે. ધુમ્મસને કારણે એક્સપ્રેસ-વે પર વાહનોની સ્પીડ લિમિટ ઘટાડી દેવામાં આવી છે. ૧૧.૧ઝ સાથે બરેલી સૌથી ઠંડું શહેર રહ્યું. સમસ્તીપુર, બેગુસરાય, બગહા અને સુપૌલમાં બુધવારે સવારે ગાઢ ધુમ્મસ છવાયું છે. વિઝિબિલિટી ૧૦૦ મીટર છે. બિહારમાં ઠંડીની અસર પણ દેખાવા લાગી છે. લઘુત્તમ તાપમાન ૨થી ૪°C સુધી ઘટી ગયું છે. અરવલ ૧૩.૪ઝ લઘુત્તમ તાપમાન સાથે સૌથી ઠંડો જિલ્લો રહ્યો.

આતંકી લતીફ ભટને સરેન્ડર કરવા સુરક્ષા દળે તક આપી હતી

મારે અલ્લાહને મળવું છે , સરેન્ડર નહીં કરું.. તેમ લતીફ ભટે કહ્યું હતું

નવી દિલ્હી, તા. ૧૮

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં બુધવારે સવારે સુરક્ષા દળોએ લશ્કર-એ-તૈયબાના આતંકવાદી લતીફ ભટને એન્કાઉન્ટરમાં ઠાર માર્યો. તે એક મસ્જિદની અંદર છુપાયો હતો.

મુઠભેડ પહેલાં જવાનોએ તેને વીડિયો કૉલ કરીને સરેન્ડર કરવા કહ્યું. પોલીસ અધિકારીએ તેને કહ્યું, 'અમે તમારી સાથે છીએ, જીવન હજુ બાકી છે.' લતીફે જવાબ આપ્યો, 'મારે અલ્લાહને મળવું છે. હું ખૂબ ખુશ છું. સરેન્ડર નહીં કરું.'

સુરક્ષા દળોના જણાવ્યા અનુસાર, લતીફે ઉમર નિસાર ડાર સાથે ૧૧ નવેમ્બરે નૌપોરા અખરાનમાં CRPFની પોસ્ટ પર ફાયરિંગ કર્યું હતું. ત્યારથી બંને ફરાર હતા. ૧૬ નવેમ્બરે અખરાનના લારૂ વિસ્તારમાં પોલીસે બંને આતંકીઓને ઘેરી લીધા હતા. ગોળીબારમાં ઉમર માર્યો ગયો, પરંતુ લતીફ ભાગી જવામાં સફળ રહ્યો હતો. તેના પગમાં ગોળી વાગી હતી. ત્યારબાદ સમગ્ર વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું હતું. લતીફ પર પોલીસે ૧૫ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. તે ૨૦૨૫ની શરૂઆતમાં ઘરેથી ગુમ થઈ ગયો હતો. ત્યારબાદ તેના પરિવારે ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. બાદમાં પાકિસ્તાનમાં બેઠેલા ઓપરેટિવ સજ્જાદ ગુલે તેને લશ્કર-એ-તૈયબા અને તેના પ્રોક્સી નેટવર્ક TRFમાં ભરતી કર્યો હતો. લતીફે અશમુજીની સરકારી હાયર સેકન્ડરી સ્કૂલમાંથી ૧૨મા ધોરણ સુધી અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ તેણે થોડો સમય કુલગામની સરકારી ડિગ્રી કૉલેજમાં અભ્યાસ કર્યો અને પછી સુથારનું કામ કરવા લાગ્યો. ઉમરે લતીફને છ મહિના સુધી આશરો આપ્યો હતો. બંનેએ હુમલા પહેલાં અનેક વિસ્તારોની રેકી કરી હતી.

૧૧ નવેમ્બરના કુલગામ હુમલામાં સામેલ ઉમર નિસાર ડારે લશ્કર કમાન્ડર લતીફ ભટને છ મહિના સુધી આશ્રય આપ્યો હતો. બંનેએ હુમલા પહેલાં ઘણા વિસ્તારોની રેકી કરી હતી. સોમવારે થયેલી અથડામણમાં ડાર માર્યો ગયો, જ્યારે ભટ ભાગી ગયો. મંગળવારે પણ ડ્રોન અને શોધખોળ કરતા કૂતરાઓની મદદથી શોધખોળ ચાલુ રહી. અહેવાલો મુજબ, નિસારે ઘરેથી નીકળ્યા બાદ 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ' (TRF) જોઈન કરી લીધું હતું. આ સંગઠનમાં સામેલ થયાના માત્ર એક જ અઠવાડિયા બાદ તેણે પોતાનો જીવ ગુમાવ્યો.

એનવિડિયામાં પરત ફરવા જેન્સન હુઆંગે તૈયારી બતાવી

જેન્સન હુઆંગે કહ્યું - બોર્ડના નિર્ણય પર જ પરત ફરીશ

નવી દિલ્હી, તા. ૧૮

એનવિડિયાના પૂર્વ CEO જેન્સન હુઆંગે રાજીનામું આપ્યા બાદ પહેલીવાર જાહેર નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, જો બોર્ડ ઇચ્છે તો તેઓ CEO તરીકે પરત ફરવા માટે તૈયાર છે. હુઆંગે ગયા અઠવાડિયે અચાનક રાજીનામું આપ્યું હતું, જ્યારે એક ચીની મહિલા જાસૂસ સાથે તેમના અફેરના સમાચાર સામે આવ્યા હતા.

તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું હતું- "જો બોર્ડ નિર્ણય કરે કે મારી વાપસી શેરધારકો, કર્મચારીઓ, કંપની અને અમેરિકાના હિતમાં છે, તો હું તે અપીલોનો જવાબ આપવા અને CEO તરીકે પરત ફરવા માટે સન્માનિત અનુભવીશ." તેમણે સ્વીકાર્યું કે, તેમણે અંગત જીવનમાં ગંભીર ભૂલો કરી છે, પરંતુ કહ્યું કે, તેમને કર્મચારીઓ, રોકાણકારો, બિઝનેસ પાર્ટનર્સ અને ગ્રાહકો તરફથી પરત ફરવા માટે જબરદસ્ત સમર્થન મળી રહ્યું છે.

હુઆંગે આ વાત ૧૭ નવેમ્બરે પોતાના પ્રથમ જાહેર નિવેદનમાં કહી હતી. ગયા અઠવાડિયે ચીની જાસૂસ હોવાનો આરોપ ધરાવતી મહિલા સાથેના સંબંધોનો ખુલાસો થયા બાદ તેમણે પદ છોડી દીધું હતું. આ નિવેદન તે ઓનલાઈન

અનુસંધાન પાના ૭ પર

સીઆરપીએફના જવાનો ફરજ વખતે મોબાઈલ વાપરી નહીં શકે

બુલેટપ્રૂફ જેકેટ અને હેલ્મેટ પહેરવું પણ ફરજીયાત

નવી દિલ્હી, તા. ૧૮

જમ્મુ અને કાશ્મીરમાં ફરજ પરના તમામ સૈનિકોએ હવે બુલેટપ્રૂફ જેકેટ અને હેલ્મેટ પહેરવા ફરજિયાત રહેશે. મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. માત્ર કમાન્ડર જ જરૂરી સરકારી કામ માટે મોબાઈલનો ઉપયોગ કરી શકશે. તાજેતરમાં થયેલા કુલગામ આતંકવાદી હુમલા બાદ CRPFએ સૈનિકોની સુરક્ષા માટે નવા નિર્દેશો જાહેર કર્યા છે. કુલગામમાં ૧૧ નવેમ્બરે થયેલા હુમલામાં ત્રણ જવાનો ઘાયલ થયા હતા. CRPFના DG S.પી. સિંહે તાજેતરમાં સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. ત્યારબાદ તમામ કંપની કમાન્ડરોને ચેકપોઈન્ટ પર સુરક્ષા વધારવા અને પૂરતા સૈનિકો તૈનાત કરવા કહેવામાં આવ્યું છે. સૈનિકોને ગોળીબારથી બચાવવા માટે બુલેટપ્રૂફ સુરક્ષા ચોકીઓની વ્યવસ્થા કરવામાં આવશે. સાંજે અને રાત્રે પૂરતી રોશની રાખવાના પણ નિર્દેશ આપવામાં આવ્યા છે. ૧૧ નવેમ્બરના કુલગામ હુમલામાં સામેલ ઉમર નિસાર ડારે લશ્કર કમાન્ડર લતીફ ભટને છ મહિના સુધી આશરો આપ્યો હતો. બંનેએ હુમલા પહેલાં અનેક વિસ્તારોની રેકી કરી હતી. સોમવારે થયેલી અથડામણમાં ડાર માર્યો ગયો, જ્યારે ભટ ભાગી છૂટ્યો. મંગળવારે પણ ડ્રોન અને શોધખોળ કરતા શ્વાનોની મદદથી શોધખોળ ચાલુ રહી.

ચૂંટણીમાં ગોટાળાના પુરાવા છે : કોલંબિયા યુનિવર્સિટીમાં રાહુલ ગાંધીનું સંબોધન

રાહુલ ગાંધીએ કહ્યું - બેરોજગારી-શિક્ષણની ખામીના લીધે ભારત આર્થિક સંકટમાં છે

નવી દિલ્હી, તા. ૧૮

રાહુલ ગાંધીએ કહ્યું છે કે, ભારત આર્થિક સંકટ તરફ આગળ વધી રહ્યું છે. તેની પાછળ મોટા પાયે બેરોજગારી અને શિક્ષણ વ્યવસ્થા સાથે જોડાયેલી ખામીઓ છે. યુવાનોમાં વધતી નિરાશાનું મુખ્ય કારણ એ છે કે, તેમને પોતાનું ભવિષ્ય નજરે પડતું નથી. રાહુલ ગાંધીએ આ વાત ન્યૂયોર્કની કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીની સામે કહી. રાહુલ અમેરિકાના બે દિવસના પ્રવાસે છે. તેઓ આજે યુનિવર્સિટી ઓફ શિકાગોની મુલાકાત પણ લેવાના છે. SIR પર ખર્ચને લઈને સવાલ: રાહુલે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને સામાન્ય અભિયાનથી સંપૂર્ણપણે અલગ ગણાવ્યું. તેમણે કહ્યું, 'આ અભિયાનમાં જેટલા પૈસા ખર્ચવામાં આવ્યા, તે અંદાજ કરતાં ૨૦, ૩૦, ૪૦ અથવા ૫૦ ગણાં સુધી વધુ હતા. આટલા પૈસા ક્યાંથી આવ્યા? આ અભિયાનમાં ખર્ચવામાં આવેલી રકમને લઈને અનેક સવાલો છે, જેના જવાબ મળવા જોઈએ.' મતના અંતરને અશક્ય ગણાવ્યું: રાહુલે ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિનો આરોપ લગાવતા કહ્યું, 'અચાનક ૫ લાખ મતનું માર્જિન મળી જવું શક્ય નથી. ચૂંટણી પરિણામો અને મતના આંકડાઓને લઈને અમારી પાર્ટી (કોંગ્રેસ) પાસે અનેક સવાલો છે. અમારી પાસે ચૂંટણીમાં ગોટાળાના અનેક પુરાવા છે. તેમને સામે લાવવા માટે અમે કામ કરી રહ્યા છીએ.' ચૂંટણી વ્યવસ્થામાં સુધારાને જરૂરી ગણાવ્યો: રાહુલે કહ્યું, 'અમારો ઉદ્દેશ્ય દેશની ચૂંટણી વ્યવસ્થાને ફરીથી યોગ્ય બનાવવાનો છે. ચૂંટણી વ્યવસ્થાને સુધાર્યા વિના કંઈ થઈ શકે નહીં. નિષ્પક્ષ ચૂંટણીઓ લોકશાહીનો પાયો છે અને ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા સુનિશ્ચિત કરવી જરૂરી છે.' યુવાનોને પોતાનું ભવિષ્ય દેખાતું નથી: રાહુલે કહ્યું, 'યુવાનોમાં વર્તમાન પરિસ્થિતિને લઈને નિરાશા છે. તેમાંનો એક વર્ગ મધ્યમવર્ગીય પરિવારોમાંથી આવે છે અને તેણે ઔપચારિક શિક્ષણ મેળવ્યું છે. અમે આ અંગે અભ્યાસ કરી રહ્યા છીએ અને તેને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. તેનું સૌથી મહત્ત્વનું કારણ એ છે કે, તેમને પોતાનું ભવિષ્ય દેખાતું નથી.'

યુવાનો અને માતા-પિતા વચ્ચેનું અંતર વધ્યું: રાહુલે કહ્યું, 'કારકિર્દીને લઈને યુવાનો અને તેમના માતા-પિતા વચ્ચેનું અંતર વધી રહ્યું છે. યુવાનો પાછલી પેઢીની સલાહ અને તેના અનુભવો પર સવાલ ઉઠાવી રહ્યા છે. તેઓ પોતાના માતા-પિતાને કહી રહ્યા છે—તમે સફળ નહોતા.

અમેરિકામાં નેશનલ સિક્યુરીટી એજન્સીનું નેટવર્ક ઠપ્પ

એપલની અનેક મહત્વની સેવાઓ પણ કલાકો સુધી ખોરવાઈ : વિશ્વભરના યુઝર્સમાં મચેલો દેકારો

નવી દિલ્હી, તા. ૧૮

અમેરિકા પર ટેકનોલોજી આફત હોય તેમ એક પછી એક આઉટેજ થઈ રહ્યા છે. માઈક્રોસોફ્ટ, હવાઈ સેવા, બેંકીંગ બાદ હવે 'એપલ'ની સેવા ઠપ્પ થઈ હતી અને વિશ્વભરમાં દેકારો બોલી ગયો હતો. અમેરિકામાં એક જ સપ્તાહમાં ટેકનીકલ આઉટેજનો ચોથો બનાવ બન્યો હતો. આ સિવાય નેશનલ સિકયુરિટી એજન્સી (એનએસએ)નુ ખાનગી કોમ્યુનીકેશન નેટવર્ક પણ થોડો વખત ડાઉન થઈ ગયુ હતુ. પરિણામે અમેરિકી સુરક્ષાતંત્રમાં હડકંપ સર્જાયો હતો.

એક પછી એક ટેકનીકલ અવરોધ છતાં ટ્રમ્પ તંત્ર દ્વારા સાઈબર એટેકનો ઈન્કાર જ કરવામાં આવી રહ્યો છે. મળતી માહિતી મુજબ, એપલની આંતરરાષ્ટ્રીય સ્તરની લોકપ્રિય સેવાઓ જેવી કે આઈક્લાઉડ, એપ સ્ટોર, એપલ પે, એપલ મ્યુઝિક અને સપોર્ટ સર્વિસ સંપૂર્ણપણે ઠપ થઈ ગઈ હતી. ભારત સહિત દુનિયાભરના અનેક દેશોમાં યુઝર્સે સોશિયલ મીડિયા પર પોતાની નારાજગી અને મુશ્કેલીઓ વ્યક્ત કરી હતી.

યુઝર્સ દ્વારા પ્રાપ્ત અહેવાલો અને આઉટેજ ટ્રેક કરતી જાણીતી વેબસાઈટ 'ડાઉનડિટેક્ટર' પર

હજારોની સંખ્યામાં ફરિયાદો નોંધાઈ હતી. અનેક યુઝર્સે ફરિયાદ કરી હતી કે તેમના આઈફોન અને મેક ડિવાઈસમાંથી અચાનક આઈક્લાઉડ લોગઆઉટ થઈ ગયું હતું. વારંવાર આવતા ટેક્નિકલ એરરના કારણે યુઝર્સે ફરીથી લોગઈન કરવાની લાંબી અને કંટાળાજનક પ્રક્રિયામાંથી પસાર થવું પડ્યું હતું.

આઈફોન ચલાવતા શોખીનો જ્યારે નવા એપ્લિકેશન્સ ડાઉનલોડ કરવા માટે એપ સ્ટોર પર ગયા, ત્યારે તે એક્સેસ ન થવાને કારણે ભારે હાલાકી ભોગવવી પડી હતી. ડિજિટલ પેમેન્ટના આ યુગમાં ગ્રાહકોને સ્ટોર્સ પર ખરીદી કરતી વખતે 'એપલ પે' વાપરવામાં અડચણો નડી હતી, જેના કારણે લેણદેણ અટકી પડી હતી. સંગીતના શોખીન યુઝર્સ માટે મનોરંજન પર પણ ગ્રહણ લાગ્યું હતું. અમેરિકા અને અન્ય દેશોમાં યુઝર્સ મ્યુઝિક સ્ટ્રીમ કરી શક્યા નહોતા. નવું ડિવાઈસ ખરીદીને એક્ટિવેટ કરવા માગતા ગ્રાહકો અટવાયા હતા, તેમજ ડેવલપર્સ માટેનું 'એપલ સ્ટોર કનેક્ટ' પણ ઠપ થઈ જતા પ્રોજેક્ટ્સને અસર થઈ હતી.

અમેરિકા માટે આ અઠવાડિયું આફતોથી ભરેલું સાબિત થઈ રહ્યું છે. છેલ્લા માત્ર સાત જ દિવસમાં આ ચોથી મોટી ઘટના છે જ્યારે કોઈ મોટી ટેક કંપની કે સિસ્ટમ ખોરવાઈ ગઈ હોય.

આ સિલસિલો ગત ગુરુવારની રાત્રે 'માઈક્રોસોફ્ટ'ના મોટા આઉટેજ સાથે શરૂ થયો હતો. ત્યારબાદ એરલાઈન્સનું કમ્યુનિકેશન સિસ્ટમ અચાનક ડાઉન થઈ ગયું હતું અને મંગળવારે અમેરિકન બેંકિંગ સિસ્ટમમાં પણ

અનુસંધાન પાના ૭ પર

દરિયાઇ કાંઠા વિસ્તારમાં મરીન ટાસ્ક ફોર્સ દ્વારા સઘન કોસ્ટલ પેટ્રોલીંગ કરાયું

સુરતના ડભારી બીચ અને તેની આસપાસના સર્ચ ઓપરેશન



સુરત, તા.૧૮

દેશની દરિયાઇ સરહદો પર બાજ નજર રાખવા અને કોઇપણ પ્રકારની રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓને જડબાતોડ જવાબ આપવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા તારીખ ૧૭/૧૧/૨૦૨૬ના રોજ ડભારી બીચ અને તેની આસપાસના દરિયાકાંઠા વિસ્તારમાં સઘન કોસ્ટલ પેટ્રોલીંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતુ.મરીન ટાસ્ક ફોર્સના ADGP શ્રી અમિત વિશ્વકર્મા અને DIGP શ્રી એ.એમ.મુનિયા તથા મરીન ટાસ્ક ફોર્સ-હજીરાના પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર કમાન્ડર શ્રી એસ.જે.પરમારના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. શ્રી બી.આર. તડવી, પી.એસ.આઈ. શ્રી એસ.બી. પટેલ અને મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમો દ્વારા કટોકટીની સ્થિતિને પહોચી વળવા માટે ફૂટ પેટ્રોલીંગ કર્યુ હતુ. કમાન્ડો દ્વારા દરિયાકાંઠાની અવાવરૂ જગ્યાઓ, શંકાસ્પદ ઝાંડી-ઝાંખરા અને તમામ સંભવિત છુપાવવાના સ્થળોને ખુંદી વળવામાં આવ્યા હતા. દરિયાઇમાર્ગે થતી ગુનાખોરી અને ઘૂસણખોરી રોકવા માટે કિનારે લાંગરેલી તેમજ શંકાસ્પદ જણાતી બોટોનું બારીકાઇથી ઓન-સ્પોટ ચેકીંગ કરવામાં આવ્યુ હતુ. આ વિસ્તારમાં ફરતાં શંકાસ્પદ વાહનો તથા શંકાસ્પદ ઇસમોને અટકાવીને તેમની પૂછપરછ પણ કરવામાં આવી હતી. વિશેષ નોંધ: મરીન ટાસ્ક ફોર્સ ગુજરાત રાજયની સીમાની સુરક્ષાની અગત્યની કામગીરી કરી રહેલ છે.

રેલ મંત્રીએ મુસાફરોની સુવિધા અને સલામતીના પગલાની સમીક્ષા કરી

છઠ તહેવાર પછી મુસાફરોના પરત ફરવા માટે ભીડ અંગે વિશેષ આયોજન

સુરત, તા.૧૮

માનનીય રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે છઠ તહેવાર પછી પરત ફરવા માટે મુસાફરોની સુવિધા અને સલામતીના પગલાંની ઉચ્ચ સ્તરીય સમીક્ષા કરી. તેમણે વિવિધ સ્ટેશનો પર ભીડની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે વોર રૂમમાંથી લાઈવ સીસીટીવી ફૂટેજનું નિરીક્ષણ કર્યું અને મુસાફરોનું દબાણ સૌથી વધુ હોય ત્યાં મૂલ્યાંકન કર્યું. વધુ ભીડને ધ્યાનમાં રાખીને, તેમણે સરળ ટ્રેન સંચાલન અને મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે યોગ્ય પગલાં લેવાના નિર્દેશ આપ્યા. તેમણે પટના, દાનાપુર, રાજેન્દ્રનગર ટર્મિનલ, સહરસા, મુઝફ્ફરપુર, દરભંગા અને જયનગર સહિત અન્ય મુખ્ય સ્ટેશનો પર મુસાફરો માટે બનાવેલા હોલ્ડિંગ એરિયાનું પણ નિરીક્ષણ કર્યું. બધી વ્યવસ્થાઓની સમીક્ષા કરતા, માનનીય રેલવે મંત્રીએ મુસાફરોની સુવિધા, સલામતી અને સરળ મુસાફરીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાના મહત્વ પર ભાર મૂક્યો. માનનીય રેલવે મંત્રીના નિર્દેશોને ધ્યાનમાં રાખીને, આ વર્ષે હોલ્ડિંગ એરિયા ગયા વર્ષે ૨૫ સ્ટેશનોથી વધારીને ૪૪ સ્ટેશન કરવામાં આવ્યો છે.

નોંધનીય છે કે મુસાફરોની સુવિધા માટે, આ વર્ષે છઠ પૂજા પછીના દિવસે પૂર્વ મધ્ય રેલ્વે પર ૫૦ ખાસ ટ્રેનો ચલાવવામાં આવી હતી, જ્યારે ગયા વર્ષે છઠ પૂજા પછીના દિવસે ૩૮ ટ્રેનો ચલાવવામાં આવી હતી. મુસાફરોની સુવિધા માટે, ભીડને ધ્યાનમાં રાખીને, નવેમ્બર મહિના દરમિયાન મોટી સંખ્યામાં ખાસ ટ્રેનો ચલાવવામાં આવી રહી છે. છઠ તહેવાર દરમિયાન મુસાફરોના વધારાના ધસારાને ધ્યાનમાં રાખીને પૂર્વ મધ્ય રેલ્વેએ ભીડ વ્યવસ્થાપન સહિત અનેક પગલાં લીધા છે. મુસાફરોની સલામતીમાં કોઈ ખામી ન રહે તે માટે રેલવે સુરક્ષા દળ (RPF) સ્ટેશનો પર સતત નજર રાખી રહ્યું છે. વધારાની સાવચેતી તરીકે, કેટલાક સ્ટેશનો પર ડોગ સ્ક્વોડ અને તબીબી ટીમો તૈનાત કરવામાં આવી છે.

વાલોડમાં માટી માફિયાઓ બેફામ ભૂસ્તર વિભાગ નિદ્રાધીન અવસ્થામાં

રાનવેરીથી કણજોડ સુધી રાત્રિના અંધકારમાં માટીનું બેરોકટોક વહન

વાલોડ, તા.૧૮

તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં ગેરકાયદેસર માટી ખનન અને પરિવહનનો વેપલો જાણે બેફામ બન્યો હોય તેવી સ્થિતિ સામે આવી રહી છે. રાનવેરીથી કણજોડ સુધીના માર્ગ પર રાત્રિના સમયે ટ્રેક્ટરો અને ટ્રકો મારફતે મોટા પ્રમાણમાં માટીનું વહન થતું હોવાની ફરિયાદો છતાં જવાબદાર તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે. એક તરફ જિલ્લા વહીવટી તંત્ર ગેરકાયદેસર ખનન અટકાવવાના દાવા કરે છે, તો બીજી તરફ વાલોડ તાલુકામાં માટી ભરેલાં વાહનોની અવરજવર જાણે તંત્રની નજર સામે જ બેરોકટોક ચાલી રહી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

ગત તા. ૧૫ના રોજ ભીમપોર ગામના ખોખરી ફળિયામાં ખેડૂતના ખેતરમાં માટી ભરેલી ટ્રક પલટી ખાઈ જવાની ઘટના બની હતી. આ ઘટનાએ ગેરકાયદેસર માટી પરિવહનના પ્રશ્નને ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં લાવી દીધો છે. ટ્રક ક્યાંથી માટી ભરીને આવી હતી? માટી ખનન માટે કાયદેસરની મંજૂરી હતી કે નહીં? પરિવહન માટે જરૂરી રોયલ્ટી અને પાસ-પરમિટ લેવામાં આવ્યાં હતાં કે નહીં? અકસ્માત બાદ જવાબદાર વાહનચાલક, માલિક અને માટી ખનન કરાવનાર સામે શું કાર્યવાહી કરવામાં આવી? આ સવાલોના જવાબ હજુ પણ જાહેર થવા જરૂરી છે. ગેરકાયદેસર ખનન અને ખનીજ પરિવહન અટકાવવાની જવાબદારી ધરાવતા તાપી જિલ્લા ભૂસ્તર વિભાગની કામગીરી સામે હવે સીધા સવાલો ઊભા થઈ રહ્યા છે. રાત્રિના સમયે ભારે વાહનો મારફતે માટીનું પરિવહન થતું હોવાની ફરિયાદો હોવા છતાં વિભાગ દ્વારા અસરકારક તપાસ અને કાર્યવાહી કેમ કરવામાં આવતી નથી? શું વિભાગને આ પ્રવૃત્તિઓની જાણ નથી કે પછી જાણ હોવા છતાં આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે? જો ગેરકાયદેસર ખનન થતું હોય તો તેના મૂળ સુધી પહોંચીને જવાબદારો સામે કાર્યવાહી કરવાની જવાબદારી કોની છે? સ્થાનિક સ્તરે એક તાલુકામાંથી બીજા તાલુકામાં માટી લાવી ઈંટોના ભઠ્ઠાઓમાં ઠાલવવામાં આવતી હોવાની ફરિયાદો પણ સામે આવી રહી છે. જો આ માટીનું ખનન અને પરિવહન જરૂરી મંજૂરી વિના થતું હોય તો માત્ર વાહનો પકડવાથી પ્રશ્નનો ઉકેલ આવવાનો નથી. માટી ક્યાંથી કાઢવામાં આવે છે, કોના ઇશારે ખનન થાય છે, કયા વાહનો મારફતે પરિવહન થાય છે અને કયા ઈંટોના ભઠ્ઠાઓમાં માટી પહોંચાડવામાં આવે છે તેની સંપૂર્ણ તપાસ થવી જરૂરી છે. સંબંધિત ભઠ્ઠા સંચાલકોના દસ્તાવેજોની પણ ચકાસણી થવી જોઈએ.

દૂધના ભાવ વધારાથી બેવડો માર પડતા જનતા દુઃખી દુઃખી

સુરત, તા.૧૮

ગુજરાતમા અમુલ સતત દૂધના ભાવવધારા અંગે જણાવતા ગ્રાહક સુરક્ષા સમિતિના અધ્યક્ષ પ્રહલાદભાઈ જોષી કહે છે કે છાશવારે થતા ભાવ વધારો અંગે પ્રજાને બેવડો માર પડે છે કારણ કે ભાવ વધારો કર્યા બાદ લોકલ દૂધ વિતરણ કેન્દ્રો પર છુટા પૈસાની બહુજ મગજમારી થાય છે એટલે વિતરણ કેન્દ્રો બે રુપિયા સામે બે ચોકલેટ પકડાવી દે છે એટલે ગ્રાહકો અને વિતરણ કેન્દ્રોના સંચાલકો સાથે સવાર સવારમાં બબાલ થાય છે અને ગ્રાહકને ના છૂટકે બે રૂપિયાની બે ચોકલેટ દરરોજ લેવી પડતી હોય છે એટલે એવું લાગે છે કે દૂધનો ભાવ વધારો રુ.૪ નહીં પણ રુ.૬ થયો હોય તેમ લાગે છે

આ અંગે કેટલાક વિસ્તારોમાં દૂધ વિતરકો જનરલ સ્ટોર ચલાવતા હોઈ છૂટા લઈને આવો અથવા બે ચોકલેટ લેવી પડશે તેવી ફરીયાદ મળતાં ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા મધ્યસ્થી કરવાની ફરજ પડી હતી. ખરેખર દૂધ ઉત્પાદકો જે ભાવ વધારો કરે છે તે અંગે પ્રહલાદભાઈ જોષી જણાવે છે કે ડેરીના નિયામક મંડળના અમુક ખર્ચા અને અમુલ ડેરી દ્વારા નેશનલ અને ઈન્ટરનેશનલ મિડિયામાં ખુબ જ જાહેરાત કરવામાં આવે છે તેના ઉપર કાપ મૂકવાની જરૂર છે અમુલ દૂધ અને તેના ઉત્પાદન ગુજરાત અને ભારતભરમાં સૌથી વધુ વેચાણ ધરાવે છે તેનો કોઈ હરીફ નથી તો બિનજરૂરી ખર્ચ ઉપર નિયંત્રણ કરીને ભાવ વધારો રોકી શકાય છે દૂધના ભાવવધારા અંગે વધુ જણાવતાં કહ્યું હતું કે પેટ્રોલના ભાવમાં વધારો થાય તો પણ દૂધના ભાવમાં વધારો થાય છે એટલે આ વધારાને કારણે અન્ય જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવોમાં પણ વધારો થાય છે એટલે સામાન્ય પ્રજાને ત્રેવડો માર પડે છે આ અંગે પ્રહલાદભાઈ જોષી આરટીઆઇ કરીને ઉત્પાદન ખર્ચ અને વિવિધ ખર્ચની વિગતો મેળવી અમુલ ડેરીને તેમજ મુખ્યમંત્રીશ્રી ને લેખીત રજુઆત કરશે અને જરૂર પડે હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી કરવાની પણ વાત કરી હતી.

પલ્સ પોલિયો અભિયાન પહેલાં આશા વર્કર બહેનોની બાંયો ચઢી

વળતર વધારવાની માંગ સાથે કામગીરીથી અળગા રહેવાની ચીમકી

વ્યારા, તા.૧૮

તાપી જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાન શરૂ થાય તે પહેલાં જ આરોગ્ય વિભાગ સામે આશા વર્કર બહેનોના પડતર પ્રશ્નોને લઈને વિરોધનો સૂર ઉઠ્યો છે. વર્ષોથી આરોગ્યલક્ષી કામગીરીમાં મહત્વની જવાબદારી નિભાવતી આશા વર્કર બહેનોને પલ્સ પોલિયો કામગીરી માટે પ્રતિદિન માત્ર રૂ.૧૦૦ ચૂકવવામાં આવતા હોવાના મુદ્દે ભારે નારાજગી વ્યક્ત કરવામાં આવી છે. વળતરમાં વધારો નહીં થાય અને બાકી ઈન્સેન્ટિવની ચુકવણી નહીં કરવામાં આવે તો પલ્સ પોલિયો અભિયાનની કામગીરીથી અળગા રહેવાની સ્પષ્ટ ચીમકી આપવામાં આવી છે.

તાપી જિલ્લામાં આગામી તા.૨૨, ૨૩ અને ૨૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ પલ્સ પોલિયો કાર્યક્રમ યોજાનાર છે. આ કાર્યક્રમ પહેલાં ઓલ ગુજરાત આશા વર્કર સશક્ત સંગઠન દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને આવેદનપત્ર પાઠવી આરોગ્ય વિભાગની કામગીરી સામે સવાલો ઉઠાવવામાં આવ્યા છે. સંગઠનનું કહેવું છે કે આશા વર્કર બહેનો પાસે વિવિધ આરોગ્યલક્ષી કામગીરી કરાવવામાં આવે છે, પરંતુ તેના પ્રમાણમાં મળતું વળતર અત્યંત ઓછું છે.

આવેદનપત્રમાં પલ્સ પોલિયો કામગીરીનું દૈનિક વળતર રૂ.૧૦૦થી વધારી રૂ.૩૦૦ કરવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે. એટલું જ નહીં, અલગ-અલગ જિલ્લાઓમાં વળતરની રકમમાં જોવા મળતો તફાવત દૂર કરી સમગ્ર રાજ્યમાં એકસમાન વળતર અમલી બનાવવાની પણ માંગ કરાઈ છે. ચૂંટણી બૂથ પર આરોગ્ય કીટ સાથે ફરજ બજાવતી આશા વર્કર બહેનોને પણ પ્રતિદિન રૂ.૩૦૦ ચૂકવવા રજૂઆત કરવામાં આવી છે. બીજી તરફ, NCD કામગીરીના માસિક ઈન્સેન્ટિવની ચુકવણીમાં વિલંબનો ગંભીર મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો છે. ઓક્ટોબર ૨૦૨૫થી નવેમ્બર ૨૦૨૬ સુધીનું બાકી ઈન્સેન્ટિવ તાત્કાલિક ચૂકવવામાં આવે તેવી માંગ સાથે જૂન ૨૦૨૫માં કરવામાં આવેલી પલ્સ પોલિયો કામગીરીનું બાકી વળતર પણ હજુ સુધી ચૂકવાયું ન હોવાની રજૂઆત કરવામાં આવી છે. એક તરફ સરકાર આરોગ્ય સેવાઓને વધુ મજબૂત બનાવવાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ પાયાના સ્તરે કામગીરી કરતી આશા વર્કર બહેનોને વળતર અને ઈન્સેન્ટિવ માટે રજૂઆતો કરવાની નોબત આવે તે સ્થિતિ ગંભીર ગણાય. સમયસર મહેનતાણું નહીં ચૂકવવું અને વળતરના પ્રશ્નોનો

અનુસંધાન પાના ૭ પર

સુમોવ અઠવા પંચ મહિલા મંડળનું દિવાળી સ્નેહમિલન



સુરત, તા.૧૮

શ્રી સુમોવ અઠવા પંચ મહિલા મંડળ દ્વારા સ્નેહ મિલન અને સન્માન સમારંભ મોઢ વણિક ભવન પાલ વાડી ખાતે યોજાયો હતો.પ્રમુખ ભારતી દુધવાળા એ બધાને નૂતન વર્ષાભિનંદન પાઠવી કાર્યક્રમ નું સંચાલન કર્યું હતું સમસ્ત પંચ ના નવ નિયુક્ત પ્રમુખશ્રી અને અન્ય હોદ્દેદારશ્રીઓ નું સન્માન કર્યું. ત્યાર પછી બધી બહેનોને ખુબ સરસ રમતગમત રમાડીને મનોરંજન કર્યું હતું ખૂબ મોટી સંખ્યામાં બહેનો પણ હાજર હતી આ કાર્યક્રમને સફળ બનાવવામાં અમિષા ગાંધી, અનિષા પટેલ,મીતાબેન ગાંધી, સુનીતા પપૈયા, ભાવના શેઠ, જ્યોતિ ગાંધી અને પ્રીતિ શાહ નો પણ ફાળો રહ્યો. અઠવા પંચ અને અઠવા પંચ યુવક મંડળના પણ હોદ્દેદારો હાજર રહી મહિલા ઓને પ્રોત્સાહિત કર્યા હતા.

હાઈકોર્ટના આદેશ બાદ પણ પાદરા પોલીસે નોટિસ યથાવત રાખી

પોલીસ ઇન્સ્પેક્ટર પી.વી. ગોહિલ સામે ખાતાકીય તપાસની માંગ

સુરત, તા.૧૮

એક જ ઘટના અંગે સુરતના ખટોદરા પોલીસ સ્ટેશનમાં FIR નોંધાયા બાદ ૨૦ દિવસના અંતરે પાદરા પોલીસ સ્ટેશનમાં બીજી FIR નોંધવા અને હાઈકોર્ટના હૈબિયસ કોર્પસ ક્લબિંગના આદેશના ૧૦ દિવસ બાદ નોટિસ ફટકારવા અંગે ગૃહ વિભાગના મુખ્ય સચિવ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

સુરતના નાગરિક અને સામાજિક કાર્યકર સંજય ઈઝાવાએ ગુજરાત રાજ્યના ગૃહ વિભાગનાં અગ્ર સચિવશ્રી નિપુણા તોરવણે, IPS સમક્ષ પાદરા પોલીસ સ્ટેશન (વડોદરા ગ્રામ્ય)ના પોલીસ ઈન્સ્પેક્ટર પી.વી. ગોહિલ તથા અન્ય જવાબદાર પોલીસ અધિકારીઓ સામે ખાતાકીય તપાસ અને સ્વતંત્ર વહીવટી તપાસની માંગણી કરી છે. રજૂઆતમાં જણાવ્યા મુજબ, અરજદાર વિરુદ્ધ એક જ વ્યવહાર અને ઘટનાને લગતી બે FIR પૂર્વ મેલ નર્સ ઈકબાલ કડીવાલાની ફરિયાદમાં નોંધવામાં આવી હતી. પ્રથમ FIR તા. ૨૭.૦૭.૨૦૨૬ના રોજ સુરતના ખટોદરા પોલીસ સ્ટેશનમાં અને ત્યારબાદ માત્ર ૨૦ દિવસના અંતરે તા. ૧૬.૦૮.૨૦૨૬ના રોજ પાદરા પોલીસ સ્ટેશનમાં ઈકબાલ કડીવાલાની પુત્ર આદીલ કડીવાલાની ફરિયાદમાં બીજી FIR નોંધવામાં આવી હતી. બંને FIRમાં બદનક્ષી લાગતું ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ ૩૩૬(૪) અને ૩૫૬(૩) લગાવવામાં આવી હતી. આ મામલે ગુજરાત હાઈકોર્ટે તા. ૦૭.૦૯.૨૦૨૬ના રોજ Criminal Misc. Application No. 19700 of ૨૦૨૬માં બંને FIR એક જ વ્યવહારમાંથી ઉદ્ભવેલી હોવાનું નોંધ્યું હતું અને પાદરા પોલીસ સ્ટેશનની FIRને ખટોદરા પોલીસ સ્ટેશનની FIR સાથે તમામ વ્યવહારિક હેતુઓ માટે ક્લબ કરવાનો આદેશ આપ્યો હતો. રજૂઆત મુજબ, પાદરા પોલીસ સ્ટેશનમાં FIR નોંધાયા બાદના ૨૨ દિવસ સુધી અરજદારને કોઈ નોટિસ આપવામાં આવી નહોતી. પરંતુ હાઈકોર્ટ દ્વારા FIR ક્લબ કરવાનો આદેશ થયા પછી તા. ૧૭.૦૯.૨૦૨૬ના રોજ પાદરા પોલીસ ઈન્સ્પેક્ટર પી.વી. ગોહિલે BNSSની કલમ ૩૫(૩) હેઠળ નોટિસ પાઠવી અરજદારને માત્ર ત્રણ દિવસમાં સુરતથી આશરે ૧૩૦ કિલોમીટર દૂર પાદરા પોલીસ સ્ટેશન ખાતે હાજર થવા જણાવ્યું હતું. અરજદારે તા. ૧૮.૦૯.૨૦૨૬ના રોજ લેખિત જવાબ આપી હાઈકોર્ટના આદેશની જાણ પાદરા પોલીસને કરાવી હતી અને ખટોદરા પોલીસ સ્ટેશન સમક્ષ તપાસમાં સંપૂર્ણ સહકાર આપવા તૈયારી દર્શાવી હતી. તેમ

અનુસંધાન પાના ૭ પર

સુરત મનપા કર્મચરઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે ફરી રજૂઆત

કર્મચારી મહામંડળે મ્યુનિ. કમિશનર તથા પો.કમિશનરને રજૂઆત સાથે આંદોલનની ચીમકી આપી

સુરત, તા.૧૮

સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા સુરત મહાનગરપાલિકાના કમિશનર શ્રી અને સુરત શહેર પોલીસ કમિશનર શ્રીને એક પત્ર પાઠવવામાં આવ્યો છે.જે પત્રમાં જણાવવામાં આવ્યું છે કે સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા કર્મચારીઓ, કામદારો તથા યુનિયનોના પ્રશ્નો લાંબા સમયથી પડતર છે.જે અંગે વારંવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવામાં આવેલ છે.મ્યુનિસિપલ કમિશનર શ્રી સાથે આ અંગે મીટીંગ કરી જરૂરી ચર્ચા વિચારણા પણ કરવામાં આવેલ છે.પરંતુ દુ:ખ સાથે જણાવવાનું કે,અમારા એક પણ પ્રશ્નનું નિરાકરણ આવેલ નથી,જેથી અમારે નાછૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે અહિંશક આંદોલનનો માર્ગ અપનાવવાની ફરજ પડી છે.જેની શરૂઆત અમો આગામી તારીખ ૩૦/૧૧/૨૦૨૬થી કરવા જઈ રહ્યા છીએ. સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ મ્યુનિસિપલ કમિશનર શ્રીની કચેરી પાસે,તારીખ ૩૦/૧૧/૨૦૨૬ને સોમવારે બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક સુધી પ્રતિક ધરણાનો કાર્યક્રમ કરવામાં આવશે.તેમ છતાં પણ અમારી માંગણીઓનું નિરાકરણ નહિ આવશે તો,આગામી દિવસોમાં સમગ્ર સુરત શહેરની સફાઈ કામગીરી બંધ કરવાનું એલાન આપવામાં આવશે.તેમજ એક દિવસ તમામ કર્મચારીઓને સામુહિક સી.એલ.(C.L) ઉપર જવાનું એલાન આપવામાં આવશે.

સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરી ખાતે આવેલ યુનિયનોની ઓફિસોનો,સુરત મહાનગરપાલિકા દ્વારા તારીખ ૧૯/૨૦-૧૧-૨૦૨૫ નારોજ ગેરકાયદેસર રીતે ઓફિસોના તાળા તોડી,ઓફિસોનો તમામ માલ-સામાન બહાર ફેંકીને અડધી રાત્રે ગેરકાયદેસર રીતે કબ્જો લઈ લેવામાં આવેલ છે.જે અંગે યુનિયનો તરફથી તારીખ ૨૦/૧૧/૨૦૨૫ નારોજ લાલગેટ પોલીસ સ્ટેશન ખાતે તથા ત્યારબાદ પોલીસ કમિશનર શ્રી સુરત શહેરને પણ લેખિત રજુઆતો

અનુસંધાન પાના ૭ પર

જનજાતીય ગૌરવ દિવસની ઉજવણીના ભાગરૂપે માંગરોળના વાંકલ ખાતે પરંપરાગત રમતોત્સવ યોજાયો

આદિવાસી સમાજની પરંપરાગત રમતોને પુનઃજીવિત કરવા માટે સરકારના પ્રયાસો સરાહનીયઃ ધારાસભ્ય ગણપતસિંહ વસાવા



સુરત, તા.૧૮

ભગવાન બિરસા મુંડાની જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે જનજાતીય ગૌરવ સમાહ હેઠળ આદિજાતિ વિકાસ વિભાગ તથા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે માંગરોળ તાલુકાના વાંકલ સ્થિત એન.ડી. દેસાઈ સાર્વજનિક હાઈસ્કૂલના પટાંગણમાં ભવ્ય પરંપરાગત રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવમાં ધારાસભ્ય શ્રી ગણપતસિંહ વસાવાની પ્રેરક ઉપસ્થિતિએ રમતવીરો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી ગણપતસિંહ વસાવા સહિત ઉપસ્થિત મહાનુભાવોએ પણ વિવિધ પરંપરાગત રમતોમાં સહભાગી થઈ બાળપણની યાદો તાજી કરી હતી. આ અવસરે ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના ગૌરવવંતા ઈતિહાસ, સંસ્કૃતિ અને બલિદાનોને દેશ-દુનિયા સમક્ષ ઉજાગર કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ કેવડિયા ખાતે અંદાજે રૂ. ૫૦૦ કરોડના ખર્ચે દેશનું સૌથી મોટું આદિવાસી મ્યુઝિયમ નિર્માણ થઈ રહ્યું હોવાનું જણાવ્યું હતું. રાજ્યમાં ૧૫ નવેમ્બરે પ્રથમવાર આદિવાસી વિસ્તારના રસ્તાઓનું ભગવાન બિરસા મુંડાના નામકરણ કરવામાં આવ્યા છે. આદિવાસી સમાજની પરંપરાગત ગ્રામીણ રમતો વિસરાતી જાય છે. તેને પુનઃજીવિત કરવાના ઉદ્દેશ્યથી

અનુસંધાન પાના ૭ પર

કથા ગંગા સ્વરુપ હોય છે તેથી નીત નૂતન છેઃ મોરારિબાપુ

બધા ધર્મસ્થાનો તીર્થ સ્થાનોમાં બદલાશેઃમોહન યાદવ

ઉજ્જૈન (તખુભાઈ સાંડસુર દ્વારા)

માનસ ભારત સ્વસ્તિક યાત્રા આજે ચતુર્થ ચરણમાં અવંતિકા નગરી ઉજ્જૈનમાં મહાકાલના શ્રી ચરણોમાં પહોંચી હતી. આ તીર્થસ્થાન દ્વાદશ જ્યોર્તિલિંગ પૈકીનું એક છે. એટલું જ નહી પરંતુ કૃષ્ણ, સુદામા, બલરામ વગેરેએ જ્યાં અભ્યાસ કર્યો છે તે ગુરુકુલમ પણ અહી છે. જેથી આ નગરીનું ધાર્મિક ઐતિહાસિક મહત્વ ઘણું છે.

પુ.મોરારિબાનુની કથા ક્રમની ૯૮૬ મી "માનસ ભારત સ્વસ્તિક યાત્રા" દ્વિતીય ચરણનુ ૪૫૦૫ કિલોમીટર અંતર રહેવાનું છે. શારદાપીઠ દ્વારકા થી શરૂ કરીને ગોવર્ધનપીઠ જગન્નાથપુરીની આ યાત્રા શંકરાચાર્યની પાવનભૂમિ જગન્નાથ ભગવાનના ચરણોમાં વિરામ પામશે.


ચતુર્થ ચરણમાં આજે તા.૧૭/૧૧ ના બાપુએ કથા વાણીમાં કહ્યું કે આ નગરીમાંની યાત્રા કરવાનું વારંવાર મન થાય છે કારણ કે અહીં એવા મહાપુરુષની ભૂમિ છે કે જે આપણી આંખને ભીની કરે છે.સને ૨૦૨૮ માં કુંભ થવાનો છે ત્યારે બાપુએ આજે કથા દરમિયાન "માનસ મહાદેવ" મહાકુંભની કથા ગાવાનો મનોરથ જાહેર કર્યો હતો. બાપુએ પ્રારંભમાં કહ્યું કે આપણા શરીરના ધડથી મસ્તકનો ભાગ અને કટી ભાગથી નીચેનો ભાગ કાઢી નાખીએ તો પાછળ આપણું ધડ બચે છે .ધડ એ મહાકાલ છે આપણા શરીરનું એ ધડ શિવલિંગ છે.તેથી આપણે જ્યારે સ્નાન કરીએ છીએ ત્યારે શક્ય હોય તો રુદ્રાષ્ટકનો પાઠ કરવો જોઈએ. ૧૦ રુદ્રાષ્ટક ફુલ ૮ બંધ છે. તેમાંથી એકાદ બંધ જો પણ આપણે બોલીએ તો શિવ પૂજા થઈ જાય છે.ઘણાં સ્વસ્તિક મનમાં સ્ફુરે છે. શંકરાચાર્યજીએ ચાર વસ્તુ મુખ્ય ગણાવી છે. જેમાં ભસ્મ,ભિક્ષા, ભૂત અને ભંજન અને આપણે જાણી શકીએ.આ બધાનું સ્મરણ મંગળ કરે. પ્રેમ પરીક્ષાનો વિષય નથી પરંતુ પ્રતીક્ષાનો વિષય જ્યાં પરીક્ષા છે ત્યાં પ્રેમ નથી.કથા નીત નુતન છે તેથી તે પ્રવાહી ગંગા સ્વરુપ છે.આજે કથામાં કથા દરમિયાન અંત ભાગમાં મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી મોહન યાદવ ઉપસ્થિત રહીને પોતાનો મનોભાવ વ્યક્ત કરતા કહ્યું કે મધ્યપ્રદેશના ધર્મસ્થાનો પછી તે કૃષ્ણ હોય, રામના હોય કે શિવના હોય બધાં જ સ્થાનોને તીર્થ સ્થાનો તરીકે વિકસાવવાનું અભિયાન મારી સરકાર ચલાવી રહી છે.ગાય માટે અને પ્રાકૃતિક ખેતી માટે પણ સરકાર જન કલ્યાણના કાર્યક્રમમાં હાથ ધરી રહી છે. આજે બાપુના દર્શન કરીને એક રીતે સને ૨૦૨૮ ના કુંભનો પ્રારંભ થઈ ગયો છે તેમ કહું તો ખોટું નથી. કથાના ક્રમમાં આજે શિવ સતીને કથા સંભળાવે છે અને રામનું મહત્વ અને રામાવતારનું કાર્ય તેના પર સંવાદ થયો હતો. આવતીકાલે તારીખ ૧૮ ના રોજ નાગપુરમાં રામ જન્મનો ઉત્સવ ઉજવવામાં આવશે. સમગ્ર કથાનું આયોજન જે રીતે મિરાજ ગ્રુપના શ્રી મદનલાલ પાલીવાલ તથા શ્રી રૂપેશભાઈ વ્યાસ (ઈંદોર) કરી રહ્યા છે. તે ન ભૂતો ભવિષ્યતિ જેવું અસ્મરણિય કહી શકાય તેમ છે.આજે સાંજે ઉજ્જૈનના રેલવે પ્લેટફોર્મ ઉપર સાંધ્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.



આધુનિક ભાગદોડની લાઇફમાં કસરતની ટેવ પાડવાની જરૂર...

ફિટ રહેવા નિયમિત કસરત જરૂરી

આધુનિક સમયમાં ગળા કાપ સ્પર્ધાના કારણે વ્યક્તિ ભાગદોડમાં વ્યસ્ત રહે છે. તે પોતાના માટે પણ સમય કાઢવામાં મુશ્કેલી અનુભવ કરે છે. આવી સ્થિતીમાં શરીરને લઈને તે પરેશાન રહે છે. વ્યક્તિ હાલના સમયમાં કેટલીક ફરિયાદ શરીરને લઈને કરે છે. જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે આધુનિક લાઈફસ્ટાઈલમાં પણ જો નિયમિત કસરત માટેની ટેવ પાડવામાં આવે તો સીધા ફાયદા થાય છે. ફિટ અને હેલ્થ રહેવા માટે નિયમિત કસરત કરવાની શરૂઆત કરવી જોઈએ. સવારના ગાળામાં વહેલા ઉઠી જઈને કસરત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. આઉટડોર અને ઈન્ડોર બન્ને પ્રકારની કસરત ઉપયોગી સાબિત થઈ શકે છે. દરેક પ્રકારના ટેન્શન અને તકલીફને ઘટાડી દેવામાં કસરતની ચોક્કસપણે ભૂમિકા રહે છે. આ બાબત વિજ્ઞાનના અભ્યાસમાં પણ સાબિત થઈ ચુકી છે. હાલમાં કરવામાં આવેલા રસપ્રદ અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે સ્વસ્થ અને ફિટ રહેવા માટે આઉટડોર કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. આઉટડોર કસરત માનસિક અને શારિરિક સ્વસ્થતા વધારે છે. પેનિસુલા કોલેજ ઓફ મેડિસીન એન્ડ ડેનટિસ્ટ્રે (બ્રિટન) અને યુરોપિયન સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એન્ડ હ્યુમન હેલ્થના સંશોધકોએ વ્યાપક અભ્યાસ બાદ નવા તારણો આપ્યા છે. આઉટડોર અને ઈન્ડોર કરસતની અસર અંગે કરવામાં આવેલા એક અભ્યાસમાં કેટલીક રસપ્રદ બાબતો જાણવા મળી હતી. ૮૩૩ પુખ્તવયના લોકોને આવરી લઈને આ અભ્યાસ કરવામાં આવ્યા બાદ સંશોધકો નવા તારણો પર પહોંચ્યા હતા. આ અભ્યાસમાં ભાગ લેનાર લોકો પૈકી જે લોકો આઉટડોર એક્ટિવિટિ સાથે સંકળાયેલા હતા તે લોકો વધારે સંતુષ્ટ અને ખુશ નજરે પડ્યા હતા. પેનિસુલા કોલેજ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે આઉટડોર કસરત વધારે લાભ આપે છે. આઉટડોર એક્ટિવિટિ વધારે સારી ભાવના અને સતોષ સાથે જોડાયેલી છે. આનાથી શરીરમાં એનર્જી વધે છે. ટેન્શન દુર થાય છે. નારાજગી, ડિપ્રેશન અને ગૂંચવણને દૂર કરવામાં આઉટ ડોર એક્ટિવિટીની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છે. આ અભ્યાસમાં મુખ્ય ભૂમિકા અદા કરનાર માઈકલ ડેપલેગે કહ્યું હતું કે આશરે ૭૫ ટકા યુરોપીયન વસ્તી શહેરી વિસ્તારમાં અને પર્યાવરણમાં રહે છે જેથી કુદરત સાથે સંપર્કમાં રહેવાની બાબત વધારે ઉપયોગી બને છે. તેમનું કહેવું છે કે આઉટ ડોર કસરતની પ્રવૃત્તિ તાજેતરના સમયમાં યુવા પેઢીમાં વધી છે. વહેલી સવારે મોટી સંખ્યામાં લોકો બાગબગીચામાં કસરત કરવા પહોંચી જાય છે. કેટલાક લોકો બહાર જવાના બદલે ઈન્ડોરમાં રહીને કસરત કરે છે પરંતુ નવા અભ્યાસના તારણો આઉટ ડોર કસરતને પ્રોત્સાહન આપે તેવા છે. ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યું છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે. સ્વીમીંગથી શારીરિક પ્રવૃત્તિ વધી જાય છે. બટર ફલાય સ્ટ્રોક, બેગ સ્ટ્રોક, બિગ સ્ટ્રોકથી ફાયદો થાય છે. એરોબીક્સને પણ હવે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંગીતના પ્રેમીઓ માટે એરોબીક્સનો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આનાથી ટેન્શન ઓછું થાય છે. એરોબીક્સની ક્લાસમાં પણ હાલમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળે છે. સાઈકલીંગથી હાર્ટ અને બ્લડ સરક્યુલેશનમાં સુધારો થાય છે. સાઈકલીંગ નિયમિત કરવાથી પગના સ્નાયુ પણ મજબૂત બને છે. કસરતને લઈને સામાન્ય લોકો પણ જુદા જુદા સ્પષ્ટ મત આપે છે.



કસરત કરવા માટે કોઇ સિઝન નથી કારણ કે...

નિયમિત કસરત યાદશક્તિ તેમજ ધ્યાનશક્તિને વધારી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે : નિષ્ણાંતોનો મત

આધુનિક સમયમાં ગળા કાપ સ્પર્ધાના કારણે વ્યક્તિ ભાગદોડમાં વ્યસ્ત રહે છે. તે પોતાના માટે પણ સમય કાઢવામાં મુશ્કેલી અનુભવ કરે છે. આવી સ્થિતીમાં શરીરને લઈને તે પરેશાન રહે છે. વ્યક્તિ હાલના સમયમાં કેટલીક ફરિયાદ શરીરને લઈને કરે છે. સવારના ગાળામાં વહેલા ઉઠી જઈને કસરત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવુ જોઈએ. આઉટડોર અને ઈન્ડોર બન્ને પ્રકારની કસરત ઉપયોગી સાબિત થઈ શકે છે. દરેક પ્રકારના ટેન્શન અને તકલીફને ઘટાડી દેવામાં કસરતની ચોક્કસપણે ભૂમિકા રહે છે. ફિટ અને હેલ્થી કઈ રીતે રહી શકાય છે.કસરતના ફાયદા શુ છે તે નીચે મુજબ છે

સ્વસ્થ અને ફિટ રહેવા માટે આઉટડોર કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. આઉટડોર કસરત માનસિક અને શારિરિક સ્વસ્થતા વધારે છેઆઉટડોર એક્ટિવિટિ વધારે સારી ભાવના અને સતોષ સાથે જોડાયેલી છે. આનાથી શરીરમાં એનર્જી વધે છે. ટેન્શન દુર થાય છે. નારાજગી, ડિપ્રેશન અને ગૂંચવણને દૂર કરવામાં આઉટ ડોર એક્ટિવિટીની મહત્વપૂર્ણ ભૂમિકા રહે છેનારાજગી, ડિપ્રેશન અને ગૂંચવણને દૂર કરવામાં આઉટ ડોર એક્ટિવિટીની મહત્વપૂર્ણ ભૂમિકા કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે.નિયમિત કસરત કરવાથી યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે

બહારનું ખાઓ ત્યારે સતર્કતા જરૂરી

લોકો એમ માને છે કે ઉનાળામાં પાચનક્રિયા મંદ પડે છે, પરંતુ પાચન નબળું નથી પડતું; ચયાપચયની ક્રિયા જેને મેટાબોલિઝમ કહીએ છીએ એ નબળું પડે છે. એને લીધે વ્યક્તિ પર જે પહેલી અસર થાય એ છે ભૂખ ઘટી જવી. જો તમે તમારા શરીરને બરાબર સમજતા હો તો ભૂખ ઓછી થઈ ગઈ છે કે તમને ખાવાની ઇચ્છા જ નથી થતી એ વાત તરત જ તમને સમજાશે. ક્રિટિકેર હૉસ્પિટલ, જુહુનાં ડાયટિશ્યન યોગિતા ગોરડિયા કહે છે, 'શિયાળામાં મેટાબોલિઝમ એકદમ ઝડપથી કામ કરતું હોય એટલે કે જે ખાઓ એ જલદી પચે અને એ એનર્જી પણ જલદી ઉપયોગમાં આવી જાય. પરંતુ ઉનાળામાં આ પ્રક્રિયા મંદ પડી જાય છે. એટલે ભૂખ ઓછી લાગે છે. જ્યારે શરીરને ઓછી ભૂખ લાગે ત્યારે એને ઓછો જ ખોરાક આપવો જોઈએ. બસ, ધ્યાન એ રાખવું કે ટંકે-ટંકે થોડું-થોડું પેટમાં નાખતા રહેવું જેથી એનર્જી જળવાઈ રહે. ઉનાળામાં ભૂખ ન હોવા છતાં શરીરને જરૂર જ છે એમ માની પરાણે ખાવું નહીં, પરંતુ એની સાથે એ પણ ધ્યાન રાખવું કે ફક્ત લિક્વિડ કે ફળો પર જ રહેવું પણ બરાબર નથી. હળવું ખાઓ, થોડા-થોડા અંતરે ખાઓ; પરંતુ ખાઓ એ જરૂરી છે.'

ઉનાળામાં દિવસે ભૂખ ઓછી લાગે છે. ખાસ કરીને બળબળતા બપોરે પીવા માટે કશું ઠંડું આપી દો કે બેચાર ફ્રૂટ્સ ખાવા મળી જાય તો જાણે કે ઘણું થઈ ગયું. એનાથી વધુ ખાવા-પીવાની ઇચ્છા કોઈને થતી નથી, પરંતુ એને કારણે સાંજ પડતાં વાતાવરણમાં થોડી ઠંડક થાય અને પેટમાં ઉંદર કૂદવા લાગે છે. મોટા ભાગના કામકાજી લોકો સવારનો બ્રેકફાસ્ટ નહીં તો લંચ સ્કિપ કરે છે, કારણ કે ગરમીમાં મન નથી થતું ખાવાનું. પરંતુ જેવા ૫-૬ વાગે કે પાણી-પૂરી, ચાટ, ભેળ, સૅન્ડવિચ, વડાપાંઉ કે કાંદાભજિયાં પર તરાપ મારવાનું મન કરે છે; કારણ કે પેટ ભૂખ્યું હોય છે અને ભૂખ્યા પેટને સ્વાદીલો ખોરાક વધુ ગમતો હોય છે. આપણે જે રેંકડી, ઠેલા, હોટેલ કે રેસ્ટોરન્ટમાંથી એ મગાવીએ છીએ એ જગ્યાઓ પર બિલકુલ જરૂરી નથી કે એની ચટણી કે બટેટા કે બીજી કોઈ સામગ્રી તેમણે તાજી જ બનાવી હોય. બને કે કાલની હોય, એમ પણ બને કે ૪ દિવસ પહેલાંની હોય. ઉનાળાની ગરમીમાં તો ફ્રિજમાં રાખેલી વસ્તુઓ પણ ખરાબ થઈ જતાં વાર લાગતી નથી તો પછી આવાં ફૂડ જૉઇન્ટ્સ પર ઝાઝી માત્રામાં બનાવેલી આ વસ્તુઓ ખરાબ થતાં શું વાર લાગે પાછું થાય છે એવું કે એ પદાર્થ ખરાબ થઈ ગયો છે અને ખાવાલાયક નથી એની ખબર દરેકને પડતી નથી. જોકે આપણામાંથી જે લોકો ખુદ રસોઈ બનાવે છે અથવા તો ખોરાક વિશે સમજણ ધરાવે છે એ લોકો સમજીને ફેંકી દે છે તો એ બચી જાય છે. પરંતુ જેમને સમજ પડી નથી તે ફસાઈ જાય છે.

જમતાં પહેલાં જીભ પર લીંબુનાં બેચાર ટીપાં રાખો. એનાથી ભૂખ ઊઘડશે. ખાવાનું મન થશે બહાર તાપમાં જવાનું હોય એ પહેલાં કે બહારથી આવીને તરત તમને ખાવાનું મન નહીં જ થાય. આ બન્ને સમયે ખાવાનું ટાળો અને પીવાનું રાખો, જેમાં લીંબુપાણી કે નારિયેળપાણી કે કેરીનો પન્નો કે કોકમ શરબત લઈ શકાય. જે વ્યક્તિ ડીહાઇડ્રેટ થઈ ગઈ હોય, શરીરમાં પાણીની કમી થઈ ગઈ હોય તેને પણ ભૂખ લાગતી નથી. જો તમે ઉનાળામાં હાઇડ્રેશનનું ધ્યાન રાખશો તો પાચન સંબંધિત તકલીફો નહીં થાય જમતી વખતે કે કંઈ પણ ખાતી વખતે ફક્ત તમે અને ખોરાક બે જ હોય એ વધુ સારું છે. ફોન, ટીવી કે બીજું કોઈ કામ સાથે લઈને ન જમો. એને લીધે અરુચિ પ્રગટે છે. ખોરાક લો ત્યારે તમારી ઇંદ્રિયો એ ખોરાકને માણી શકે એ જરૂરી છે. તો જ ખોરાક પ્રત્યે રુચિ વધે છે, સંતોષ થાય છે અને એ ખોરાક શરીરમાં જઈને ગણ કરે છ

ઉનાળામાં ભૂખ ઓછી લાગે છે એ વાત નૉર્મલ છે. આ વાત સમજાવતાં ધ્વનિ શાહ કહે છે, 'સીઝન પ્રમાણે શરીરમાં જે ફેરફાર આવે છે એને સમજવા અને એ પ્રકારે જ વર્તવું એ જ હેલ્ધી રહેવાની નિશાની છે. આમ ઉનાળામાં જો બપોરે ગરમીની અકળામણને કારણે ભૂખ ઓછી લાગે તો ચાલે. એમાં ખોટું નથી. પરંતુ એને કારણે તમે ફક્ત ફ્રૂટ ખાઈ લો કે જૂસ પી લો અને બીજું કંઈ જ ખાઓ નહીં એવું એકાદ દિવસ ઠીક છે, પરંતુ દરરોજ ન કરાય. અહીં સમજવા જેવું એ છે કે ઉનાળો હોય કે શિયાળો, શરીરને પોષણ તો જરૂરી છે જ. ઓછું ખાઓ, હળવું ખાઓ; પરંતુ ખાવાનું બંધ રાખો એ બરાબર નથી નહીંતર કેવિંગ્સ વધશે અને ઊલટું તમે ખોટા ખોરાક તરફ વળશો, જે તમારી હેલ્થને વધુ નુકસાન કરશે. દર બેત્રણ કલાકે થોડું-થોડું ખાશો તો પણ ભૂખ લાગતી રહેશે.'

ઉનાળામાં થતી પાચનની તકલીફ બાબતે વાત કરતાં ઝેન હૉસ્પિટલ, ચેમ્બુરના ડિરેક્ટર ડૉ. રોય પાટણકર કહે છે,

બાળકના જન્મ સાથે જરૂરથી કરાવો થાઇરોઇડ ટેસ્ટ

આ રોગના સમયસર નિદાન માટે બાળક જન્મે એના એકાદ અઠવાડિયાની અંદર જ તેની થાઈરૉઇડ ટેસ્ટ કરાવવી જરૂરી છે, કારણ કે જન્મજાત બાળકોને હાઇપોથાઇરૉઇડિઝમ નામનો રોગ હોઈ શકે છે, જેને લીધે તેમનો માનસિક વિકાસ રૂંધાઈ શકે છે. જો નિદાન સમયસર થાય તો ઇલાજ મુશ્કેલ નથી. આમ આ ટેસ્ટ એ દરેક જન્મજાત બાળકનો હક છેહાલમાં મુંબઈમાં ઇન્ડિયન ઍકૅડેમી ઑફ પીડિયાટ્રિક્સ જેમાં ભારતભરના ૨૫,૦૦૦થી પણ વધુ બાળનિષ્ણાતો મેમ્બર્સ છે એના દ્વારા ઍક્શન પ્લાન ફૉર કન્જેનિટલ હાઇપોથાઇરૉઇડિઝમ ૨૦૧૮-'૧૯ શરૂ કરવામાં આવ્યો હતો. એ પ્રસંગ નિમિત્તે કન્જેનિટલ એટલે કે જન્મતાંની સાથે જ બાળકોમાં જોવા મળતા થાઈરૉઇડના રોગ વિશે ગૂતિ ફેલાવવાનું કામ કરવું અને આ રોગ સામે દેશનાં નવજાત બાળકોને બચાવવાનું બીડું ઇન્ડિયન ઍકૅડેમી ઑફ પીડિયાટ્રિક્સ દ્વારા ઝડપવામાં આવ્યું હતું. આ માટે એણે એક વિડિયો પણ લૉન્ચ કર્યો હતો. આ વિડિયો મુજબ આપણા દેશમાં દર કલાકે એક બાળક કન્જેનિટલ હાઇપોથાઇરૉઇડિઝમ સાથે જન્મે છે. આમ જોવા જઈએ તો આ રોગ સાથે જન્મતાં બાળકોની સંખ્યા ઘણી મોટી છે. વળી એમાંનાં ઘણાં એવાં છે જેમનું નિદાન મોડું થાય છે. આ વિડિયોમાં અપીલ કરવામાં આવી છે કે બાળકના જન્મનાં બે અઠવાડિયાંની અંદર જ જો આ ટેસ્ટ કરવામાં આવે તો નિદાન વહેલું થાય છે અને આ રોગને કારણે બાળકે હેરાન થવું નથી પડતું. આ રોગ વિશે અને બાળકોમાં એની અસર વિશે આજે સમજીએ. સાથે જાણીએ કે કઈ રીતે આપણાં નવજાત બાળકોને એનાથી બચાવી શકાય.



રોગ

હાઇપોથાઇરૉઇડિઝમ એ સમજી શકાય છે કે થાઈરૉઇડ હૉર્મોનને લાગતો રોગ છે. આપણા શરીરમાં થાઈરૉઇડ નામની એક ગ્રંથિ છે જેમાં થાઈરૉઇડ હૉર્મોનનો સ્ત્રાવ થાય છે અને એનો સંગ્રહ પણ. થાઈરૉઇડ હૉર્મોન શરીરના દરેક કોષના કાર્ય માટે અનિવાર્ય છે. એ ધબકારાને કાબૂમાં રાખે છે, બ્લડ-પ્રેશરને જાળવી રાખે છે, શરીરનું તાપમાન એકસમાન રાખે છે. શરીરના મેટાબોલિઝમ એટલે કે પાચનપ્રક્રિયામાં પણ એ મહત્વનો ભાગ ભજવે છે. એ બાળકોમાં મુખ્યત્વે ગ્રોથ અને ડેવલપમેન્ટ માટે ખૂબ જ જરૂરી હૉર્મોન છે. આ હૉર્મોનનું પ્રમાણ ઘટી જાય એ રોગને હાઇપોથાઇરૉઇડિઝમ કહે છે અને જો પ્રમાણ વધી જાય તો રોગને હાઇપર થાઈરૉઇડિઝમ કહે છે. હાઇપોથાઇરૉઇડિઝમ વધુ પ્રમાણમાં જોવા મળતો રોગ છે. બાળકોમાં જોવા મળતો જન્મજાત રોગ મોટા ભાગે હાઇપોથાઇરૉઇડ જ હોય છે. આ રોગ વિશે વાત કરતાં ડૉ. અભિષેક કુલકર્ણી કહે છે, 'માના ગર્ભમાં જ જ્યારે શરીર વિકસિત થઈ રહ્યું હોય ત્યારે થાઈરૉઇડ ગ્રંથિ વિકસિત ન થઈ હોય અથવા ગ્રંથિ હોય, પરંતુ એ બરાબર કામ ન કરતી હોય તો પણ આવી તકલીફ આવી શકે છે. બાળકના માનસિક વિકાસ માટે થાઈરૉઇડનું નૉર્મલ હોવું અત્યંત જરૂરી છે. માટે જો બાળકને જન્મથી આ રોગ હોય તો એની અસર સ્વરૂપે બાળકનો માનસિક વિકાસ રૂંધાઈ શકે છે. વળી આ રોગ વ્યાપક છે. એટલે પણ ચિંતાનું કારણ છે.'

નિદાન જલદી જરૂરી

આ રોગનું નિદાન તાત્કાલિક થવું જરૂરી છે. એનું કારણ છે કે થાઈરૉઇડ હૉર્મોન બાળકના માનસિક વિકાસ માટે મહત્વનું છે. જો બાળકનું નિદાન થોડું પણ મોડું થયું અને યોગ્ય ઇલાજ ન મરૂયો કે ઇલાજ અધૂરો છોડવામાં આવ્યો તો બાળકની બુદ્ધિશક્તિ પર પણ અસર થાય છે. આ નિદાન બાબતે જાગૃતિની અત્યંત જરૂર છે. બાળક જન્મે કે તરત જ કોઈ ટેસ્ટ કરાવવાની વાત આવે તો લોકો ગભરાઈ જાય છે. તેમને લાગે છે કે બાળકને કોઈ તકલીફ ન હોય તો ખાલી-ખાલી તેની બ્લડ-ટેસ્ટ કરાવવાની શું જરૂર પણ આ વિચાર બરાબર નથી. આ બાબતે સમજાવતાં ડૉ. અભિષેક કુલકર્ણી કહે છે, 'આ બ્લડ-ટેસ્ટ એ દરેક બાળકનો હક છે. એના માટે જરૂરી છે જેટલું જલદી આપણે જાણી શકીએ કે બાળકને થાઈરૉઇડનો પ્રૉબ્લેમ છે એટલું જ બાળક માટે સારું છે. જો નિદાન મોડું થાય, ૨-૩ અઠવાડિયાં પછી જે ચિહ્નો દેખાય અને એના પરથી પણ નિદાન થાય તો પણ એને મોડું જ કહેવાશે. આદર્શ રીતે જન્મનાં પહેલાં બે અઠવાડિયાંની અંદર જ થાઈરૉઇડ ટેસ્ટ થઈ જવી જોઈએ, જેથી નિદાનમાં વાર ન લાગે.'

નવજાત શિશુના પગની પાની પર એક નાનકડું પ્રિક કરવામાં આવે છે અને ત્યાંથી લોહી કાઢીને આ ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટ ખૂબ જ સરળ છે જેમાં ગભરાવા જેવી કોઈ બાબત નથી. જો બાળકને આ રોગ હોય તો એનો ઇલાજ શું હોય શકે આ બાબતે સમજાવતાં ડૉ. અભિષેક કુલકર્ણી કહે છે, 'જો બાળકને જન્મ સાથે હાઇપોથાઇરૉઇડ હોય તો જેવું નિદાન થાય એવું તરત જ જન્મના પહેલા કે બીજા અઠવાડિયે જ થાઇરોક્સિન નામની દવાનો યોગ્ય ડોઝ તેને આપવો પડે છે જે મોઢેથી લેવાની દવા છે જે માના દૂધ સાથે કે પાણી સાથે ભેળવીને આપવામાં આવે છે. આ ડોઝ દરરોજ આપવાનો હોય છે. થોડાં અઠવાડિયાં પછી બાળકની ફરી ટેસ્ટ કરવામાં આવે છે અને એના સુધાર મુજબ દવાનો ડોઝ ફરીથી નક્કી થાય છે. બાળક જેમ મોટું થાય એમ ડોઝ પણ ધીમે-ધીમે વધતો જાય છે. આ દવા સાથે બાળકનો માનસિક ગ્રોથ એકદમ નૉર્મલ રહે છે અને તેને કોઈ જ પ્રકારની તકલીફ નથી રહેતી. આમ ઇલાજ એનો સરળ છે અને સસ્તો પણ, પરંતુ જરૂરી છે કે આ બાબતે જાગૃતિ વધે અને આ બાળકોનું નિદાન સમયસર થાય.'

તંત્રી લેખ...

બુધવાર, તા.૧૮ નવેમ્બર ૨૦૨૬

નવી વ્યવસ્થાનો સંકેત કે રાજદ્વારી દાવપેચ?

અમેરિકા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, રશિયન પ્રેસિડેન્ટ વ્લાદિમીર પુતિન અને ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનાપિંગ વચ્ચે ઐતિહાસિક ત્રિપક્ષીય બેઠક ૧૯મી નવેમ્બરે ચીનના શેનજેનમાં એશિયા-પેસિફિક ઈકોનોમિક કો-ઓપરેશન (એપીઈસી) સંમેલન નિમિત્તે થવાની છે. આ ત્રણ પરમાણુ શક્તિઓ અને મહાસત્તાના ટોચના નેતા અનેકવાર એકમેકને મળ્યા છે, ૨૦૨૫માં અલાસ્કામાં ટ્રમ્પ-પુતિન વચ્ચે શિખર મંત્રણા યોજાઈ હતી, તો ૨૦૧૩થી પુતિન અને જિનાપિંગ વચ્ચે ૪૦ દ્વિપક્ષીય બેઠક થઈ છે, પણ ત્રણેય એકસાથે બેઠક સ્વરૂપમાં મળ્યા નથી. આ બેઠકનું સ્વરૂપ અનૌપચારિક હોવા છતાં તેનું આગવું મહત્ત્વ છે અને આખા વિશ્વની નજર આ બેઠક પર છે, ખાસ તો મંગળવારે ફિલિપાઈન્સની રાજધાની મનીલામાં એસોસિયેશન ઓફ સાઉથઈસ્ટ એશિયન નેશન્સ (આસિયન) સમિટ દરમિયાન ક્વાડ (યુએસ, ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાન) રાષ્ટ્રોના વડાઓની બેઠક બાદ ટ્રમ્પે કરેલા દાવા-૧૦ મહિનામાં અમેરિકા દુર્લભ પૃથ્વી ખનિજોના ઉત્પાદનમાં ચીનને પાછળ છોડી દેશે. ટ્રમ્પના બીજા કાર્યકાળમાં ક્વાડ રાષ્ટ્રોના વડાની આ પ્રથમ બેઠક પૂર્વે ક્વાડની પ્રાસંગિકતા વિશે ગંભીર પ્રશ્નો હતા. ક્વાડની બેઠકની જેમ ત્રિપક્ષીય બેઠક પણ વિશ્વને ભૂ-રાજકીય સંદેશ આપે છે ? એના પર નજર રહેશે.

બાજિંગે પહેલેથી જ સ્પષ્ટતા કરી છે કે, ત્રણેય નેતા વિશ્વ શાંતિ અંગે ચર્ચા માટે મળશે અને ટ્રમ્પ પરમાણુ શસ્ત્રો પર નિયંત્રણ મોરચે નવી સમજૂતી ઈચ્છે છે, જેમાં ચીન પણ સામેલ થાય કેમ કે ચીન પાસે વિશ્વમાં સૌથી વધુ છએક હજાર જેટલાં પરમાણુ શસ્ત્રો છે. અમેરિકા અને રશિયા પાસે પણ પાંચ હજારથી વધુ આવાં શસ્ત્ર છે. ચીન દેખીતી રીતે જ અમેરિકન નિયંત્રણો સ્વીકારવા માગતું નથી. પુતિન માટે આ બેઠક આંતરરાષ્ટ્રીય મંચ પર રશિયાના મહત્ત્વને ફરી પ્રસ્થાપિત કરવાની તક છે, ખાસ તો વિશ્વની બે નિર્વિવાદ મહાસત્તાઓ સાથે તેઓ બરાબરીએ છે એ દેખાડવા સાથે પશ્ચિમના રાષ્ટ્ર સમૂહોએ રાજદ્વારી મોરચે રશિયાને એકલુંઅટૂલું પાડી દીધું છે એનો આ જડબાતોડ જવાબ રહેશે. મધ્યસત્ર ચૂંટણીમાં તેજોવધ પછી ટ્રમ્પ સામે ઘરઆંગણે સમસ્યા-પડકારો વધી રહ્યા છે, ત્યારે વિશ્વ મંચ પર પોતાના યથાવત્ પ્રભાવને દર્શાવવાનો આ મોકો છે. ટ્રમ્પના હુકમનાં પાનાં સમાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોરચે અમેરિકામાં અસ્થિરતા તથા ઈરાન યુદ્ધને લઈને વધી રહેલા વિરોધને પગલે ટ્રમ્પની સ્થિતિ મા મને કોઠીમાંથી કાઢ જેવી છે.ટ્રમ્પની ચીન યાત્રાના અંતિમ તબક્કામાં આ બેઠક યોજાવાની છે અને જિનાપિંગ ચીનની આર્થિક અને ટેક્નોલોજિકલ શક્તિનું પ્રદર્શન કરવા માગે છે. ૨૦૨૭માં અમેરિકા સાથેના વેપાર કરારનો સમયગાળો પૂરો થાય એ પહેલાં ચીન સંબંધો સુધારવા માગે છે, પણ દબાયા કે બાંધછોડ કર્યા વિના. ટ્રમ્પ સંસ્થાગત પ્રક્રિયાઓને બદલે સીધા સંવાદ અને વ્યક્તિગત સંબંધોને કૂટનીતિમાં વધુ મહત્ત્વ આપે છે અને આ બેઠક પણ તેનો જ ભાગ છે, પણ આવા અનૌપચારિક મંચ પર થયેલી સમજૂતીનું મહત્ત્વ અને ટકાઉપણા સામે પ્રશ્નાર્થ છે. યુરોપિયન દેશોને ચિંતા છે કે, યુક્રેન સંબંધી કોઈ મોટું પગલું આ બેઠકમાં લેવાય તો તેમની સુરક્ષા સંબંધી બાબતોમાં તેમનો કોઈ અવાજ નહીં હોય. ભારત માટે પણ આ બેઠક મહત્ત્વની છે, કેમ કે ત્રણેય દેશ સાથે નવી દિલ્હીના સંબંધો સારા છે. આ ત્રણેય મહાસત્તાઓ વચ્ચે વધતી નિકટતા ભારત માટે આપદા અને અવસર બન્ને સર્જી શકે છે. જો કે, મોટાં રાષ્ટ્રો સાથે મળી નિર્ણયો લે અને બાકીનાઓ પર ઠોકી બેસાડે એવી વિશ્વ વ્યવસ્થા બાબતે ભારતે સજાગ રહેવું પડશે. વિશ્વમાં શાંતિ, સ્થિરતા સ્થપાય છે કે ચડસાચડસી, સંઘર્ષ વધે છે, એ આ બેઠક બાદ ખબર પડશે.

ललित 'કળા'

આઈપીએલના ભૂતપૂર્વ ચેરમેન અને આર્થિક ગેરરીતિના આરોપી અને ભાગેડુ લલિત મોદીને સ્વદેશ પરત લાવવાની દિશામાં ૧૬ વર્ષ પ્રયત્નો છતાં પ્રગતિ થઈ નહીં અને હવે તેમણે બ્રિટિશ નાગરિકત્વ મેળવી લેતાં, આ કામ વધુ કપરું થયું છે. અન્ય દેશની સિટીઝનશિપ મેળવવા સાથે તેમનું ભારતીય નાગરિકત્વ આપોઆપ રદ થઈ ગયું છે. જો કે, નિષ્ણાતોના મતે બ્રિટિશ નાગરિકત્વ મેળવવાથી લલિત મોદીને ભારતમાં થનારી તપાસમાંથી પૂરેપૂરી મુક્તિ મળવાની નથી. હા, તેમને હવે બ્રિટન દેશનિકાલ તો નહીં જ કરે. છેલ્લાં ૧૬ વર્ષથી ભારત સરકાર લલિત મોદી, વિજય માલ્યા અને નીરવ મોદી જેવા આર્થિક ગુનેગારોને સ્વદેશ પરત લાવવા પ્રયત્નશીલ છે છતાં એવી વ્યક્તિ જેની સામે ભારતમાં બિનજામીનપાત્ર વોરન્ટ જારી થયું છે, તે બ્રિટનની કાયદાકીય પ્રક્રિયાઓના આટાપાટા પાર કરી કાયમી નાગરિકત્વ મેળવી લે એ આપણી રાજદ્વારી અને કાનૂની વ્યૂહરચનાની મર્યાદાઓ છતી કરે છે. આ પહેલાં ૨૦૨૫માં લલિત મોદીએ પ્રશાંત મહાસાગરમાંના ટાપુ દેશ વાનુઅતુનું નાગરિકત્વ મેળવી ભારતીય પાસપોર્ટ જતો કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ એ વખતે ભારતના રાજદ્વારી પ્રયાસોને કારણે વાનુઅતુના વડાપ્રધાને તેમનો પાસપોર્ટ રદ કરી દીધો હતો. જો કે, બ્રિટન જેવો દેશ આ નૈતિકતા દાખવી શક્યો નથી. એમ તો વિજય માલ્યા અને નીરવ મોદી ઉપરાંત સંરક્ષણ સોદામાં કમિશન અને મની લોન્ડારિંગ કેસમાં વોન્ટેડ આરોપી સંજય ભંડારી, ૧૯૯૩ના સુરત બોમ્બ ધડાકા કેસનો આરોપી ટાઈગર હનીફ તથા નેવી વોર રૂમ લીક કેસમાં વોન્ટેડ નૌકાદળનો ભૂતપૂર્વ અધિકારી પણ હાલ બ્રિટનમાં છે. બ્રિટને ૨૦૨૨માં ટાયર વન ઈન્વેસ્ટર વિઝા નામની યોજના સત્તાવાર બંધ કરી છે, જેમાં ૨૦ લાખ પાઉન્ડ એટલે કે આશરે રૂા. ૨૧ કરોડનું રોકાણ કરનારને બ્રિટનમાં રહેવાની છૂટ મળતી હતી. બ્રિટિશ ગૃહ મંત્રાલયના ૨૦૨૫ના અહેવાલ મુજબ બ્રિટનમાં વિદેશી મૂળના એવા ૧૯,૦૦૦ ગુનેગાર વસે છે જેમની સામે દેશનિકાલના આદેશ છે.

લલિત મોદીને પરત લાવવાના પ્રયાસોમાં એક પણ સરકારને સફળતા મળી નથી અને એમાંય અવારનવાર જાહેરમાં દેખા દઈ તથા પ્રસાર માધ્યમોને મુલાકાતો આપી તેઓ જાણે કે ભારતને પડકારતા હોય છે. મોદી સામે ભારતીય ક્રિકેટ બોર્ડે રૂા. ૪૬૮ કરોડની ઉચાપતનો આરોપ મૂક્યો છે, તો આઈપીએલના મીડિયા પ્રસારણ હક્કો તથા ટેન્ડર ફાળવણીમાં ગેરરીતિ, વિદેશી હૂંડિયામણ કાયદાનો ભંગ તથા ઈડીએ મની લોન્ડારિંગ તથા રાજસ્થાનમાં સ્થાનિક ક્રિકેટ એસોસિયેશનમાં નાણાકીય ગેરરીતિઓ, ચેક બાઉન્સિંગ અને ઐતિહાસિક હલેવીઓની ગેરકાયદે ખરીદી જેવા મામલા પણ તેમની સામે બોલે છે. આમ છતાં, તેઓ ૧૫ વર્ષથી બ્રિટનમાં રહેતા હોવાથી નાગરિકત્વ મળી જવું એ દેખાડે છે કે વૈશ્વિક સ્તરે આર્થિક ગુનેગારો માટે કાયદાનાં છીડાં નહીં આખો રાજમાર્ગ અસ્તિત્વમાં છે. ભારત સરકારે અત્યારે કોઈ પ્રતિક્રિયા આપી નથી, પણ બ્રિટિશ કાયદા-અદાલતોના કડક માપદંડો અનુસાર નક્કર પુરાવા, તહોમતનામા સાથેનો કેસ તૈયાર કરવા પર જોર લગાડવું જોઈએ, જેથી આ એક કેસ અન્ય ભાગેડુઓ માટે પૂર્વ દાખલો ન બની જાય.

આઈપીએલમાં દુનિયાભરના દિગ્ગજ ક્રિકેટરો રમે છે તેથી આ સ્પર્ધા હાઈ પ્રોફાઈલ છે

ધોની સહિતના ક્રિકેટરોના કારણે આઈપીએલ સર્કસ બનતાં અટક્યું

ટી૨૦ લીગમાં કોઈ ટીમને દર ત્રણ વરસે ચેમ્પિયન બનાવે ને દર બીજા વરસે ફાઈનલમાં પહોંચાડે તેના કરતાં સારો કેપ્ટન બીજો કોણ હોય ?

અંતે મહેન્દ્રસિંહ ધોનીએ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)માંથી પણ નિવૃત્તિ લઈ લીધી. આ જાહેરાત સાથે ધોનીએ દર છ-છ વરસે પોતાના ચાહકોને આંચકો આપવાની પરંપરા જાળવી. ધોનીએ આ પહેલાં ટેસ્ટ, વન ડે અને ટી ૨૦માંથી નિવૃત્તિની જાહેરાત પણ અચાનક જ કરેલી. ધોનીએ ૩૦ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કે, ધોની અચાનક સંકેલો કરી લેશે. ભારતીય ટીમ એ વખતે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે ગઈ હતી અને ધોની કેપ્ટન હતો. મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (એમસીજી) પર ત્રીજી ટેસ્ટ પતી કે તરત ધોનીએ ટેસ્ટ ક્રિકેટ છોડવાનું એલાન કરી દીધેલું.

ભારતે સિરીઝની ચોથી ટેસ્ટ રમવાની બાકી હતી પણ ધોનીએ તેની ચિંતા કર્યા વિના નિવૃત્તિ જાહેર કરીને નીકળી ગયો. તેના કારણે સીડનીમાં રમાયેલી છેલ્લી ટેસ્ટમાં વિરાટ કોહલીને કેપ્ટન બનાવવો પડેલો.

ટેસ્ટમાંથી નિવૃત્તિના બરાબર છ વર્ષ પછી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ ધોનીએ વન ડે અને ટી-૨૦ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત પણ અચાનક કરી હતી. ધોનીએ નિવૃત્ત લેવી જોઈએ કે ના લેવી જોઈએ એ ચોવટ થોડા સમય પહેલાં જોરશોરથી ચાલતી હતી પણ કોરોના આવતાં ક્રિકેટ સહિતનું બધું બાજું પર ધકેલાઈ ગયેલું. લોકડાઉન લદાયું તેના કારણે ક્રિકેટ જ બંધ થઈ ગયું હતું ને લોકોને પોતાની પળોજણમાંથી નવરાશ નહોતી તેથી ક્રિકેટરોની વાતો પણ સાવ બંધ હતી.

આ કારણે ધોનીની નિવૃત્તિની ચર્ચા પણ બંધ થઈ ગયેલી ત્યાં અચાનક જ સ્વાતંત્ર્ય દિને ધોનીએ ધડાકો કરીને ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી સંકેલો કરી નાખ્યો હતો. ધોનીએ જાહેરાત કરેલી કે, પોતે હવે એ ટી-૨૦ અને વન ડે મેચમાં પણ નહીં રમે પણ આઈપીએલમાં રમવાનું ચાલુ રાખશે.

આ જાહેરાતના છ વર્ષ પછી ધોનીએ આઈપીએલમાંથી પણ નિવૃત્તિ લેવાનું એલાન કરી દીધું છે ને તેમાં પણ આંચકો તો આપ્યો જ છે. મંગળવાર ને ૧૭ નવેમ્બરે આઈપીએલમાં રીટેન્શન લિસ્ટ જાહેર થવાનું હતું. કઈ ટીમ ક્યા ક્રિકેટરને જાળવી રાખશે તેની યાદી જાહેર થવાની હતી પણ તેના કલાકો પહેલાં જ ધોનીએ આઈપીએલમાં પણ હવે પછી નહીં રમવાનું એલાન કરી દીધું. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ છોડનારા ધોનીએ આઈપીએલમાં રમવાનું ચાલુ રાખવાનું એલાન કરેલું તેથી ધોની આઉટ ઓફ એક્શન નહોતો થયો. હવે ધોની આઈપીએલમાં પણ નહીં રમે તેથી તમામ પ્રકારના સ્પર્ધાત્મક ક્રિકેટમાં હવે ધોની એક્શનમાં નહીં દેખાય.

સચિન તેંડુલકર, વીરેન્દ્ર સેહવાગ સહિતના ક્રિકેટરો હાથ છૂટ્ટો રાખવા સીનિયર ખેલાડીઓની સ્પર્ધાઓમાં કે ચેરિટી-એક્ઝિબિશન મેચોમાં રમે છે એ રીતે વરસના વચલા દાડે કોઈ મેચમાં રમી નાખે એ અલગ વાત છે પણ એ સિવાય બીજી કોઈ મેચમાં ધોની લાઈવ નહીં દેખાય. ધોની આઈપીએલમાં વરસોથી જે ટીમ માટે રમે છે એ ચેન્નાઈ સુપર કિંગ્સ (સીએસકે)નો મેન્ટર નિમાયો છે તેથી આઈપીએલ સાથે ધોનીનો નાતો નથી છૂટવાનો ને આઈપીએલ વખતે એ એક્શનમાં પણ દેખાશે પણ ક્રિકેટના મેદાન પર નહીં દેખાય.

આઈપીએલમાં દુનિયાભરના દિગ્ગજ ક્રિકેટરો રમે છે તેથી આ સ્પર્ધા હાઈ પ્રોફાઈલ છે તેનો ઈન્કાર ના થઈ શકે પણ સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ જેવી તેની પ્રતિષ્ઠા નથી એ પણ હકીકત છે. આઈપીએલ એક પ્રકારનું મનોરંજન છે. ક્રિકેટરો અને દર્શકો પણ તેને મનોરંજન તરીકે જ લે છે. મનોરંજન જગતમાં એક મૂવી સફળ થાય કે સોંગ હીટ થાય કે સિરીઝ હીટ થાય ને નવો સ્ટાર પેદા થઈ જાય એ રીતે આઈપીએલની દરેક સિઝનમાં નવા સ્ટાર પેદા થાય છે, બલ્કે દરેક મેચમાં નવા સ્ટાર પેદા થાય છે તેથી આઈપીએલને બહુ ગંભીરતાથી નથી લેતું. આ જ કારણે આઈપીએલમાંથી કોઈ ક્રિકેટર નિવૃત્ત થાય તેને પણ ગંભીરતાથી નથી લેવાતું પણ મહેન્દ્રસિંહ ધોનીની વાત અલગ છે.

ધોનીએ ભારત વતી રમતાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં અમીટ છાપ છોડી હતી. આઈપીએલમાં પણ ધોનીએ આવી જ છાપ છોડી છે તેથી ધોનીની આઈપીએલમાંથી નિવૃત્તિથી તમામ ક્રિકેટ ચાહકોને આંચકો લાગ્યો જ છે. આઈપીએલમાં ધોનીનો બેટ્સમેન તરીકેનો રેકોર્ડ બહુ જબરદસ્ત નથી. તેના કરતાં જબરદસ્ત બેટિંગ કરનારા આવી ગયા પણ ધોની જે સાતત્ય સાથે રમ્યો એ સાતત્ય બહુ ઓછા ક્રિકેટરો બતાવી શક્યા છે.

એક ક્રિકેટર તરીકે ધોનીની ખાસિયત એ છે કે, ધોની તમામ પ્રકારનું ક્રિકેટ એકસરખી ગંભીરતાથી રમ્યો છે અને જીતવા માટે રમતો હોય એ રીતે જ રમ્યો છે. આઈપીએલમાં પણ ધોનીએ આ જ ગંભીરતા જાળવી અને દરેક મેચ જીતવાના ઝનૂન સાથે જ રમ્યો છે. કોઈ આછકલાઈ કે છોકરમત કદી ના બતાવી ને તેના કારણે આઈપીએલની મેચોને પણ આંતરરાષ્ટ્રીય મેચો જેવું જ ગૌરવ મળ્યું.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટની જેમ જ આઈપીએલમાં પણ ધોનીનો રેકોર્ડ કેપ્ટન તરીકે વધારે પ્રભાવશાળી છે. આઈપીએલ ૨૦૦૮થી રમાય છે એ જોતાં ૧૯ વર્ષ થયાં. ધોની ૨૦૦૮થી ચેન્નાઈ સુપર કિંગ્સનો કેપ્ટન હતો ને ૨૦૨૪માં ઋતુરાજ ગાયકવાડને કેપ્ટન્સી સોંપી ત્યાં સુધી કેપ્ટનપદે રહ્યો. સીએસકેને બે વર્ષ માટે મેચ ફિક્સિંગના કારણને સસ્પેન્ડ કરાયેલી ત્યારે ધોની બીજી ટીમમાંથી રમેલો પણ એ સિવાયનાં ૧૭ વર્ષમાંથી ૧૫ વર્ષ ધોની કેપ્ટન રહ્યો. ધોનીના નેતૃત્વમાં ચેન્નાઈ સુપરકિંગ્સ ૨૦૧૦, ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩ એમ પાંચ વાર ચેમ્પિયન બની છે. આ ૧૭ વર્ષમાં સીએસકે ૧૦ વાર તો ફાઈનલમાં ગઈ છે.

એકમેકનાં માથાં ભાંગે એવા દેશ-વિદેશના ક્રિકેટરો રમતા હોય એવી ટી૨૦ લીગમાં કોઈ ટીમને દર ત્રણ વરસે ચેમ્પિયન બનાવે ને દર બીજા વરસે ફાઈનલમાં પહોંચાડે તેના કરતાં સારો કેપ્ટન બીજો કોણ હોય ? ધોનીએ સીએસકેને વિશ્વભરની ટી-૨૦ લીગની ચેમ્પિયન ટીમો વચ્ચે રમાતી ચેમ્પિયન્સ લીગ ટી-૨૦માં પણ ૨૦૧૦ અને ૨૦૧૪ એમ બે વાર ચેમ્પિયન બનાવી હતી. ૨૦૧૪માં રમાયા પછી ચેમ્પિયન્સ લીગ ટી-૨૦ ફરી ના રમાઈ, બાકી ધોનીએ ફરી પણ સીએસકેને ચેમ્પિયન બનાવી જ હોત.

ધોનીની નિવૃત્તિ સાથે આઈપીએલ તો ચાલુ જ રહેશે પણ એક દમદાર ખેલાડીની ખોટ ચોક્કસ વર્તાશે. ધોની પાસે એકલા હાથે બાજી પલટી નાખવાની તાકાત હતી ને તેનો પરચો તેણે ઘણી મેચોમાં આપેલો. કેપ્ટન તરીકે ધોની જે વ્યૂહરચનાઓ અપનાવતો એ પણ સૌને દંગ કરી દેતી. આ બધાની ખોટ પણ ક્રિકેટ ચાહકોને સાલશે. છેલ્લાં કેટલાંક વરસોમાં આઈપીએલની છાપ ક્રિકેટ સર્કસ તરીકે પ્રબળ બનતી જાય છે. ધોની સહિતના ક્રિકેટરોએ આઈપીએલને કમ્પ્લીટ સર્કસ નહોતું બનવા દીધું. ધોનીની વિદાય સાથે એ પ્રક્રિયા પણ તેજ બનશે.

'મારેતો બહારનું કંઈ ના ચાલે. કરબડા આઠમથી નાસ્તા બનાવવાનું ચાલુ કરી જ દેવાનું.

મઠિયા, ચોળાફળી ને ઘૂઘરા દિવાળી પછી ભેળ!

જીવનમાં સગાંસંબંધી, મિત્રો, પાડોશીઓ વિના કોઈ તહેવાર કે પ્રસંગ અધૂરો લાગે છે. દુ:ખ વહેંચવા પોતાના લોકો જોઈએ એમ ખુશીઓ વહેંચવા પણ અંગત લોકોની જ જરૂર પડે છે.

હેમલતાબહેનનાં મઠિયા એટલે કહેવું પડે. મઠનો લોટ જાતે દળાવે, જાતે જ બાંધે અને જાતે કૂટે પણ ખરાં!

આ ઉંમરેય જુવાનિયાઓને શરમાવે એટલી તાકાત, બોલો. અમે તો છેલ્લાં વીસ વર્ષથી હેમલતાબહેનનાં મઠિયા જ મંગાવીએ. એક મહિના પહેલા ઓર્ડર આપ્યો હોય તો જ મળે હોં, છેલ્લી ઘડીની વાત જ નહીં ને આ ગયા વર્ષે અમારે નેહાને એમ કે પછી ઓર્ડર આપીશું, અને પછી ભૂલી ગઈ. ઓગણીસ વર્ષનો સંબંધ હોવા છતાં હેમલતાબહેને એક કિલો મઠિયા પણ ના જ કરી આપ્યા. પછી તો મઠિયાની ટ્રાયલોમાં જ આખી દિવાળી ગઈ, તોય હેમલતાબહેન જેવી મજા તો નહીં જ. એટલે આ વર્ષે મેં જાતે બે મહિના પહેલાથી મારા બે કિલો મઠિયાનો ઓર્ડર આપી દીધો, અને જો આ આવી પણ ગયા!

'કેટલા સ્વાદિષ્ટ છે...આ હા હા...' મઠિયાનું બટકું ભરતાં રીટાબહેન બોલ્યા. તો સામે બીનાબહેન કહે 'તમારા મઠિયાની જેમ અમને તો જશનાં ચોળફળી જ ભાવે. જો બીજે ક્યાંયથી આવે તો દિવાળી બગડી સમજો.' ત્યારે કામિનીબહેન કહે : 'મારેતો બહારનું કંઈ ના ચાલે. કરબડા આઠમથી નાસ્તા બનાવવાનું ચાલુ કરી જ દેવાનું. હું ને મારી વહુ બંને કામે લાગી જઈએ. મઠિયા, ચોળાફળી, ઘૂઘરા, મોહનથાળ, જાડી-ઝીણી સેવ, ચેવડો, ફરસીપુરી, સુંવાળી બધુંય તે હાથોહાથ જ બનાવી લેવાનું.'આ બધી વાતો સાંભળીને હંસાબહેને તારણ આપ્યું કે 'ઘેર બનાવો કે બહારથી લાવો પણ દિવાળીનાં નાસ્તા તો જોઈએ જ! ભલેને દીકરા - વહુ ગમે એટલું ડાયટિંગ અને હેલ્થી ડાયટની વાતો કરે, પણ આપણે દિવાળીનાં નાસ્તા ને મીઠાઈઓ તો નહીં જ છોડવાનાં!' હંસાબહેનની આ વાત કીટીની બધી બહેનપણીઓએ હસીને તાળી પાડીને વધાવી લીધી. અને પછી બધાએ કીટીની આ પ્રી-દિવાળી પાર્ટીમાં મનભરીને નાસ્તા કર્યા.પછી સૌ પોતપોતાના પરિવાર સાથે તહેવાર ઉજવવામાં મસ્ત થઈ ગયા. દિવાળી પૂરી થઈ ગયા પછી મહિનાની બીજી કીટી પાર્ટીનો દિવસ આવ્યો. કામિનીબહેનનાં ઘેર બધાં ભેગા થયાં. હાઉસી રમ્યા પછી વહુ નાસ્તો લાવી. એક પ્લેટમાં ત્રણ ઘૂઘરા, બે કાજુ કતરી અને ભૂકો જોડેલા ત્રણ કટકા મોહનથાળ. બીજી પ્લેટમાં અડધા કરેલા પાંચ છ મઠિયા, ચોળાફળી ચાટ, બે જાતની સેવ-ફરસીપુરી-ચેવડા-સુંવાળીનું મિશ્રણ આ જોઈને કોઈએ આંખ મીચકારી તો કોઈ મનમાં હસ્યું, કોઈએ કંઈ નાસ્તો ના કર્યો તો કોઈએ હોંશે હોંશે ખાધું. નાસ્તામાં શું હતું એ બધા મનમાં સમજી ગયા હતા પણ લગભગ દરેક જણ આ જ કરતું હોય એટલે કોઈ કંઈ બોલ્યું નહીં. આપણે રોજિંદા જીવનમાં પણ કોઈ વ્યક્તિ ગમે, કોઈ ના ગમે, કોઈની સાથે ફાવે ના ફાવે, કોઈની સાથે સંબંધ સારા રાખવા હોય, કોઈની સાથે સારા રાખવા પડતા હોય સંબંધોનાં તાણાવાણા પણ દિવાળીનાં નાસ્તા જેવા જ હોય છે, નહીં? જૂના, નવા અને કોઈવાર ભેળ જેવા. ખાટામીઠા, તીખા, ખારા અને ખાટા બધા જ સ્વાદ આપણી આસપાસના સંબંધોમાંથી ચાખવા મળી જાય. જે ના ભાવે એ ઓછું ખાઈએ કે પછી ખાવાનું ટાળીએ, પણ એનાથી એ સ્વાદ બેસ્વાદ નથી થતો. એ જ રીતે કોઈ સંબંધ સાથે જોડાયેલી વ્યક્તિ ના ગમતી હોય કે ઓછી ગમતી હોય તો એનાથી સંબંધ મટી નથી જતો. ઘૂઘરા કે ગુલાબજાંબુ જેવા સંબંધો કોને ના ગમે? હંમેશાં મીઠા. જોકે બે વાસણ સાથે રાખો તો ખખડે જ.માટે મીઠાઈ જેવા સંબંધો હોવા એનાં કરતાં સંબંધોમાં મીઠાશ જળવાઈ રહે એ જરૂરી છે. કેટલાક સંબંધો ચોળાફળી જેવા તીખા તો કેટલાક મઠિયા જેવા અલગ જ સ્વાદનાં. પણ લગભગ બધા સંબંધ ભેળ જેવા હોય છે, જેમાં દરેક સ્વાદ માપસરનો હોય છે! મહત્ત્વનું એ છે કે માણસ માત્રને સંબંધોની જરૂર પડે છે.જીવનમાં સગાંસંબંધી, મિત્રો, પાડોશીઓ વિના કોઈ તહેવાર કે પ્રસંગ અધૂરો લાગે છે. દુ:ખ વહેંચવા પોતાના લોકો જોઈએ એમ ખુશીઓ વહેંચવા પણ અંગત લોકોની જ જરૂર પડે છે. હા, દરેક સંબંધ જાળવવો જરૂરી નથી, પણ દરેક સંબંધને માન આપવું જરૂરી છે. અમુક સંબંધમાં મર્યાદા રાખવી પડે, અમુકમાં અંતર રાખવું પડે. એનો અર્થ સંબંધનો અનાદર નથી. જેમ દિવાળીના નાસ્તામાં જૂના નાસ્તાની ભેળ થઈ શકે છે, એમ જીવનમાં જૂના સંબંધો સાથે નવા સંબંધો જોડાતા રહે છે. સમય બદલાય, વ્યક્તિઓ બદલાય, પણ સંબંધનું મહત્ત્વ અકબંધ રહે છે. આ સાથે સંબંધોની ભેળમાં સંતુલન જરૂરી છે.બધું જ મીઠું હોય તો પણ સ્વાદ ન આવે અને બધું જ તીખું હોય તો પણ ખાઈ ન શકાય. જીવનમાં પણ પ્રેમ, મતભેદ, અપેક્ષા, સ્વીકાર અને સમજણનું યોગ્ય પ્રમાણ જરૂરી છે.

આખરે, દિવાળી પછીની ભેળ હોય કે જીવનભરના સંબંધો, સ્વાદ માણતાં આવડવો જોઈએ!

નાગણેશ્વરી માતાજી પ્રત્યેની શ્રદ્ધાનો ઉલ્લેખ દેવી ભાગવત પુરાણના દસમા સ્કંધના સંદર્ભમાં પણ કરવામાં આવે છે.

માતાજીનું મંદિરઃ નાગણેશ્વરી

ભારતનાં લોકપ્રિય પ્રવાસન સ્થળોમાં રાજસ્થાનનું આગવું સ્થાન છે. જેસલમેરના પીળા પથ્થરો તેને 'ગોલ્ડન સિટી' તરીકે ઓળખ અપાવે છે

માતાજીનું મંદિરઃ શ્રદ્ધા-શિલ્પકલા ને ઐતિહાસિક વિરાસતનો અનોખો સંગમ છેરાજસ્થાન એટલે રાજા-મહારાજાઓની શૌર્યગાથા, ભવ્ય કિલ્લાઓ, ઐતિહાસિક મહેલો અને કલાત્મક મંદિરોની ધરતી. આ પવિત્ર ભૂમિ પર અનેક રાજવંશોએ પોતાની કુળદેવી પ્રત્યેની અતૂટ શ્રદ્ધા વ્યક્ત કરવા માટે ભવ્ય મંદિરોનું નિર્માણ કરાવ્યું છે. આજે પણ આ મંદિરો રાજસ્થાનના ગૌરવશાળી ઈતિહાસ અને અદ્ભુત સ્થાપત્યકલાની સાક્ષી પૂરે છે.

ભારતનાં લોકપ્રિય પ્રવાસન સ્થળોમાં રાજસ્થાનનું આગવું સ્થાન છે. જેસલમેરના પીળા પથ્થરો તેને 'ગોલ્ડન સિટી' તરીકે ઓળખ અપાવે છે, તો જોધપુર, જયપુર, બિકાનેર, અજમેર, ઉદયપુર, કોટા, ભીલવાડા અને અન્ય શહેરો પોતાની આગવી સ્થાપત્યકલા અને સાંસ્કૃતિક વિરાસત માટે જાણીતા છે. અહીંનાં પથ્થરોની મજબૂતાઈ અને રંગોની વિવિધતા મંદિરો તથા મહેલોની સુંદરતામાં ચાર ચાંદ લગાવે છે.

રાજસ્થાનની ધરતી પર પાકિસ્તાન સરહદ નજીક આવેલું વિશ્વવિખ્યાત તનોટ માતાજીનું મંદિર પણ ભાટી સહિતની અનેક શાખાઓની અતૂટ આસ્થાનું કેન્દ્ર છે. બીજી તરફ, લોકદેવતા બાબા રામદેવજી મહારાજ પ્રત્યેની શ્રદ્ધા માત્ર રાજસ્થાનમાં જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં અને વિશ્વભરમાં ફેલાયેલી છે.

આવી જ પવિત્ર અને ઐતિહાસિક ધરતી પર આજે આપણે રાઠોડ વંશનાં કુળદેવી શ્રી નાગણેશ્વરી માતાજીના પાવન ધામની વાત કરીશું. રાજસ્થાનના નાગાણા ગામે આવેલું માતાજીનું આ ભવ્ય મંદિર આરસપહાણની કલાત્મક કોતરણી, વિશાળ પરિસર અને અદ્ભુત ધાર્મિક મહત્ત્વ ધરાવે છે.

રાજસ્થાનના બાડમેર જિલ્લાના પંચપદ્રા તાલુકામાં નાગાણા ગામ આવેલું છે. અહીં શ્રી નાગણેશ્વરી માતાજીનું મુખ્ય પ્રાગટ્ય સ્થાન અને પવિત્ર પાટસ્થાન આવેલું છે. આ મંદિર જોધપુરથી આશરે ૭૦ કિલોમીટર અને બાલોતરાથી આશરે બાવન કિલોમીટરના અંતરે આવેલું છે.

સમયાંતરે મંદિરનું ભવ્ય નવનિર્માણ કરવામાં આવ્યું છે. તેમ છતાં, માતાજીની મૂળ મૂર્તિ જે સ્થિતિમાં અને જે સ્થાને બિરાજમાન હતી, તે જ સ્થિતિમાં આજે પણ સ્થાપિત છે. આ બાબત ભક્તો માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર છે. પરંપરા મુજબ માતાજીની પૂજા-અર્ચના ઘૂહડજી રાઠોડના વંશજો દ્વારા કરવામાં આવે છે.

જોધપુરના રાજવંશનો વંશવેલો ગુજરાત સુધી પણ વિસ્તરેલો છે. રાઠોડ અને તેમની પેટા શાખાઓ જોધા, કુંપાવત, જેતાવત, ચંપાવત સહિતના રાજપૂત પરિવારોમાં માતાજી પ્રત્યે અખૂટ શ્રદ્ધા જોવા મળે છે. ખુમાપુર, ભવાનગઢ, વાગડી, મઉ વાસણ સહિતનાં ગામોમાં પણ નાગણેશ્વરી માતાજીનાં મંદિરો આવેલાં છે.

નાગણેશ્વરી માતાજી પ્રત્યેની શ્રદ્ધાનો ઉલ્લેખ દેવી ભાગવત પુરાણના દસમા સ્કંધના સંદર્ભમાં પણ કરવામાં આવે છે. શ્રી મનુજી રાઠોડના જણાવ્યા મુજબ રણબંકા રાઠોડોની કુળવર્ધિની તરીકે નાગણેશ્વરી મૈયાનું વિશેષ સ્થાન છે. પરંપરાગત વંશાવળી મુજબ રાઠોડ વંશનું ગૌત્ર ગૌતમ, કુળગુરુ વસિષ્ઠ, નદી સરયુ, ક્ષેત્ર અયોધ્યા, વેદ શુક્લ યજુર્વેદ અને શાખા માંધ્યંદિની તરીકે ઓ

બોલિવૂડ સ્ટારમાં ડરનો માહોલ

જાહેર કાર્યક્રમોમાં સેલેબ્રિટીનાં બાઉન્સર્સની સંખ્યા વધી

અનન્યા પાંડેએ સ્થિતિને દુ:ખદ ગણાવી, મુંબઈ પોલીસનો સેલિબ્રિટીઝને કાર્યક્રમોમાં હાજરી ન આપવા અંગે એડવાઇઝરી જાહેર કરી હોવાનો ઇનકાર

મુંબઈમાં ટાઇગર શ્રોફની કાર પર થયેલા ફાયરિંગની ઘટના બાદ બોલિવૂડમાં સેલિબ્રિટીઝની સુરક્ષાને લઈને ચિંતા વધી છે. જોકે, આ ઘટનાને પગલે કલાકારોને જાહેર કાર્યક્રમોમાં હાજરી ન આપવા અંગે મુંબઈ પોલીસે કોઈ સુરક્ષા એડવાઇઝરી જાહેર કરી નથી. પોલીસે આવા અહેવાલોને પાયાવિહોણા ગણાવી સ્પષ્ટતા કરી છે. બીજી તરફ, ફિલ્મ કલાકારો અને તેમની ટીમે સાવચેતી વધારી છે. જાહેર કાર્યક્રમોમાં બાઉન્સર્સની સંખ્યા વધારવાની સાથે આયોજકો અને મહેમાનોની વિગતોની પણ વધુ તપાસ કરવામાં આવી રહી છે.

એક જાહેર કાર્યક્રમમાં તાજેતરમાં અનન્યા પાંડેએ પણ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમની ચર્ચામાં વાતચીત દરમિયાન ટાઇગર શ્રોફ પરના હુમલા અંગે પૂછવામાં આવતાં અનન્યાએ કહ્યું હતું, "આ ઘણી ભયજનક અને અત્યંત દુ:ખદ સ્થિતિ છે. મને લાગે છે કે હવે દરેક વ્યક્તિની સુરક્ષા માટેનાં પગલાં અંગે લોકો નિશ્ચિત નહીં રહી શકે, કારણ કે વાત માત્ર અભિનેતાની સુરક્ષાની રહી નથી, પરંતુ જ્યારે મોટી સંખ્યામાં લોકો એકત્ર થાય છે ત્યારે ત્યાં હાજર દરેક વ્યક્તિની સુરક્ષાનો પણ પ્રશ્ન હોય છે."

તેણે વધુમાં કહ્યું હતું, "સુરક્ષિત વાતાવરણ ઊભું કરવું જરૂરી છે. જો હું મારી ફિલ્મો જોનારા લોકો સાથે વાત ન કરી શકું તો એ મારા માટે ખૂબ દુ:ખદ હશે. એક અભિનેતા તરીકે સૌથી સંતોષકારક ક્ષણ એ હોય છે જ્યારે કોઈ વ્યક્તિ આવીને કહે કે તમે ભજવેલા પાત્રમાં તેને પોતાની ઝલક જોવા મળી. હું આશા રાખું છું કે અભિનેતા અને દર્શકો વચ્ચેનો આ સંબંધ જળવાઈ રહે. જોકે, સુરક્ષા દરેક માટે મહત્ત્વની છે, માત્ર કલાકારો માટે નહીં."

અનન્યાની આ ચિંતા વચ્ચે મુંબઈ પોલીસનાં જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ (લો એન્ડ ઓર્ડર) મનોજ કુમાર શર્માએ સેલિબ્રિટીઝને જાહેર કાર્યક્રમોમાં ન જવાની સલાહ આપતી કોઈ એડવાઇઝરી જાહેર થઈ હોવાના અહેવાલોનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, આ માહિતી સાચી નથી અને પાયાવિહોણી છે.

જોકે, ઘટના બાદ કલાકારો અને તેમની ટીમ સુરક્ષાને લઈને વધુ સતર્ક બની છે. ટેલેન્ટ મેનેજમેન્ટ કંપનીના માલિક રાકેશ ઉપાધ્યાયના જણાવ્યા અનુસાર, કલાકારોનાં જાહેર કાર્યક્રમોમાં હાજરી આપવાના પ્રમાણમાં કોઈ મોટો ઘટાડો થયો નથી, પરંતુ સુરક્ષા વ્યવસ્થામાં વધારો થયો છે. રવિ કિશન, અમીષા પટેલ અને જેકલીન ફર્નાન્ડિસ જેવા કલાકારો સાથે કામ કરતા ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, કોઈ કંપની કે બિઝનેસમેન દ્વારા આયોજિત કાર્યક્રમમાં હાજરી આપતાં પહેલાં સેલિબ્રિટી મેનેજર્સ હવે આયોજકની વેબસાઇટ, કાર્યક્રમમાં હાજર રહેનારા લોકોની સંખ્યા અને મહેમાનોની વિગતો માગે છે. અગાઉ કલાકારો માટે ઉથી ૪ બાઉન્સર્સની વ્યવસ્થા કરવામાં આવતી હતી, જે હવે વધારીને ૬થી ૭ કરવામાં આવી છે.

શ્રોફ પરિવારની જાહેર હાજરી સાથે સંકળાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, જેકી શ્રોફે પોતાના પૂર્વનિર્ધારિત કાર્યક્રમોમાં હાજરી આપવાનું ચાલુ રાખ્યું છે અને તેમની દિનચર્યામાં ખાસ ફેરફાર થયો નથી. જોકે, અન્ય કલાકારોના કિસ્સામાં સુરક્ષાની માગ વધી છે. હવે કાર્યક્રમો માટે ઓછામાં ઓછા ૬ બાઉન્સર્સની વ્યવસ્થા કરવાની માગ કરવામાં આવે છે. સાથે જ આયોજકોની તમામ વિગતોની ચકાસણી પણ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે ટાઇગર શ્રોફે ગોળીબારની ઘટના અંગે કોઈ જાહેર નિવેદન આપ્યું નથી કે વીડિયો પણ બહાર પાડ્યો નથી. ખોટી માહિતી ફેલાવનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. બીજી તરફ, મહારાષ્ટ્ર કંટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (મકોકા) હેઠળની વિશેષ અદાલતે આ ફાયરિંગ કેસમાં ફૂલ સિંહ સહિત પાંચ આરોપીઓની પોલીસ કસ્ટડી ૧૬ નવેમ્બર સુધી લંબાવી છે.

દરમિયાન, ટ્રેડ એનાલિસ્ટ ગિરીશ જોહરના મતે, કલાકારોની જાહેર પ્રમોશનલ પ્રવૃત્તિઓમાં ઘટાડો થાય તો પણ ફિલ્મોના બોક્સ ઓફિસ કલેક્શન પર તેની ખાસ અસર થવાની શક્યતા નથી. તેમના જણાવ્યા અનુસાર, ફિલ્મની સફળતા મુખ્યત્વે તેની વાર્તા અને કન્ટેન્ટ પર આધારિત હોય છે. શાહરુખ ખાન અને સલમાન ખાને પણ અગાઉ પોતાની પ્રમોશનલ હાજરી મર્યાદિત રાખી હતી, છતાં તેમની ફિલ્મોના બોક્સ ઓફિસ કલેક્શન પર તેની ખાસ અસર થઈ નહોતી.



શ્રોફ પરિવારની જાહેર હાજરી સાથે સંકળાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, જેકી શ્રોફે પોતાના પૂર્વનિર્ધારિત કાર્યક્રમોમાં હાજરી આપવાનું ચાલુ રાખ્યું છે અને તેમની દિનચર્યામાં ખાસ ફેરફાર થયો નથી. જોકે, અન્ય કલાકારોના કિસ્સામાં સુરક્ષાની માગ વધી છે.



Robert Pattinson James Bond : 'ધ બેટમેન' સ્ટાર રોબર્ટ પેટિન્સનની નવા જેમ્સ બોન્ડ તરીકે પસંદગી

૪૦ વર્ષીય રોબર્ટ પેટિન્સને કેલમ ટર્નર, જોશ ઓ'કોનર, જેક લોડેન અને નિકોલસ હોલ્ટને પછાડી મેદાન માર્યું

રોબર્ટ પેટિન્સનને આગામી 'જેમ્સ બોન્ડ' જાહેર કરવામાં આવ્યા છે. આ સાથે જ તેઓ આ પ્રતિષ્ઠિત બ્રિટિશ જાસૂસની ભૂમિકા ભજવનાર સાતમા અભિનેતા અને 'એમેઝોન એમજીએમ' એ આ લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઇઝીનો કબજો લીધા પછીના પ્રથમ અભિનેતા બન્યા છે.

પેટિન્સનની આ પસંદગી '૦૦૭'ના ઇતિહાસના સૌથી લાંબા વિરામ દરમિયાન થઈ છે આની સાથે જ ડેનિયલ ક્રેગ પાસેથી આ ભૂમિકા કોણ વારસામાં લેશે તે અંગે વર્ષોથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. ૨૦૨૧માં આવેલી 'નો ટાઈમ ટુ ડાઈ'ના પાંચ વર્ષ બાદ આ જાહેરાત થઈ છે. પેટિન્સને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "જેમ્સ બોન્ડ સિનેમાના સૌથી દિગ્ગજ પાત્રોમાંનું એક છે, અને ૦૦૭ની જવાબદારી સોંપવામાં આવવી એ જીવનભરનું સન્માન છે. આ ભૂમિકા એક સ્વપ્ન સાકાર થવા સમાન છે એમ કહેવું પણ ઓછું પડશે. હું આ ભાગીદારી અને આ શાનદાર ટીમ સાથે આગળ કામ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છું."

પેટિન્સને આ ભૂમિકા માટે સ્ક્રીન-ટેસ્ટ આપ્યો હોવાનું બહાર આવ્યા બાદ જ તેમનું નામ બોન્ડ તરીકે ચાલી ગયું હતું. અહેવાલો અનુસાર, આ હરીફાઈમાં સામેલ અન્ય કલાકારોમાં કેલમ ટર્નર, જોશ ઓ'કોનર, જેક લોડેન અને નિકોલસ હોલ્ટનો સમાવેશ થતો હતો. નિર્માતાઓ લાંબા સમયથી કોઈ યુવાન અને ઓછા જાણીતા સ્ટારની પસંદગી કરશે તેવી અપેક્ષા હતી. તેના બદલે તેમણે તેમની પેઢીના સૌથી જાણીતા અભિનેતાઓમાંના એકની પસંદગી કરી છે. ૪૦ વર્ષીય પેટિન્સન ૦૦૭ તરીકે શરૂઆત કરવા માટે પ્રમાણમાં મોટી ઉંમરના પણ છે. આ અભિનેતા હાલમાં 'ધ બેટમેન પાર્ટ ૨'માં અન્ય એક પ્રતિષ્ઠિત ભૂમિકાનું શૂટિંગ કરી રહ્યા છે.

પેટિન્સન અગાઉથી જ ત્રણ મેગા-ફ્રેન્ચાઇઝીઓ સાથે જોડાયેલા છે: 'ધ બેટમેન', 'ટ્વાઇલાઇટ' (Twilight) અને 'હેરી પોટર'. પરંતુ 'ટ્વાઇલાઇટ'માં મળેલી સફળતા બાદ પેટિન્સને મુખ્યત્વે સ્વતંત્ર અને દિગ્દર્શક-કેન્દ્રિત ફિલ્મોમાં કામ કર્યું છે, જેમ કે સફદી બ્રધર્સ સાથે 'ગુડ ટાઈમ', રોબર્ટ એગર્સની 'ધ લાઇટહાઉસ' અને બોંગ જૂન હોની 'મિકી ૧૭'. આ વર્ષની શરૂઆતમાં, ક્રિસ્ટોફર નોલાનની 'ધ ઓડિસી'માં તેમના ખલનાયકના અભિનય માટે તેમને ખૂબ જ પ્રશંસા મળી હતી.

દિગ્દર્શક વિલેન્યુવે કહ્યું કે આ એક મુશ્કેલ પસંદગી હતી, પરંતુ યોગ્ય હતી. "અમે અસાધારણ પ્રતિભાઓથી ઘેરાયેલા હતા, પરંતુ ૦૦૭ તો એક જ હોઈ શકે. અમારા નવા જેમ્સ બોન્ડ તરીકે રોબર્ટ પેટિન્સનનું સ્વાગત કરતા મને અત્યંત આનંદ થાય છે. તેમનામાં ૦૦૭નો શાશ્વત આત્મા છે અને તેઓ એકદમ નવો ઉત્સાહ લઈને આવે છે. હું કામ શરૂ કરવા માટે આતુર છું," તેમ દિગ્દર્શકે એક નિવેદનમાં જણાવ્યું હતું.

Amitabh-Abhishek Death Threat : બુલેટપ્રૂફ પણ તમને બચાવી નહીં શકે અમિતાભ-અભિષેકને મારી નાખવા ધમકી

ગેંગસ્ટર ગોલ્ડીની ધમકીથી ફરી એકવાર બિગ બીની સુરક્ષા સામે ચિંતા

મુંબઈ, બોલિવૂડના મહાનાયક અમિતાભ બચ્ચન અને તેમના પુત્ર અભિષેક બચ્ચનને વધુ એક વખત જાનથી મારી નાખવાની ધમકી મળી છે. પોતાની ઓળખ ગેંગસ્ટર ગોલ્ડી ઢિલ્લોન તરીકે આપનાર શખ્સે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ફેસબુક પર પોસ્ટ કરીને બચ્ચન પિતા-પુત્રને સીધા નિશાન બનાવ્યા છે, જેના કારણે ફિલ્મ ઇન્ડસ્ટ્રી અને સુરક્ષા એજન્સીઓની ચિંતામાં વધારો થયો છે. તેણે કહ્યું છે કે મારી પાસે ૨૦૦ છોકરાઓ નિશાન બનાવવા તૈયાર છે. મીડિયા અહેવાલો અનુસાર, ગોલ્ડીએ દાવો કર્યો છે કે દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે મુંબઈથી તેના બે સાથીઓ વિકાસ ઠાકુર અને દીપક સિંહની ધરપકડ કરી છે. આ સાથે તેણે શીખ સમુદાય વિરુદ્ધ



નિવેદનો આપનારાઓને પણ ગંભીર પરિણામો ભોગવવાની ચેતવણી આપી છે. અમિતાભ અને અભિષેક બચ્ચનનું નામ લેતા ઢિલ્લોને ખુલ્લી ધમકી આપતા લખ્યું છે કે તેઓ ગમે તેટલા બુલેટપ્રૂફ કાચ કે સુરક્ષા ઘેરા પાછળ છુપાઈ જાય, પરંતુ તે બુલેટપ્રુફ સુરક્ષાને ભેદીને પણ તેમને ગોળી મારીને ખતમ કરી નાખશે. આ તાજેતરની ધમકી અમિતાભ બચ્ચનને ઈમેલ દ્વારા મળેલી ત્રણ બોમ્બ ધમકીઓના થોડા જ દિવસો બાદ સામે આવી છે. આ ઘટનાના આગલા દિવસે જ, એટલે કે ૧૫ નવેમ્બરના રોજ, દિલ્હી પોલીસની સ્પેશિયલ સેલે વિકાસ ઠાકુર ઉર્ફે વિક્કી અને દીપક સિંહ ઉર્ફે દીપ નામના બે કથિત શૂટરોની ધરપકડ કરી હતી. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે આ બંને શૂટરો મુંબઈમાં અમિતાભ બચ્ચનના નિવાસસ્થાન 'જલસા' પર હુમલાનું કાવતરું ઘડી રહ્યા હતા.

દરમિયાન, અમિતાભ બચ્ચનની એક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પરની પોસ્ટ પણ ખૂબ ચર્ચામાં રહી છે, જેમાં તેમણે માત્ર બે શબ્દો લખ્યા હતા - 'બચ ગયા'. આ રહસ્યમય પોસ્ટ બાદ ફેન્સ અને યૂઝર્સ તેની પાછળનો સંદર્ભ જાણવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેનો સંબંધ કથિત શૂટરોની ધરપકડ અને સુરક્ષા જોખમો સાથે જોડવામાં આવી રહ્યો છે.

છઠના પાવન અવસરે 'ધ વિવાન'ની સિક્વલની જાહેરાત

'ધ વિવાન'ની સફળતા બાદ એકતા કપૂર અને ટીવીએફે 'ધ વિવાન ૨'ની જાહેરાત કરી

'ધ વિવાન'ને મળેલી સફળતા બાદ એકતા કપૂરે છઠના પાવન અવસરે તેની સિક્વલ 'ધ વિવાન ૨'ની સત્તાવાર જાહેરાત કરી છે. આ ફિલ્મ દ્વારા પ્રથમ ભાગમાં રજૂ કરાયેલી લોકકથા આધારિત ફ્રેન્ચાઇસીની દુનિયાને આગળ વધારવામાં આવશે. ભારતીય પૌરાણિક કથાઓ, અલૌકિક રહસ્યો અને પ્રાચીન માન્યતાઓ પર આધારિત આ વાર્તામાં દર્શકોને ફરી એક વાર 'વિવાન'ના રહસ્યમય જંગલની સફર કરાવાશે.

બાલાજી મોશન પિક્ચર્સ અને ફ્લ્યૂના સહયોગથી બનેલી પ્રથમ ફિલ્મમાં દેવી, પ્રાચીન લોકકથાઓ અને રહસ્યમય શક્તિઓથી ભરેલી અનોખી દુનિયા રજૂ કરવામાં આવી હતી. હવે નિર્માતાઓ આ વાર્તાને વિસ્તારીને 'ધ વર્લ્ડ ઓફ વિવાન' નામનું વિશાળ ફ્રેન્ચાઇસી યુનિવર્સ ઊભું કરવા માગે છે, જેમાં નવાં પાત્રો અને વાર્તાઓને સ્થાન મળશે. સિક્વલની જાહેરાત સાથે રજૂ કરાયેલા ટીઝરમાં એક નાની છોકરી પતંગિયાનો પીછો કરતી જોવા મળે છે, જ્યારે તેની પાછળ રહસ્યમય શક્તિઓ પણ આગળ વધી રહી છે. દૃશ્યમાં છોકરીની આંખો લાલ થતાં પ્રથમ ભાગના ક્લાઇમેક્સની યાદ તાજી થાય છે. આ સંકેત બંને ફિલ્મો વચ્ચેની સંભવિત કડી તરફ ઇશારો કરે છે. પ્રથમ ફિલ્મને દર્શકો તરફથી મળેલા પ્રતિસાદ અને તેની પૌરાણિક કથાને વધુ ઊંડાણથી રજૂ કરવાની શક્યતાને ધ્યાનમાં રાખીને એકતા કપૂરે આ દુનિયામાં ફરી પ્રવેશવાનો નિર્ણય લીધો છે.



વિદ્યા બાલન-અક્ષયની 'મૌજા હી મૌજા' ફેબ્રુઆરી ૨૦૨૭માં રિલીઝ થશે

નિર્માતા દિલ રાજુની ફિલ્મમાં રાશિ ખન્ના પણ મહત્ત્વની ભૂમિકામાં જોવા મળશે

વિદ્યા બાલન અને અક્ષય કુમારની આગામી ફિલ્મ 'મૌજા હી મૌજા'ની રાહ જોઈ રહેલા દર્શકો માટે સારા સમાચાર છે. નિર્માતા દિલ રાજુએ કહ્યું છે કે આ કોમેડી-ડ્રામા ફિલ્મ ફેબ્રુઆરી ૨૦૨૭માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. અગાઉ ફિલ્મની રિલીઝ માટે ૪ ડિસેમ્બરની તારીખ નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ ૨૭ નવેમ્બરે રિલીઝ કરવાનું પણ વિચારાયું હતું, પરંતુ હવે તેની નવી તારીખ સામે આવી છે.

હૈદરાબાદમાં રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'ની સફળતાની ઉજવણી માટે યોજાયેલા કાર્યક્રમમાં દિલ રાજુએ આ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે તેમની પ્રોડક્શન કંપનીએ સલમાન ખાન સાથે પણ એક ફિલ્મ બનાવી છે, જે માર્ચમાં ઈદ નિમિત્તે રિલીઝ થશે. આ ફિલ્મનું નામ 'મોન્સ્ટર' છે. જ્યારે અક્ષય કુમાર સાથેની ફિલ્મ ફેબ્રુઆરીમાં દર્શકો સમક્ષ આવશે.

'મૌજા હી મૌજા'માં અક્ષય કુમાર ઉપરાંત વિદ્યા બાલન સાથે રાશિ ખન્ના પણ જોવા મળશે. ફિલ્મનું દિગ્દર્શન અનીસ બઝ્મીએ કર્યું છે. દિલ રાજુના પ્રોડક્શન હાઉસ શ્રી વેંકટેશ્વર ક્રિએશન્સ અને કેપ ઓફ ગુડ ફિલ્મ્સે મળીને તેનું નિર્માણ કર્યું છે. બીજી તરફ, 'મોન્સ્ટર'માં સલમાન ખાન સાથે નયનતારા અને મુઝમ્મિલ ઇબ્રાહિમ જોવા મળશે. વંશી પૈડિપલ્લીના દિગ્દર્શનમાં બની રહેલી આ ફિલ્મ પણ દિલ રાજુ સાથે જોડાયેલી છે. આમ, ૨૦૨૭ના શરૂઆતના મહિનાઓમાં દિલ રાજુની બે મોટી ફિલ્મો બોક્સ ઓફિસ પર આવશે.



મહેન્દ્રસિંહ ધોની હવે આઇપીએલ નહીં રમે

ચેન્નાઇ સુપર કિંગ્સના મેન્ટર તરીકે ફરજ બજાવશે, પાંચ વખત ટીમને ચેમ્પિયન બનાવનાર માહીએ અંતે મેદાનને અલવિદા કહી : રીટેશન પૂર્વે જાહેરાત

ભારતીય ક્રિકેટની દુનિયામાં સૌથી સફળ કેપ્ટન તરીકે જાણીતા બનેલા મહેન્દ્રસિંહ ધોનીએ આઇપીએલમાંથી પણ સંન્યાસ લેવાની જાહેરાત કરી છે અને તે ચેન્નાઇ સુપર કિંગ્સના મેન્ટર તરીકે હવે કાયમી રીતે ફરજ બજાવશે.

આગામી આઇપીએલ માટે રીટેશનની પ્રક્રિયા શરૂ થઇ રહી છે તે સમયે ચેન્નાઇ સુપર કિંગ્સના માલિક એન.શ્રીનિવાસને જાહેર કર્યુ કે પૂર્વ ભારતીય કેપ્ટન એ કાયમ માટે ચેન્નાઇ સુપર કિંગ્સ સાથે જોડાયેલા જ છે અને મેન્ટર તરીકે તેમના અનુભવનો લાભ ટીમને મળશે.

ધોનીએ આઇપીએલમાં પાંચ વખત ચેન્નાઇ સુપર કિંગ્સને ચેમ્પિયન બનાવી છે અને તેનો ચેન્નાઇ સાથેનો નાતો પણ અત્યંત મહત્વપૂર્ણ રહી ચુક્યો છે તે સાથે જ હવે તે આઇપીએલના મેદાનમાં બેટસમેન કે વિકેટકીપર તરીકે જોવા મળશે નહીં અને સચિન તેંડુલકરની માફક જ તે આઇપીએલમાં એક મેન્ટર તરીકે ફરજ બજાવશે.

ધોનીએ આઇપીએલમાં ૨૭૮ મેચ રમ્યા છે અને ૫,૪૩૯ રન બનાવ્યા છે. જેમાં ૨૪ અર્ધ સદી છે તથા ૧૫૫ કેચ અને ૪૬ સ્ટમ્પીગ કર્યા છે. તેને આઇપીએલમાં ૨૬૪ સિકસ અને ૩૭૫ ચોગ્ગા લગાવ્યા છે.બે વર્ષ માટે જયારે ચેન્નાઇ સુપર કિંગ્સ આઇપીએલમાંથી સસ્પેન્ડ થઇ હતી તે સમયે રાઇઝીગ પુને સુપર જાયન્ટ સાથે જોડાયેલા હતા પરંતુ ૨૦૧૦, ૨૦૧૧, ૨૦૧૮, ૨૦૨૧ અને ૨૦૨૩ એમ પાંચ વખત તેને ટીમને ચેમ્પિયન બનાવી છે અને કુલ ૧૦ વખત ચેન્નાઇ સુપર કિંગ્સ ફાઇનલમાં પહોંચી હતી પરંતુ હવે ટીમ સાથે અલગ જ ભૂમિકામાં જોવા મળશે.

થેન્કયુ થાલા : એમએસ ધોનીની આઈપીએલની સુવર્ણ સફર અને અવિસ્મરણીય રેકોર્ડ્સ

આઈપીએલમાંથી ધોનીની વિદાય બાદ પત્ની સાક્ષીની ભાવુક પ્રતિક્રિયા આવી સામે : માહીએ પણ ફેન્સનો આભાર માન્યો

ભારતીય ક્રિકેટનાં સૌથી સફળ કપ્તાન મહેન્દ્ર સિંહ ધોનીએ ૧૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આઈપીએલમાંથી ખેલાડી તરીકે નિવૃત્તિ જાહેર કરીને કરોડો ચાહકોને ભાવુક કરી દીધા છે. હવે તેઓ આગામી આઈપીએલ ૨૦૨૭થી ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) ના ડગઆઉટમાં 'મેન્ટર'ની નવી ભૂમિકામાં જોવા મળશે. ખેલાડી તરીકેનાં ૧૮ વર્ષનાં આ ઐતિહાસિક સફરમાં ધોનીએ મેદાન પર એવા અનેક કીર્તિમાન સ્થાપિત કર્યા છે, જેને તોડવા ભવિષ્યમાં કોઈપણ ખેલાડી માટે લગભગ અશક્ય રહેશે.

૧. સૌથી વધુ મેચો અને ફાઇનલ કપ્તાની :-

મહેન્દ્ર સિંહ ધોનીએ આઈપીએલના ઈતિહાસમાં કોઈપણ અન્ય ખેલાડી કરતા સૌથી વધુ ૨૩૫ મેચોમાં કપ્તાની સંભાળી છે, જે આ યાદીમાં બીજા સ્થાને રહેલા રોહિત શર્મા (૧૫૮ મેચ) કરતા આશરે ૭૭ મેચ વધારે છે. તેમની અદભુત રણનીતિ અને શાંત નેતૃત્વના બળે ચેન્નાઈ સુપર કિંગ્સની ટીમ ૧૦ વખત આઈપીએલની ફાઇનલ સુધી પહોંચી છે અને તેમાંથી ૫ વખત ટ્રોફી પોતાના નામે કરવામાં સફળ રહી છે. આટલી મોટી સંખ્યામાં ફાઈનલ મેચો રમવી અને જીતાડવી એ કોઈપણ કપ્તાન માટે એક અદ્ભુત સિદ્ધિ સમાન છે.

૨. આઈપીએલ જીતનાર સૌથી વરિષ્ઠ કપ્તાન :-

વર્ષ ૨૦૨૩માં રમાયેલી આઈપીએલ સિઝનની ફાઇનલ મેચમાં જ્યારે ધોનીએ ચેન્નાઈ સુપર કિંગ્સને પાંચમી વખત ચેમ્પિયન બનાવી ત્યારે તેમની ઉંમર ૪૧ વર્ષ અને ૩૨૬ દિવસની હતી, જેની સાથે તેઓ આ ટૂર્નામેન્ટની ઈતિહાસમાં ટ્રોફી જીતનારા સૌથી વરિષ્ઠ કપ્તાન બન્યાં હતાં. આટલું જ નહીં, ત્યારબાદના વર્ષોમાં પણ તેમણે મુશ્કેલ પરિસ્થિતિઓમાં ફિટનેસ સાબિત કરીને ૪૩ વર્ષની વયે પણ મેચ વિનિંગ ઈનિંગ્સ રમી છે અને સાબિત કરી દીધું કે ઉંમર માત્ર એક આંકડો છે.

૩. વિકેટકીપર તરીકે સૌથી વધુ રન :-

વિકેટકીપિંગની સાથેસાથે બેટિંગમાં પણ ધોનીએ ઈતિહાસ રચ્યો છે. તેમણે વિકેટકીપર તરીકે બેટિંગ કરતાં કુલ ૨૭૨ આઈપીએલ મેચોમાં શાનદાર પ્રદર્શન કરીને કુલ ૫,૩૨૧ રન બનાવ્યાં છે. આ આંકડો ટૂર્નામેન્ટના ઈતિહાસમાં કોઈપણ અન્ય વિકેટકીપર દ્વારા બનાવાયેલાં કુલ રનમાં સર્વોચ્ચ છે, જેમાં તેઓ અન્ય દિગ્ગજ વિકેટકીપર્સ જેમ કે દિનેશ કાર્તિક કરતા પણ ઘણા આગળ છે જે તેમની લાંબી કારકિર્દીની સાક્ષી પૂરે છે.

૪. ૨૦મી ઓવરના નિર્વિવાદ બાદશાહ :-

આઈપીએલની છેલ્લી અને સૌથી રોમાંચક એટલે કે ૨૦મી ઓવરમાં બેટિંગ કરવા માટે ધોનીનું નામ સૌથી ઉપર આવે છે. તેમણે આ ડેથ ઓવરમાં અત્યાર સુધી ૩૪૭ બોલનો સામનો કરીને ૨૪૩.૨ના અવિશ્વસનીય સ્ટ્રાઈક રેટ સાથે કુલ ૮૪૪ રન બનાવ્યાં છે અને આ એક જ ઓવરમાં કુલ ૭૨ ગગનચુંબી છગ્ગા ફટકારીને બોલરોના દિલમાં ડર પેદા કર્યો છે, જે રેકોર્ડની આસપાસ પણ કોઈ પહોંચી શકે તેમ નથી.

૫. છેલ્લી બે ઓવરોમાં સૌથી વધુ રન :-

ઈનિંગ્સની સૌથી નિર્ણાયક એવી ૧૯મી અને ૨૦મી ઓવરને જો મિલાવી દેવામાં આવે, તો ધોનીએ આ અંતિમ ઓવરોમાં કુલ ૭૩૯ બોલ રમીને સૌથી વધુ ૧,૫૯૮ રન બનાવ્યા છે. આ દરમિયાન તેમના બેટમાંથી ૧૧૭ શાનદાર છગ્ગા આવ્યા છે, જે દર્શાવે છે કે ઈનિંગ્સના અંતિમ ચરણમાં જ્યારે રન રેટ વધારવાની સખત જરૂર હોય ત્યારે ધોની પોતાની ટીમ માટે સૌથી મોટા મેચ વિનર સાબિત થયા છે.

૬. અજેય ફિનિશર અને ૧૦૦ નોટ-આઉટ :-

ધોનીને વિશ્વના સર્વશ્રેષ્ઠ ફિનિશર કેમ માનવામાં આવે છે તેનું જીવંત ઉદાહરણ તેમના આંકડા છે. તેમણે આઈપીએલ ઈતિહાસમાં ૩૧ સફળ રન ચેઝમાં અજેય રહીને પોતાની ટીમને જીત અપાવી છે. આ ઉપરાંત, મે ૨૦૨૫માં તેઓ આઈપીએલ ઈતિહાસમાં ૧૦૦ નોટ-આઉટ ઈનિંગ્સ રમનારા ટૂર્નામેન્ટના પ્રથમ બેટર બન્યાં હતા, જે તેમની પીચ પર ટકી રહેવાની અદ્ભુત ક્ષમતા દર્શાવે છે.

૭. વિનિંગ શોટ ફટકારનાર અગ્રણી બેટર :-

જ્યારે પણ ચેઝ કરતી વખતે મેચ જીતવાની છેલ્લી ક્ષણો આવે છે ત્યારે ધોનીએ હંમેશા મોરચો સંભાળ્યો છે. આઈપીએલના રન ચેઝમાં સૌથી વધુ ૧૮ વખત વિનિંગ રન ધોનીના બેટથી આવ્યા છે, અને ખાસ વાત એ છે કે તેમાંથી ૧૫ વખત વિનિંગ હિટ સીધી ૨૦મી ઓવરમાં જ આવી છે. આ મામલામાં રાહુલ તેવટિયા જેવા ખેલાડીઓ પણ તેમનાથી ઘણા પાછળ છે.

૮. ખેલાડી તરીકે સૌથી વધુ આઈપીએલ જીત :-

એક ખેલાડી તરીકે મેદાન પર ઉતરીને સૌથી વધુ મેચો જીતવાનો રેકોર્ડ પણ ધોનીના નામ પર બોલે છે. તેમણે પોતાના લાંબા કરિયરમાં કુલ ૧૫૬ આઈપીએલ મેચોમાં જીત મેળવી છે. આ ઉપરાંત, ટૂર્નામેન્ટમાં સૌથી વધુ ૧૧ ફાઈનલ મેચો રમવી અને ૨૮ પ્લેઓફ મુકાબલા રમવાનો અનોખો રેકોર્ડ પણ તેમણે પોતાના નામે કર્યો છે, જે કોઈપણ ફ્રેન્ચાઈઝી માટે અમૂલ્ય છે.

૯. સદી વિના સૌથી વધુ રન :-

આઈપીએલ ક્રિકેટના ઈતિહાસમાં ૫,૪૩૯ જેટલા વિશાળ રન બનાવવા છતાં ધોનીના નામે આ ટૂર્નામેન્ટમાં એક પણ સદી નોંધાયેલી નથી. તેઓ આઈપીએલ ઈતિહાસમાં સદી ફટકાર્યા વિના સૌથી વધુ રન બનાવનાર નંબર વન બેટર છે, જેનો સર્વોચ્ચ વ્યક્તિગત સ્કોર અણનમ ૮૪ રન છે જે તેમણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ફાસ્ટેસ્ટ રન બનાવતી વખતે નોંધાવ્યો હતો.



ભારતની દસમી સેફ ચેમ્પિયનશિપ જીત, પાકિસ્તાની ખેલાડીઓએ આપ્યું ગાર્ડ ઓફ ઓનર

રોમાંચક ફાઇનલ મેચમાં પાકિસ્તાનને ૨-૧થી હરાવ્યું ; સતત ત્રીજી વાર ચેમ્પિયન બનીને હેટ્રિક પૂરી કરી

ઢાકા , તા. ૧૮ : ઢાકાના પ્રખ્યાત નેશનલ સ્ટેડિયમ ખાતે રમાયેલી સેફ ચેમ્પિયનશિપ ૨૦૨૬ની અત્યંત રોમાંચક અને ઈતિહાસ રચનારી ફાઇનલ મેચમાં અંડર-૨૩ કોચ નૌશાદ મૂસાના માર્ગદર્શન હેઠળ મેદાન પર ઉતરેલી યુવા ભારતીય ફુટબોલ ટીમે શિસ્તબદ્ધ અને આક્રમક પ્રદર્શન જાળવી રાખીને પાકિસ્તાનને ૨-૧થી પરાજય આપીને રેકોર્ડ દસમી વખત આ ખિતાબ પોતાનાં નામે કરીને સમગ્ર દેશનું ગૌરવ વધાર્યું છે.

સામાન્ય રીતે ક્રિકેટનાં મેદાન પર ભારત-પાકિસ્તાન વચ્ચે જોવા મળતી કડવાશથી વિપરીત, ફુટબોલ મેચ પૂર્ણ થયા બાદ પાકિસ્તાની ખેલાડીઓ અને કોચે એક કતારમાં ઊભા રહીને વિજેતા ભારતીય ટીમને 'ગાર્ડ ઓફ ઓનર' આપીને ખેલદિલીની ભાવના વ્યક્ત કરી હતી. આની સાથે જ ભારતે લગાતાર ત્રીજી વાર ખિતાબ જીતીને પહેલી વાર હેટ્રિક પૂરી કરી છે.



પાકિસ્તાને પહેલા હાફના ઈન્જરી ટાઈમમાં (૪૫+૧ મિનિટ) આલમગીર ગાઝીના ગોલથી ૧-૦ની સરસાઈ મેળવી લીધી હતી. બીજા ભાગમાં ભારતે બે ગોલ કર્યા. મેચની ૫૯મી મિનિટમાં પાકિસ્તાનનો એક ખિલાડી બહાર થવાને કારણે તેમને ૧૦ ખિલાડીઓ સાથે રમવું પડ્યું, જેનો ફાયદો ભારતીય ટીમે ઉઠાવ્યો. ભારત તરફથી સુહેલ અહમદ ભટ્ટે ૬૦મી મિનિટે બરાબરીનો ગોલ ફટકાર્યો, જ્યારે સંદીપે ૮૮મી મિનિટે ગોલ કરીને ટીમની જીત સુનિશ્ચિત કરી.

ભારતે ટૂર્નામેન્ટમાં પોતાની તમામ મેચો જીતી હતી. ભારતીય કપ્તાન ચિંગલેનસાના સિંહે શાનદાર ટ્રોફી સ્વીકારી અને પછી જશ્ન મનાવવા સાથીઓ પાસે પહોંચી ગયા. જેવી તેમણે 'મેન ઈન બ્લુ' સાથે ટ્રોફી ઉઠાવી, આતિશબાજી શરૂ થઈ ગઈ. ખિતાબ જીતવા બદલ તેમને ૪૦,૦૦૦ ડોલરનો ચેક પણ મળ્યો.

સામાન્ય રીતે ક્રિકેટનાં મેદાન પર ભારત અને પાકિસ્તાન વચ્ચે તીખી સ્પર્ધા, આક્રમક માહોલ અને કડવાશ જોવા મળતી હોય છે, પરંતુ તેનાથી તદ્દન વિપરીત ફૂટબોલના મેદાન પર અનોખી ખેલદિલી જોવા મળી હતી જ્યાં મેચ પૂર્ણ થયા બાદ પાકિસ્તાની ખેલાડીઓ અને કોચે સ્વેચ્છાએ એક કતારમાં ઊભા રહીને વિજેતા બનેલી ભારતીય ટીમને 'ગાર્ડ ઓફ ઓનર' આપીને રમતગમતની દુનિયામાં પરસ્પર આદર અને ભાઈચારાનું એક સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે. પોડિયમ પર પોતાના મેડલ લેતી વખતે પાકિસ્તાની ટીમ ભારતીય ખિલાડીઓ પાસેથી પસાર થઈ અને તેમની સાથે હાથ મિલાવ્યા તથા હાઈ-ફાઈવ કર્યા. ભારતના સ્ટ્રાઈકર સુહેલ અહમદને ટૂર્નામેન્ટમાં ચાર ગોલ કરવા બદલ 'મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર' ચૂંટવામાં આવ્યાં. જ્યારે ભારતના અર્શ અનવર શેખને ટૂર્નામેન્ટના 'સર્વશ્રેષ્ઠ ગોલકીપર' જાહેર કરવામાં આવ્યા. ગ્રુપ બીમાં સૌથી નીચે રહેલી માલદીવની ટીમને શ્રેષ્ઠ ખેલદિલી માટે 'ફેર પ્લે' એવોર્ડ આપવામાં આવ્યો.

IPL ઓક્શન પહેલાં ૧૦ ટીમે ૮૧ ખેલાડીઓને રિલીઝ કર્યા

કોલકાતાએ ૧૨, ચેન્નઈ-દિલ્હીએ ૧૦-૧૦ ખેલાડીઓને રિલીઝ કર્યા; લખનઉ પાસે સૌથી વધુ ૪૭.૪૫ કરોડનું પર્સ બચ્યું

IPL ૨૦૨૭ના મિની ઓક્શન પહેલાં તમામ ૧૦ ટીમે પોતાના રિટેન અને રિલીઝ કરાયેલા ખેલાડીઓની યાદી જાહેર કરી દીધી છે. આ વખતે ટીમે કુલ ૮૧ ખેલાડીઓને રિલીઝ કર્યા છે.કોલકાતા નાઇટ રાઇડર્સ (KKR)એ સૌથી વધુ ૧૨ ખેલાડીઓને રિલીઝ કર્યા છે. ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને દિલ્હી કેપિટલ્સ (DC)એ ૧૦-૧૦ ખેલાડીઓને રિલીઝ કર્યા. રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને ગુજરાત ટાઇટન્સ (GT)એ સૌથી ઓછા ૫-૫ ખેલાડીઓને રિલીઝ કર્યા.૧૬ ડિસેમ્બરે ગોવામાં યોજાનારા મિની ઓક્શન પહેલાં લખનઉ સુપર જાયન્ટ્સ (LSG) પાસે સૌથી વધુ ૪૭.૪૫ કરોડ રૂપિયા બાકી છે. કોલકાતા નાઇટ રાઇડર્સ પાસે ૪૧.૬૫ કરોડ અને સનરાઇઝર્સ હૈદરાબાદ (SRH) પાસે ૪૦.૧૫ કરોડ રૂપિયા છે. ગુજરાત ટાઇટન્સ પાસે સૌથી ઓછા ૮.૭૫ કરોડ રૂપિયા બાકી છે.કોલકાતાએ મથીશા પથિરાના અને મુસ્તફિઝુર રહેમાનને રિલીઝ કરી દીધા છે. પથિરાનાને છેલ્લા ઓક્શનમાં ૧૮ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો, પરંતુ ઈજાને કારણે તે માત્ર એક જ મેચ રમી શક્યો હતો. મુસ્તફિઝુર ગયા સીઝનમાં એક પણ મેચ રમ્યો નહોતો. BCCIના નિર્દેશ બાદ KKRને તેને રિલીઝ કરવો પડ્યો હતો.જોકે, KKRએ કેમરૂન ગ્રીનને ટીમમાં જાળવી રાખ્યો છે. ગ્રીનને છેલ્લા ઓક્શનમાં ૨૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેણે IPL ૨૦૨૬માં ૧૪ ઇનિંગ્સમાં ૩૨૨ રન બનાવ્યા અને ૭ વિકેટ લીધી.સનરાઇઝર્સ હૈદરાબાદના ઓપનર ટ્રેવિસ હેડ IPL ૨૦૨૭માં નહીં રમે. વ્યસ્ત આંતરરાષ્ટ્રીય શેડ્યૂલને કારણે તેણે સીઝનમાંથી દૂર થવાનો નિર્ણય લીધો છે.તેના રિલીઝ થવાથી ટીમના પર્સમાં ૧૪ કરોડ રૂપિયાની જગ્યા ખાલી થઈ છે. હેડ અને અભિષેક શર્માની જોડીએ છેલ્લી સિઝનમાં ટીમને ઝડપી શરૂઆત અપાવી હતી. હવે SRHએ ઓપનિંગમાં નવો વિકલ્પ શોધવો પડશે.દિલ્હી કેપિટલ્સે મિચેલ સ્ટાર્ક, નીતિશ રાણા સહિત ૧૦ ખેલાડીઓને રિલીઝ કર્યા છે. સ્ટાર્કના બહાર થવાથી દિલ્હીના પર્સમાં ૧૧.૭૫ કરોડ રૂપિયા વધારાના ઉમેરાયા છે.નીતિશ રાણા અને શ્રીલંકાના પથુમ નિસાંકાની છેલ્લી સિઝન અપેક્ષા મુજબ રહી નહોતી. રાણાએ ૯ ઇનિંગ્સમાં ૨૨૫ રન, જ્યારે નિસાંકાએ ૧૦ ઇનિંગ્સમાં ૨૭૮ રન બનાવ્યા હતા. બેન ડકેટે ટેસ્ટ ક્રિકેટ પર ધ્યાન કેન્દ્રિત કરવાને કારણે IPL ૨૦૨૬માં રમ્યો નહોતોમુંબઈ ઈન્ડિયન્સે ટ્રેન્ટ બોલ્ટ અને દીપક ચહરને રિલીઝ કર્યા છે. બોલ્ટે IPL ૨૦૨૬માં ૫ મેચમાં માત્ર ૨ વિકેટ લીધી હતી. દીપક ચહરે ૮ મેચમાં ૮ વિકેટ ઝડપી.રાજસ્થાન રોયલ્સે શિમરોન હેટમાયરને રિલીઝ કરી દીધો છે. તેનાથી ટીમના પર્સમાં ૧૧ કરોડ રૂપિયા વધુ ઉમેરાયા. રાજસ્થાને તુષાર દેશપાંડે અને એડમ મિલ્નેને પણ રિલીઝ કર્યા છે.પંજાબ કિંગ્સે ઓસ્ટ્રેલિયન ઓલરાઉન્ડર માર્કસ સ્ટોઇનિસને ટીમમાં જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. સ્ટોઇનિસે IPL ૨૦૨૬માં ૧૩ મેચ રમી અને ૯ ઇનિંગ્સમાં ૨૧૬ રન બનાવ્યા. તેનો સ્ટ્રાઇક રેટ ૧૮૦ રહ્યો. બોલિંગમાં તેણે ૭.૫ ઓવર કરી અને ૨ વિકેટ લીધી.રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ જેકબ બેથેલ, રિચર્ડ ગ્લીસન, મંગેશ યાદવ, સાત્વિક દેસવાલ અને વિહાન મલ્હોત્રાને રિલીઝ કર્યા છે. બેથેલને રિલીઝ કરવાનો નિર્ણય આશ્ચર્યજનક માનવામાં આવી રહ્યો છે. તેની તાજેતરમાં ઘૂંટણની સર્જરી થઈ છે અને સ્વસ્થ થવામાં અનુમાન કરતાં વધુ સમય લાગી શકે છે.



ગિલે કહ્યું- ભારત પ્રથમ ટેસ્ટમાં ૪ ઝડપી બોલરોને મેદાનમાં ઉતારશે

ન્યૂઝીલેન્ડ પ્રવાસે ગયેલી ભારતીય ટીમ વેલિંગ્ટન ટેસ્ટમાં ૪ ઝડપી બોલરો સાથે મેદાનમાં ઉતરશે. કેપ્ટન શુભમન ગિલે મંગળવારે આ માહિતી આપી હતી.આ મુકાબલાથી જસપ્રીત બુમરાહ લગભગ એક વર્ષ બાદ ટેસ્ટ ક્રિકેટમાં કમબેક કરશે. બુમરાહે છેલ્લી ટેસ્ટ ૨૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ સાઉથ આફ્રિકા સામે ગુવાહાટીમાં રમી હતી.ગિલે જણાવ્યું કે ટીમ ૭ બેટર્સ સાથે મેદાનમાં ઉતરશે. નંબર ૮ અને ૯ પર અંશુલ કંબોજ અને આકાશ દીપ બેટિંગમાં યોગદાન આપી શકે છે. નીતિશ કુમાર રેડ્ડી પણ બેટિંગનો વિકલ્પ છે.ગિલે કહ્યું કે તમામ ઝડપી બોલરોએ વન-ડેમાં સારું પ્રદર્શન કર્યું છે. આવી સ્થિતિમાં પ્લેઇંગ-૧૧ માટે ચાર બોલરોની પસંદગી કરવી સરળ નહીં હોય. ટીમ હાલમાં ફાઇનલ કોમ્બિનેશન નક્કી કરી રહી છે.ગિલે પ્લેઇંગ-૧૧માં સ્પિનરોની સંખ્યાને લઈને કોઈ સ્પષ્ટ માહિતી આપી નથી. આવી સ્થિતિમાં રવીન્દ્ર જાડેજા અથવા વોશિંગ્ટન સુંદર જેવા સ્પિન બોલિંગ ઓલરાઉન્ડરને તક મળી શકે છે.જસપ્રીત બુમરાહના કમબેકથી ભારતીય ઝડપી બોલિંગ આક્રમણને મજબૂતી મળશે. ટીમ મેનેજમેન્ટે થોડા દિવસ પહેલાં સ્પિનર કુલદીપ યાદવને ટેસ્ટ સ્ક્વોડમાંથી રિલીઝ કરીને ઝડપી બોલર ગુરનૂર બરારને સામેલ કર્યો હતો. તેનાથી ટીમમાં ઝડપી બોલિંગના વિકલ્પો વધ્યા છે.જોકે, પ્લેઇંગ-૧૧માં ચાર ઝડપી બોલરો ઉપરાંત સ્પિનર તરીકે રવીન્દ્ર જાડેજા અથવા વોશિંગ્ટન સુંદરમાંથી કોને તક મળશે, તે અંગે કેપ્ટને કોઈ સ્પષ્ટ માહિતી આપી નથી.ગિલે વિકેટકીપર-બેટર રિષભ પંતના ફોર્મ અને ફિટનેસ અંગે ઉઠી રહેલા સવાલોને ફગાવી દીધા. તેણે કહ્યું કે પંત ટીમના અનુભવી ખેલાડીઓમાંના એક છે. તેણે દુનિયાના અલગ-અલગ ભાગોમાં રન બનાવ્યા છે અને ઓસ્ટ્રેલિયામાં પણ ટેસ્ટ સદી ફટકારી છે.ગિલે કહ્યું, 'રિષભ પંતને લઈને કોઈ દ્વિધા નથી. તેણે ૫૦ ટેસ્ટ રમી છે અને દુનિયાભરમાં રન બનાવ્યા છે. તે એવો વિકેટકીપર છે, જેણે ઓસ્ટ્રેલિયામાં પણ સદી ફટકારી છે.'



પિસ્તોલ સાથે ઝડપાયેલા ૧૯ વર્ષીય આરોપીના જામીન મંજૂર

એડવોકેટ એમ.એમ. કેશરીયા તથા બી.ડી. પરમારની દલીલોને પગલે સુરતની નામદાર કોર્ટનો હુકમ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૮

લસકાણા પોલીસ સ્ટેશન દ્વારા પિસ્તોલ સાથે પકડાયેલા આરોપી આશિષ રાકેશભાઈ વિશ્વકર્મા (ઉંમર વર્ષ ૧૯)ને સુરતની મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ (ત્રીજી) કોર્ટ દ્વારા તા. ૧૭-૧૧-૨૦૨૬ના રોજ જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આરોપી તરફે વિદ્વાન ધારાશાસ્ત્રી શ્રી એમ.એમ. કેશરીયા તથા બી.ડી. પરમાર દ્વારા નામદાર અદાલતમાં અસરકારક દલીલો રજૂ કરવામાં આવી હતી. જેમાં આરોપી વિદ્યાર્થી હોવા ઉપરાંત શ્રમજીવી વર્ગના પરિવારમાંથી આવતો હોવાનું, પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાનું તેમજ અગાઉ અન્ય કોઈ ગુનામાં સંડોવાયેલો ન હોવાનું રજૂ કરવામાં આવ્યું હતું. આરોપી તરફે કરવામાં આવેલી દલીલો તથા નામદાર સર્વોચ્ચ અદાલતના Sanjay Chandra Vs. CBI અને Satender Kumar Antil Vs. CBIના ચુકાદાઓના સિદ્ધાંતોને ધ્યાનમાં રાખીને નામદાર અદાલતે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૪૮૦ હેઠળ જામીન અરજી મંજૂર કરી હતી. નામદાર અદાલતે આરોપીને રૂ. ૨૫,૦૦૦/-ના જામીનદાર તથા તેટલી જ રકમના વ્યક્તિગત બોન્ડ ઉપર સાત શરતોને આધીન જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં એડવોકેટ શ્રી એમ.એમ. કેશરીયા તથા બી.ડી. પરમાર દ્વારા આરોપીની ઉંમર, અભ્યાસ, પારિવારિક અને આર્થિક પરિસ્થિતિ સહિતના પાસાઓની કોર્ટ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી, જેના પરિણામે આરોપીને જામીન મળ્યા હતા.



નવી સિવિલ ખાતે 'સેન્ટ્રલાઇઝ વોર્ડ મેનેજમેન્ટ સોફ્ટવેર'નો પ્રારંભ

સુરત, તા.૧૮

આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરીયા માર્ગદર્શન હેઠળ કોર્પોરેટ હોસ્પિટલમાં મળતી સુવિધાની જેમ જ નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓની સારવાર અને તેમની હાલની તબિયત અંગેની સચોટ માહિતી તેમના સ્વજનોને સેન્ટ્રલાઇઝ ડેસ્ક પરથી મળી રહે તે હેતુથી હોસ્પિટલ તંત્ર દ્વારા ડિજિટલ પહેલ-'સેન્ટ્રલાઇઝ વોર્ડ મેનેજમેન્ટ સોફ્ટવેર'ની સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

મેટ્રનશ્રી નિરજાબેન તેમજ સિસ્ટમ મેનેજરશ્રી મનિષ યાદવના સૂચનને ધ્યાને લઈ, તબીબી અધિક્ષકશ્રી ડૉ. પારુલ વડગામાના માર્ગદર્શન હેઠળ ઈ.આર.એમ.ઓ ડૉ.લક્ષ્મણ તહેલાની તેમજ કિડની બિલ્ડીંગ નોડલ ઓફિસર ડૉ.ભરત ચાવડાના સંકલન દ્વારા આજરોજ કિડની બિલ્ડીંગમાં કાર્યરત તમામ વોર્ડ અને આઈ.સી.યુ.માં 'સેન્ટ્રલાઇઝ વોર્ડ મેનેજમેન્ટ સોફ્ટવેર'ની સુવિધાનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. જેના ઉપયોગથી સ્વજનોને તેમના દર્દી કયા વોર્ડમાં દાખલ છે, તેમની શું સારવાર ચાલી રહી છે અને હાલની સ્થિતિ કેવી છે તેવી દરેક મહત્વની જાણકારી એક જ જગ્યાએથી ડિજિટલ માધ્યમ દ્વારા જાની શકાશે.

સાથે જ આ સોફ્ટવેરના અમલીકરણથી તમામ વોર્ડના નર્સિંગ સ્ટાફને મેન્યુઅલ રજીસ્ટર બનાવવાની કામગીરીમાં મોટી રાહત મળશે, જેના પરિણામે સ્ટાફ દર્દીઓની પ્રત્યક્ષ સારવાર અને સેવામાં વધુ સમય ફાળવી શકશે. અને ઉત્તમ પરિણામ આપી શકશે.

ઉલ્લેખનીય છે કે, આગામી ટૂંક સમયમાં હોસ્પિટલ કેમ્પસની અન્ય તમામ બિલ્ડીંગોના વોર્ડ, આઈ.સી.યુ. તેમજ હેલ્પડેસ્ક પર પણ આ અત્યાધુનિક સિસ્ટમ કાર્યરત કરી દેવામાં આવશે.

દર્શકોને ખડખડાટ હસાવવા આવી રહી છે ગુજરાતી ફિલ્મ '૨ફ એન્ડ ટફ કન્યા'

સુરત, તા.૧૮

:ગુજરાતી સિનેમાના ચાહકો માટે એક શાનદાર પારિવારિક એન્ટરટેઇનર આવી રહી છે. જાણીતા યુવા આઇકોન અનન્યા બિરલા પ્રોડ્યુસર તરીકે પોતાની નવી ઇનિંગ શરૂ કરી રહ્યા છે. તેઓ 'બિગ બોક્સ સિરીઝ'ના સહયોગથી ગુજરાતી કોમેડી ફિલ્મ '૨ફ એન્ડ ટફ કન્યા' લઈને આવી રહ્યા છે, જે દરેક પરિવારે સાથે બેસીને માણવા જેવી છે. આ ફિલ્મ આગામી ૨૦ નવેમ્બરે રૂપેરી પડદે ધૂમ મચાવશે.

આ ફિલ્મની વાર્તા દર્શકોને પેટ પકડીને હસાવશે. વાર્તામાં એક પિતાને જાણ થાય છે કે તેમની દીકરીને એક એવા યુવક સાથે પ્રેમ છે જેનો સ્વભાવ ખૂબ જ ગુસ્સાવાળો છે. દીકરીના ભવિષ્યને સુરક્ષિત કરવા પિતા શરત મૂકે છે કે તેઓ ૩૦ દિવસ દીકરીના સાસરે રહેશે. જો આ સમય દરમિયાન છોકરો કે તેનો પરિવાર સહેજ પણ ગુસ્સો કરશે, તો લગ્ન નહીં થાય. આ ૩૦ દિવસમાં પિતા જમાઈને ઉશ્કેરવા જે રમૂજી હરકતો કરે છે તે કોમેડીનું તોફાન લાવશે. અનન્યા બિરલા આ પ્રોજેક્ટ માટે એટલા ઉત્સાહિત હતા કે માત્ર એક જ મીટિંગમાં તેમણે નિર્માતા બનવાની હા પાડી દીધી હતી. સ્ક્રિપ્ટ સાંભળતા જ તેઓ ખડખડાટ હસી પડ્યા હતા અને શૂટિંગના સેટ પર પણ કલાકારોનો અભિનય જોઈને તેઓ હસી-હસીને લોટપોટ થઈ ગયા હતા. આ ધમાકેદાર કોમેડીમાં ગુજરાતી સ્ક્રીનના દિગ્ગજ હિતેન કુમાર સાથે રવિ ગોહિલ અને યુક્તિ રાંદેરિયા મુખ્ય રોલમાં જોવા મળશે.

નાનીવેડ પાસે વેસ્પા ડિવાઈડર સાથે અથડાતા યુવકનું મોત

પુરઝડપે મોપેડ હંકારતાં ગંભીર અકસ્માત સર્જાયો

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

સુરતના નાનીવેડ વિસ્તારમાં નાયરા પેટ્રોલ પંપ સામે વેસ્પા મોપેડ ડિવાઈડર સાથે અથડાતાં યુવકનું ગંભીર ઈજાઓને કારણે મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૃતકના પિતરાઈ ભાઈએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ, ડભોલી રોડ પર શિવમ પાર્ક સોસાયટીમાં રહેતા ૩૪ વર્ષીય અમિતભાઈ રાઘવભાઈ બગડીયા તા.૧૭ નવેમ્બરના રોજ મોડી રાત્રે વેસ્પા મોપેડ પર નાનીવેડ ખાતે નાસ્તો કરવા ગયા હતા. ત્યાંથી પરત ઘરે ફરતી વખતે નાનીવેડના નાયરા પેટ્રોલ પંપ સામે તેમણે મોપેડ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી હતી. દરમિયાન મોપેડ પરનો કાબૂ ગુમાવતાં મોપેડ ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માતમાં અમિતભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું મોત નીપજ્યું હતું.

ખેડૂતના બેંક ખાતામાંથી રૂા.૩.૩૧ લાખ આપમેળે ટ્રાન્સફર થઈ ગયા

મહુવાના બારતાડ ગામના ખેડૂતનું બેંક એકાઉન્ટ સાફ કરી દેવાયું

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

સુરત જિલ્લાના મહુવા તાલુકાના બારતાડ ગામે ઓનલાઈન છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા ઠગબાજે ખેડૂતના મોબાઈલ ફોન અને ટેક્નોલોજીનો ઉપયોગ કરી તેમના બેંક ખાતામાંથી રૂ.૩.૩૧ લાખથી વધુની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધી હતી.

મળતી માહિતી મુજબ, બારતાડ ગામના ગૌચર ફળિયામાં રહેતા ૬૨ વર્ષીય ખેડૂત સુરેશભાઈ બાબુભાઈ સુરજીભાઈ પટેલના બેંક ઓફ બરોડામાં ખાતું છે. તા.૧૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ સાંજે ૫.૧૫થી ૭.૪૩ વાગ્યાના સમયગાળા દરમિયાન કોઈ અજાણ્યા શખ્સે તેમના મોબાઈલ ફોન અને ટેક્નોલોજીનો ઉપયોગ કરી તેમની જાણ બહાર બેંક ખાતામાંથી કુલ રૂ.૩,૩૧,૫૨૨ ઓનલાઈન ટ્રાન્સફર કરી લીધા હતા.



(તસવીર : પ્રદીપ ગોહિલ)

શિયાળાની ઋતુની શરૂઆત થઈ ગઈ છે પણ જોરદાર ઠંડી પડતી નથી પરંતુ દર વર્ષે શિયાળામાં શરૂ થતી અડાજણ સરીતા સાગર સંકુલ પાસે પોંક નગરી શરૂ થઈ ગઈ છે. અને સુરતના પ્રખ્યાત પોંકના વેચાણ સાથે પોંક પાડવાનું શરૂ કરી દેવાયું હોવાનું તસ્વીરમાં જણાય છે.

લગ્નના બે માસમાં દહેજ માટે ૧૦ લાખ માંગી પરિણીતાને ત્રાસ

પતિ સહિત છ સાસરિયા સામે મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

લગ્નના બે મહિના બાદથી જ પરિણીતાને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનો કિસ્સો સામે આવ્યો છે. પતિ સહિત છ સાસરિયાંએ ભેગા મળી પરિણીતા સાથે ઝઘડા કરી મેણાંટોણાં મારવા ઉપરાંત મારઝૂડ કરાવી હતી. એટલું જ નહીં, પરિણીતાને તેના પિતા પાસેથી રૂ.૧૦ લાખ લઈ આવવા દબાણ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરમાંથી કાઢી મૂકી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, તરસાડી-કોસંબા ખાતે સાગરનગર સોસાયટીમાં રહેતી ૩૦ વર્ષીય ફાલ્ગુનીબેન ઉર્ફે સોનુ વસાવાએ પતિ નિમેષભાઈ વિજયભાઈ વસાવા સહિત છ સાસરિયાં સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, લગ્નના બે મહિના બાદથી તા.૨૧ ઓગસ્ટ ૨૦૨૬ સુધી આરોપીઓ દ્વારા તેમને અવારનવાર બોલાચાલી, ઝઘડા અને મેણાંટોણાં મારી હેરાન કરવામાં આવતાં હતાં. આરોપી નણંદો અને નણંદોઈઓ પતિને ચઢામણી કરી પરિણીતાને મારઝૂડ કરાવતા હતા. પતિને અન્ય સ્ત્રી સાથે આડા સંબંધ રાખવા માટે પણ સાસરિયાં સાથ-સહકાર આપતા હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત પિયરેથી રૂ.૧૦ લાખ લઈ આવવા દબાણ કરવામાં આવતું હતું. પરિણીતાએ નાણાં લાવવાનો ઇનકાર કરતાં તેને ગંદી ગાળો આપી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. અંતે જાનથી મારી નાખવાની ધમકી આપી ઘરમાંથી કાઢી મૂકવામાં આવી હતી.

તડકેશ્વરમાં ટ્રકની ટક્કરે બાઈક સવારનું મોત

નરોલી બસ સ્ટેન્ડ સામે ટ્રકચાલકે પૂરઝડપે હંકારી બાઈકને સામેથી ટક્કર મારી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

માંગરોળ તાલુકાના તડકેશ્વર ગામની સીમમાં નરોલી બસ સ્ટેન્ડ સામે કિમ-માંડવી મુખ્ય માર્ગ પર ટ્રકની ટક્કરે બાઈકસવારનું મોત નીપજ્યું હતું. પૂરઝડપે અને ગફલતભરી રીતે ટ્રક હંકારતા ચાલકે સામેથી બાઈકને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, તા.૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ બપોરે આશરે ૧૨.૪૫ વાગ્યે સુનિલભાઈ વસાવા હોન્ડા સાઈન મોટરસાઈકલ (નંબર GJ-19-BL-7716) લઈને પસાર થઈ રહ્યા હતા. દરમિયાન ટાટા કંપનીની ટ્રક (નંબર GJ-06-Z-7209)ના અજાણ્યા ચાલકે ટ્રક પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી સુનિલભાઈની બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં સુનિલભાઈને માથાના પાછળના ભાગે તેમજ ડાબા હાથ અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાઓ એટલી ગંભીર હતી કે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના ભાઈ કલ્પેશભાઈ ઉક્કડભાઈ વસાવા (રહે. વસરાવી ગામ, ડુંગરી ફળિયું, તા.માંગરોળ)એ તા.૧૭ નવેમ્બરના રોજ બપોરે ૨.૩૦ વાગ્યે તડકેશ્વર પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટ્રકચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

અમરોલી હત્યા કેસના આરોપીના જામીન મંજૂર

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

ફરિયાદીની ફરિયાદ એ રીતની છે કે, તા.૧૦/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના સવા દશેક વાગે મરણજનાર ઘરે હાજર હતા ત્યારે મરણજનાર સાથે છેલ્લા સાતેક વર્ષથી પતિ તરીકે રહેતા ભાવેશભાઈ પાંડવએ મરણજનાર સાથે જમવાનું બનાવવા બાબતે ઘરમાં ધુમાડો કેમ કરે છે તે બાબતે બોલાચાલી ઝઘડો કરી ઘરમાંથી કાતર લાવી ગળાની નીચેના ભાગે જમણી બાજૂ મારી દેતા અમરોલી પોલીસ સ્ટેશમાં આરોપી વિરૂધ્ધ મર્ડરનો ગુનો નોંધાતા આરોપી ભાવેશ પાંડવએ એડવોકેટ મેહુલ પિમ્પલીસકર અને એડવોકેટ ધર્મેશ સોલંકી મારફતે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી અન્વયે કોર્ટ આરોપીના એડવોકેટની દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી શરતોને આધિન મંજૂર કરી હતી.

ઓલપાડ તાલુકાના કીમ ખાતે આવેલી ગુડ શેફર્ડ ઇંગ્લીશ સ્કુલ ખાતે જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત રમતોત્સવ યોજાયો

સુરત, તા.૧૮

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણીના ભાગરૂપે સુરત જિલ્લામાં 'જનજાતીય ગૌરવ સપ્તાહ' હેઠળ સુરતના ઓલપાડ તાલુકાના કીમ ખાતે આવેલી ગુડ શેફર્ડ ઇંગ્લીશ સ્કુલ ખાતે 'પરંપરાગત ગ્રામીણ રમતોત્સવ' યોજાયો હતો. નવી પેઢીને આદિવાસી સમાજની પરંપરાગત રમતો અને સાંસ્કૃતિક વારસાથી પરિચિત કરવાના તેમજ તેઓને શારીરિક તંદુરસ્તી પ્રત્યે જાગૃત કરવાના મુખ્ય ઉદ્દેશ સાથે યોજાયેલા આ રમતોત્સવમાં ખેલાડીઓએ મોટી સંખ્યામાં ભાગ લઈ બાળપણના સંસ્મરણો તાજા કરાવ્યા હતા. આ રમતોત્સવમાં આદિવાસી સમાજની વિસરાતી જતી ગિલ્લી-દંડા, લખોટી, કબડ્ડી, લંગડી, ખો-ખો, રસ્સાખેંચ, લીંબુ-ચમચી દોડ, કોથળા દોડ, ત્રિપગી દોડ, ગેડી દડો, તીર કામઠા, ભમરડો, મટકા ફોડ, સાતોડિયું અને આટાપાટા જેવી દેશી રમતો રમાડવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમજ કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડીઓનું સન્માન કરીને તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ઓલપાડ તા.પં. સભ્ય દિવ્યેશભાઈ પટેલ, રાઠુમભાઈ પટેલ, હળપતિ સમાજ એકતા પરિષદ લાલભાઈ રાઠોડ, જી.પં. મોરચા મંત્રીશ્રી ભાવિનભાઈ રાઠોડ, જી.પં. મોરચા પ્રમુખશ્રી રાકેશભાઈ રાઠોડ, આદિજાતિ વિકાસ અધિકારીશ્રી રવીન્દ્ર સહિત મોટી સંખ્યામાં અગ્રણીઓ, સ્ટાફ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



એનવિડિયામાં પરત પહેલા પાનાનું ચાલુ

અરજી બાદ આવ્યું છે, જેના પર ૧ લાખ ૯૦ હજારથી વધુ હસ્તાક્ષર થઈ ચૂક્યાં છે. તેમાં સ્પેસએક્સ અને ટેસ્લાના CEO એલોન મસ્ક જેવા ટેક ઉદ્યોગના લોકોનાં નામ પણ સામેલ છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ હુઆંગની વાપસીનું સમર્થન કર્યું છે.સોશિયલ મીડિયા પોસ્ટમાં હુઆંગે કહ્યું, ''જો બોર્ડ ઑફ ડિરેક્ટર્સ નક્કી કરે છે કે મારી વાપસી શેરહોલ્ડરો, કર્મચારીઓ, કંપની અને અમેરિકાના હિતમાં છે, તો મને આ અપીલોનો જવાબ આપીને CEO તરીકે પરત ફરવામાં આનંદ થશે.''એનવિડિયાએ હુઆંગના નિવેદન પર ટિપ્પણીના અનુરોધનો તાત્કાલિક જવાબ આપ્યો નથી.મંગળવારે પ્રતિનિધિ સભાની મુખ્ય સમિતિઓના સભ્યોએ જણાવ્યું હતું કે, હુઆંગે સ્વૈચ્છિક રીતે લેખિત રેકોર્ડ ધરાવતા ઇન્ટરવ્યૂ માટે હાજર થવાની સંમતિ આપી છે. એનવિડિયાની અદ્યતન કમ્પ્યુટર ચિપ્સના વેચાણને લઈને કંપની પર રાષ્ટ્રીય સ્તરે તપાસ વધી રહી છે.હુઆંગ ૧ ડિસેમ્બરે સમિતિઓ સમક્ષ હાજર થશે. ત્યારબાદ કંપનીના જનરલ કાઉન્સેલ ટિમ ટેટર ૨ ડિસેમ્બરે ઇન્ટરવ્યૂ આપશે.ચીન અને ગુપ્તચર મામલાઓની દેખરેખ રાખતી ગૃહની ત્રણ સમિતિઓના અધ્યક્ષોએ નિવેદન જાહેર કર્યું. તેમણે કહ્યું, ''અમે જેન્સન હુઆંગ અને ટિમ ટેટર પાસેથી રાષ્ટ્રીય સુરક્ષાના સંભવિત ઉલ્લંઘનમાં તેમની ભૂમિકાઓ વિશે સાંભળવા માગીએ છીએ.''સાંસદોએ કહ્યું, ''અમેરિકન લોકોને હુઆંગ અને એનવિડિયાની તે ભૂમિકા અંગે જવાબ જોઈએ છે, જેના કારણે ખતરનાક ઇઝ એજન્ટોને અમારી સૌથી અદ્યતન ચિપ્સ સુધી પહોંચ મળી. આ મામલામાં સંભવિત ચીની ગુપ્તચર સંપત્તિની ભૂમિકા અંગે પણ જવાબ જોઈએ છે.''

સુરત પહેલા પાનાનું ચાલુ

કેટલાક સમય માટે મોટો અવરોધ ઊભો થયો હતો. આટલું ઓછું હોય તેમ, હવે એપલ જેવી મજબૂત સિક્યોરિટી અને સર્વિસ ધરાવતી કંપનીનું નેટવર્ક પણ ખોરવાઈ જતાં વૈશ્વિક સ્તરે સાયબર નિષ્ણાંતો અને ટેક પ્રેમીઓ ચિંતામાં મૂકાયા છે. ઘટનાના થોડા જ સમય બાદ કંપનીના ઈજનેરો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી હતી, જેના પરિણામે ધીમે-ધીમે તમામ સેવાઓ ફરીથી પાટરે ચડવા લાગી છે અને યુઝર્સ સામાન્ય રીતે પોતાના ફોનનો ઉપયોગ કરી શકયા હતા.

પલ્સ પોલિયો પેજ-૨ પાનાનું ચાલુ

ઉકેલ નહીં લાવવો એ આરોગ્ય તંત્રની કાર્યપદ્ધતિ સામે પણ સવાલો ઊભા કરે છે.સંગઠને સ્પષ્ટ કર્યું છે કે જો માંગણીઓનો સંતોષકારક ઉકેલ નહીં આવે તો તા.૨૨ નવેમ્બરથી શરૂ થનારા પલ્સ પોલિયો અભિયાનની કામગીરીમાં આશા વર્કર બહેનો ભાગ લેશે નહીં. હવે સવાલ એ છે કે આરોગ્ય વિભાગ સમયસર જાગશે કે પછી આશા વર્કર બહેનોને આંદોલનાત્મક માર્ગ અપનાવવાની ફરજ પડશે?જો તંત્ર દ્વારા સમયસર નિર્ણય લેવામાં નહીં આવે તો તેની સીધી અસર મહત્વપૂર્ણ પલ્સ પોલિયો અભિયાનની કામગીરી પર પડી શકે છે. હવે આરોગ્ય વિભાગની જવાબદારી છે કે આશા વર્કર બહેનોના પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવી અભિયાનને વિવાદથી દૂર રાખે.

હાઈકોર્ટના આદેશ પેજ-૨ પાનાનું ચાલુ

છતાં, અરજદારના જણાવ્યા મુજબ, નોટિસ પરત ખેંચવામાં આવી નહોતી કે તેના જવાબનો કોઈ યોગ્ય પ્રતિભાવ આપવામાં આવ્યો નહોતો.આખરે ગુજરાત હાઈકોર્ટે તા. ૦૨.૧૧.૨૦૨૬ના રોજ R/ Criminal Misc. Application No. 24267 of ૨૦૨૬માં પાદરા પોલીસ દ્વારા આપવામાં આવેલી નોટિસ રદ કરી હતી. અરજદારના જણાવ્યા મુજબ, હાઈકોર્ટના આદેશમાં પાદરા પોલીસને આવી નોટિસ આપવાની સત્તા ન હોવાનું સ્પષ્ટ થયું હતું.

સુરત મનપા પેજ-૨ પાનાનું ચાલુ

તેમજ ડી.જી.પી શ્રી ગુજરાત રાજ્યને ઈમેલ દ્વારા વારંવાર લેખિત રજુઆતો કરવામાં આવેલ છે.છતાં પણ આજદિન સુધી આ બનાવ અંગેની અમારી એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલ નથી.જેથી તારીખ ૩૦/૧૧/૨૦૨૬ સુધીમાં અમારી એફ.આઈ.આર.દાખલ કરવામાં નહિ આવશે તો,ડીસેમ્બર - ૨૦૨૬ ના માસમાં પોલીસ કમિશનર શ્રી - સુરત શહેરની કચેરી ખાતે અમારે ધરણાનો કાર્યક્રમ કરવાની ફરજ પડશે.

જનજાતીય ગૌરવ પેજ-૨ પાનાનું ચાલુ

આદિવાસી વિસ્તારોમાં તીરંદાજી તેમજ ગિલ્લી-દંડા, લખોટી, આમલા-પીપરી, કબડ્ડી, લંગડી, ખોખો અને ગોળ-માર્બલ જેવી દેશી રમતોની સ્પર્ધાઓ અને આયોજનો કરવામાં આવ્યું હોવાનું તેમણે કહ્યું હતું.

નવી પેઢીને આદિવાસી સમાજની પરંપરાગત રમતો અને સાંસ્કૃતિક વારસાથી પરિચિત થાય, શારીરિક તંદુરસ્તી પ્રત્યે જાગૃતિ કેળવવાનો તેમજ પરંપરાગત રમતોને નવી પેઢી સુધી જીવંત રાખવા માટે રમતોત્સવ યોજાો હતો. ભારતીય આદિવાસી સંસ્કૃતિ અને પરંપરાનો વારસો જાળવી રાખતી વિવિધ દેશી રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રસ્સાખેંચ, કબડ્ડી, ખો-ખો, લીંબુ-ચમચી દોડ, કોથળા દોડ, ત્રિપગી દોડ, લંગડી, લખોટી, મટકા ફોડ, ગિલ્લી-દંડા, સાતોડિયું, ગેડી-દડો, ભમરડો અને આટાપાટા જેવી પરંપરાગત રમતોમાં રમતવીરો તથા ઉપસ્થિત મહાનુભાવોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે રમતવીરોને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ અવસરે જિલ્લા પંચાયત ઉપપ્રમુખ ઉમેદભાઈ ચૌધરી, માંગરોળ તાલુકા પંચાયત પ્રમુખ સંગીતાબેન ગામીત, ઉમરપાડા તાલુકા પંચાયત પ્રમુખ સપનાબેન વસાવા, તરસાડી નગરપાલિકા પ્રમુખ રશ્મીબેન રાવલ, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા રમત ગમત અધિકારીશ્રી વિરલભાઈ, અગ્રણી દિપકભાઈ, કિરણબેન, અફઝલભાઈ, સંજયભાઈ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પાના નં.૮નું શરૂ આપઘાતની દુષ્પ્રેરણા

શુક્લાએ દલીલો કરી હતી.

દરમિયાન આરોપી પુનમે તેની સામેની આ ફરિયાદ તેમજ તેમાંથી ઉદ્ભવતી અન્ય તમામ પરિણામી કાર્યવાહી રદ કરવા માટે અરજી દાખલ કરવામાં આવી હતી. આરોપી પક્ષે રજૂઆત થઈ હતી કે પક્ષકારો વચ્ચે સૌહાર્દપૂર્ણ રીતે સમાધાન થઈ ગયું છે અને હવે તેઓ આ ફરિયાદને આગળ વધારવા માંગતા નથી.

મૂળ ફરિયાદી વતી સોગંદનામું રેકોર્ડ પર મૂકી રજૂઆત થઈ હતી કે પક્ષકારો વચ્ચે સૌહાર્દપૂર્ણ રીતે સમાધાન થઈ ગયું છે અને જો વર્તમાન અરજી મંજૂર કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી. હાઈકોર્ટે સોગંદનામામાં જણાવેલ હકીકતો તેમજ સંબંધિત પક્ષકારોના વકીલોની રજૂઆતોને ધ્યાને લીધી હતી. જેથી હાઈકોર્ટે અરજદારની અરજી મંજૂર કરી હતી અને આ એફ.આઈ.આર તેમજ તે એફ.આઈ.આરમાંથી ઉદ્ભવતી અન્ય તમામ પરિણામી કાર્યવાહી વર્તમાન અરજદારના સંદર્ભમાં રદ કરવામાં આવે છે.

ગ્રે કાપડના

એપ્રિલ ૨૦૨૫ દરમિયાન ટુકડે-ટુકડે ઓર્ડર આપીને ત્રણેય કંપનીઓ પાસેથી ગ્રે કાપડનો માલ મેળવ્યો હતો. આરોપીઓએ ઓર્ડર મુજબ માલ મેળવી લીધો હતો, પરંતુ તેની બાકી નીકળતી રૂ.૪૩.૫૪ લાખની રકમ ચૂકવી નહોતી. ફરિયાદી દ્વારા અવારનવાર ફોન કરીને બાકી નાણાંની ઉઘરાણી કરવામાં આવી હતી. તેમ છતાં આરોપીઓએ ન તો માલ પરત કર્યો કે ન તો માલની કિંમત ચૂકવી હતી. આ રીતે ત્રણેયે ભેગા મળી વેપારીક વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફ્રેન્ચાઈઝી

છેતરપિંડી કરવામાં આવી હોવાનો આક્ષેપ છે. આ ઉપરાંત અન્ય લોકો પાસેથી પણ રોકડ નાણાં મેળવી ફ્રેન્ચાઈઝી શરૂ ન કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ અંગે નિશીતભાઈએ તા.૧૭ નવેમ્બર ૨૦૨૬ના રોજ પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણેય આરોપીઓ સામે તપાસ હાથ ધરી છે.

ગિરવે મુકેલી

રૂ.૨.૭૫ લાખમાં ગિરવે રાખી હતી. ત્યારબાદ બીજી ચાવીથી કાર લઈ જઈ તેમાં રહેલા રૂ.૩૫ હજાર રોકડા અને જમીનના દસ્તાવેજોની નકલો સહિતની સામગ્રી પણ લઈ ગયા હતા. મળતી માહિતી મુજબ, ભરૂચ જિલ્લાના હાંસોટ ખાતે રહેતા ૩૩ વર્ષીય મોહમદ જૈન શેખે આ અંગે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપી સુનીલ મામુ (રહે. ભરૂચ), હર્ષદ નામનો શખ્સ જે અર્ટિગા કારના માલિક નવનીત જોધાણી બનીને આવ્યો હતો, સુનીલ લોહાર (રહે. સુરત) અને વિષ્ણુ (રહે. અંકલેશ્વર)એ ભેગા મળી કારની ગિરવે રાખવાની વ્યવસ્થા કરી હતી. અર્ટિગા કાર નંબર GJ-19-BE-6754 રૂ.૨.૭૫ લાખમાં ગિરવે મૂકવામાં આવી હતી. જોકે, તા.૪ નવેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે કુદસદ ગામના પવિત્ર ગ્રીન સ્ટ્રીટ ફાર્મ હાઉસના પાર્કિંગમાંથી આરોપીઓએ બીજી ચાવીનો ઉપયોગ કરી ફરિયાદીના કબજાની કાર લઈ લીધી હતી. કારમાં રાખેલા રૂ.૩૫ હજાર રોકડા, ખેતરની ૭/૧૨ની નકલ, કારની આરસી બુકની નકલ તેમજ નવનીત જોધાણીના આધારકાર્ડ અને ડ્રાઇવિંગ લાઇસન્સની નકલો પણ લઈ ગયા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 299-300/ Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સચીન-ભેસ્તાન વચ્ચે વંદે ભારત ટ્રેન પર પથ્થરમારો

વંદે ભારત પર ૧૦ દિવસમાં બીજીવાર પથ્થરમારો : પથ્થરમારાથી બારીના કાચ તૂટતા મુસાફરોમાં ગભરાટ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

દેશની પ્રીમિયમ અને હાઈસ્પીડ ગણાતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારાની ઘટનાઓ અટકવાનું નામ લઈ રહી નથી. ગાંધીનગરથી મુંબઈ સેન્ટ્રલ જતી વંદે ભારત એક્સપ્રેસ પર સુરતના સચિન અને ભેસ્તાન સ્ટેશન વચ્ચે ફરી પથ્થરમારાની ઘટના બની હતી. ટ્રેનના સી-૪ કોચની બારીનો બહારનો કાચ તૂટી જતાં મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, સદનસીબે આ ઘટનામાં કોઈ મુસાફરને ઈજા પહોંચી નહોતી. છેલ્લા ૧૦ દિવસમાં વંદે ભારત પર પથ્થરમારાની આ બીજી ઘટના છે, જ્યારે ચાર મહિનામાં સુરત નજીક આવી ત્રીજી ઘટના સામે આવી છે.

મળતી માહિતી મુજબ, ગાંધીનગરથી મુંબઈ સેન્ટ્રલ તરફ જતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન નંબર ૨૦૯૦૨ તા.૧૭ નવેમ્બરના રોજ સાંજે આશરે ૫.૨૩ વાગ્યે સુરતના સચિન અને ભેસ્તાન સ્ટેશન વચ્ચે પસાર થઈ રહી હતી. તે દરમિયાન અજાણ્યા અસામાજિક તત્ત્વોએ ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. પથ્થર સીધો સી-૪ કોચની બારી સાથે અથડાતાં જોરદાર અવાજ થયો હતો અને બારીનો બહારનો કાચ તૂટી ગયો હતો. જોકે, અંદરનો કાચ સલામત રહેતાં મુસાફરોને ઈજા થઈ નહોતી.

કોચમાં મુસાફરી કરી રહેલા જાગૃત મુસાફરે તાત્કાલિક રેલવે પોલીસ અને કંટ્રોલ રૂમને ઘટનાની જાણ કરી હતી. જેથી રેલવે સુરક્ષા તંત્ર હરકતમાં આવ્યું હતું. જાણ થતાં જ આરપીએફ અને ઉધના રેલવે પોલીસની ટીમે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. રેલવે ટ્રેકની આસપાસના વિસ્તારોમાં તપાસ અને શોધખોળ કરવામાં આવી હતી. જોકે, કોઈ શંકાસ્પદ વ્યક્તિ મળી આવ્યો નહોતો. આસપાસના સ્થાનિક લોકોની પૂછપરછમાં પણ કોઈ નક્કર માહિતી મળી નહોતી.

આ મામલે ઉધના રેલવે પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે, ૧૦ દિવસ પહેલાં એટલે કે ૮ નવેમ્બરના રોજ પણ અમરેલી વિસ્તારમાં વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની ઘટના બની હતી. સતત આવી ઘટનાઓ બનતાં ટ્રેનમાં મુસાફરી કરતા યાત્રીઓની સુરક્ષા અને રેલવેની મિલકતને નુકસાન પહોંચાડનારા તત્ત્વો સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત ઊભી થઈ છે. ખાસ કરીને સુરત નજીક ચાર મહિનામાં પથ્થરમારાની ત્રણ ઘટનાઓ સામે આવતાં રેલવે તંત્ર માટે આ ચિંતાનો વિષય બન્યો છે.



કિમ વિસ્તારમાં ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા સ્મારકમાં ભગવો ધ્વજ લગાડી દેવામાં આવતા આંબેડકરવાદી ભીમ સૈનિકોએ આજે સુરત જિલ્લા કલેક્ટર કચેરીએ મોરચો માંડી તાકીદ બાબા સાહેબની પ્રતિમા પાસેથી ભગવો ધ્વજ ઉતારીને તિરંગો ધ્વજ ફરકાવવાની માંગણી કરવામાં આવી હતી. (તસવીર : પ્રદીપ ગોહિલ)

મહાશક્તિ ટ્રાવેલ્સની બસમાંથી 3.૪૯ની મતા સાથેનું પર્સ ગુમ

બસમાં મહિલા મુસાફરનું પાકિટ કોઈકે તફડાવી લીધું

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

કામરેજના ખોલવડ ગામની સીમમાં અમદાવાદ તરફ જતા નેશનલ હાઈવે-૪૮ પર મહાશક્તિ ટ્રાવેલ્સની બસમાંથી રૂ.૩.૪૯ લાખની મત્તાની ચોરી થયાનો બનાવ સામે આવ્યો છે. અજાણ્યો તસ્કર બસના સોફા નંબર-૩માં મૂકેલું પર્સ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. પર્સમાં રોકડ રકમ ઉપરાંત સોનાના દાગીના હતા.

મળતી માહિતી મુજબ, હેમાબેન ઘાસીલાલ નાગદા (ઉં.વ.૩૮), હાલ મુંબઈના બાંદ્રા વિસ્તારમાં રહે છે. તા.૧૬ નવેમ્બરના રોજ બપોરે ૧૨થી રાત્રે ૯ વાગ્યાની વચ્ચે કોઈ સમયે મહાશક્તિ ટ્રાવેલ્સની બસ (નંબર AR-20-A-9111)માં મુસાફરી દરમિયાન તેમના પર્સની ચોરી થઈ હતી. બસના સોફા નંબર-૩માં મૂકેલા પર્સમાં રૂ.૨૫ હજાર રોકડા, ૩૨.૨૦૦ ગ્રામનું સોનાનું મંગળસૂત્ર, ૬.૧૫૦ ગ્રામની સોનાની બેબુટ્ટી, ૧૦.૬૫૦ ગ્રામની બે સોનાની વીટી અને ૦.૯૫૦ ગ્રામનો સોનાનો નાકનો કાંટો હતો. આ અંગે મહિલાએ કામરેજ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વિસ્તૃત તપાસ હાથ ધરી હતી.

બિલ્ડર તુષાર ઘેલાણી આપઘાત કેસ

આપઘાતની દુષ્પ્રેરણાની પૂનમ ભદોરિયા વિરૂદ્ધની ફરિયાદ રદ કરતી હાઈકોર્ટ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

સુરતના ઉદ્યોગપતિ તુષાર ઘેલાણી આત્મહત્યા દુષ્પ્રેરણા કેસમાં નવો વળાંક આવ્યો છે. આ આત્મહત્યા દુષ્પ્રેરણા કેસમાં આરોપી પૂનમ ભદોરીયાએ હાઈકોર્ટમાં એફઆઈઆર તેમજ તેમાંથી ઉદ્ભવતી કાર્યવાહી રદ કરવા માટે દાખલ કરેલી અરજી હાઈકોર્ટે મંજૂર કરી હતી. આ અરજીની સુનાવણી દરમિયાન બિલ્ડર તુષાર ઘેલાણીની ફરિયાદી દીકરીએ હાઈકોર્ટમાં રૂબરૂ હાજર રહી સોગંદનામુ દાખલ કર્યું હતું કે પક્ષકારો વચ્ચે સમાધાન થઈ ગયું છે અને તેઓ ફરિયાદને આગળ વધારવા માંગતા નથી. આ અરજી મંજૂર કરવામાં આવે તો તેમને કોઈ વાંધો નથી. હાઈકોર્ટે બંને પક્ષની દલીલો અને સોગંદનામુ ધ્યાને લીધું હતું.

આ કેસની વિગત એવી છે કે સીટી લાઈટ ખાતે સંગમ સોસાયટીમાં રહેતા બિલ્ડર તુષાર ઘેલાણીએ લમણે પિસ્તોલ મૂકી ફાયરિંગ કરી આત્મહત્યા કરી લીધી હતી. બિલ્ડર તુષાર ઘેલાણીએ પુત્રી તનવી ઘેલાણીના લગ્ન પ્રસંગ દરમિયાન જ આ પગલું ભરી લીધું હતું. દરમિયાન પુત્રી તનવીએ તુષાર ઘેલાણીની મિત્ર વેસુની પૂનમ ભદોરીયા સામે દુષ્પ્રેરણાની ઉમરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તેણીએ પિતાને આત્મહત્યા કરવા મજબૂર કર્યો હોવાનો આરોપ લગાવ્યો હતો. મહિલા આરોપી પૂનમ ભદોરીયાની ઉમરા પોલીસે ધરપકડ પણ કરી હતી. બાદ પૂનમ ભદોરીયાએ જામીન ઉપર મુક્ત થઈ હતી. જેના વકીલ વિનય

અનુસંધાન પાના ૭ પર

આરોપી પૂનમ ભદોરિયા સાથે સમાધાન થઈ જતા તુષાર ઘેલાણીની દિકરી તન્વી ઘેલાણીએ પોલીસ કેસનો પ્રોસેસ આગળ વધારવાની હાઈકોર્ટમાં ના પાડી

ગ્રે કાપડનો માલ ખરીદી રૂપિયા ૪૩.૫૪ લાખની છેતરપિંડી

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

સુરતના કાપડ બજારમાં ગ્રે કાપડનો માલ ખરીદવાના નામે રૂ.૪૩.૫૪ લાખની છેતરપિંડી અને વેપારીક વિશ્વાસઘાતનો કિસ્સો સામે આવ્યો છે. વીર ક્રિએશનના ભાગીદારો સહિત ત્રણ વ્યક્તિઓએ ત્રણ કંપનીઓ પાસેથી ઓર્ડર આપી ગ્રે કાપડનો માલ મેળવી લીધો હતો. જોકે, માલની બાકી નીકળતી રૂ.૪૩,૫૪,૭૪૦ની રકમ વારંવાર ઉઘરાણી કરવા છતાં ચૂકવી ન હતી. આ મામલે મહારાષ્ટ્રના મૂળ વતની અને હાલ સુરતમાં રહેતા વેપારી વિજય સોપાનરાવ આવટેએ ત્રણ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, પાલનપુર જકાતનાકા વિસ્તારમાં રહેતા ૫૨ વર્ષીય વિજય સોપાનરાવ આવટે ત્રણ કંપનીઓ સાથે સંકળાયેલા છે. વીર ક્રિએશનના ભાગીદારો સુનિલ દવાર રામ કુમાવત અને સુશીલ ધન્નારામ તેમજ પેઢીના વહીવટકર્તા ભુપેશ અગ્રવાલે તા.૧૫ માર્ચ ૨૦૨૫થી તા.૩૦

અનુસંધાન પાના ૭ પર



ફેન્ચાઈઝી આપવાના બહાને ચાર લોકો સાથે રૂા.૫૮.૦૮ લાખની છેતરપિંડી

શરૂઆતમાં નફો ચૂકવી વિશ્વાસ જીત્યો, બાદમાં બેંક ખાતું ફ્રીઝ થયાનું બહાનું બતાવી ઠગાઈ

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

સુરતમાં ફેન્ચાઈઝી આપવાના નામે રોકાણકારો સાથે રૂ.૫૮.૦૮ લાખની છેતરપિંડી થયાનો કિસ્સો સામે આવ્યો છે. આ મામલે ભરૂચના દંપતી સહિત ત્રણ વ્યક્તિઓ સામે ફરિયાદ નોંધાઈ છે. આરોપીઓએ આયોજનબદ્ધ રીતે ફેન્ચાઈઝી આપવાની લાલચ આપી અનેક લોકો પાસેથી નાણાં મેળવ્યા બાદ ફેન્ચાઈઝી શરૂ ન કરી હોવાનો આક્ષેપ છે.

પાલનપોરની ઓરચીડ વેન્ચ્યુરા ખાતે રહેતા ૨૦ વર્ષીય વેપારી નિશીતભાઈ બાબુભાઈ પટેલની ફરિયાદ મુજબ, ભરૂચના ભારતીનગર સોસાયટીમાં રહેતા સૌરભકુમાર હેમંતરાવ શેરે, તેમની પત્ની વૈભવી સૌરભકુમાર શેરે અને કંપનીનો કારભાર સંભાળતા જૈમીન ડોંગરેએ ભેગા મળી ફેન્ચાઈઝી આપવાના નામે નાણાં મેળવ્યા હતા. શરૂઆતમાં કરાર મુજબ થોડા સમય સુધી નફો ચૂકવી ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. જોકે, ત્યારબાદ બેંક ખાતું ફ્રીઝ થઈ ગયું હોવાનું બહાનું બતાવી નફો અને રોકાણ કરેલી રકમ પરત આપવાનું બંધ કરી દીધું હતું.

ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, દિલીપભાઈ બાબુભાઈ પટેલ પાસેથી રૂ.૧૫ લાખ, રાજેશભાઈ મણીભાઈ પટેલ પાસેથી રૂ.૭.૫૦ લાખ અને વીરલ ગીરીશભાઈ પટેલ પાસેથી રૂ.૭.૫૦ લાખ મેળવવામાં આવ્યા હતા. ફરિયાદી સહિત ચાર વ્યક્તિઓ પાસેથી કુલ રૂ.૫૮,૦૮,૫૪૦ પડાવી

અનુસંધાન પાના ૭ પર

ગિરવે મૂકેલી અર્ટિગા કાર ચુપચાપ ચાર લોકો ઉઠાવી ગયા

પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૮

ઓલપાડ તાલુકાના કુદસદ ગામે ગિરવે મૂકેલી અર્ટિગા કાર બીજી ચાવીનો ઉપયોગ કરી લઈ જવાની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. ચાર શખ્સોએ એકબીજાના મેળાપીપણામાં કાર

અનુસંધાન પાના ૭ પર